بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

**બફયઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ**



**અહલે સુન્નત વ જમાઅત એટલે મસ્લકે આ'લા હઝરત નું અજોડ મુખપત્ર**


# બરકાતે ખ્વાજા *(માસિક)*

**તા. ૦૧-એપ્રિલ-૨૦૧૩**

જમાદિઉલ અવ્વલ-જમાદિઉલ આખર

હિજરી સન : ૧૪૩૪

વર્ષ : ૧૦, અંક : ૦૪, સળંગ અંક : ૧૧૨

સ્થાપક અને પ્રકાશક

**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**



**પત્ર વ્યવહારનુ સરનામું**

બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૧૦૪૧૧, ૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

Web. :www.barkatekhwaja.net

Email : anjuman2006@hotmail.com


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૧૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૫૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૨૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧,૮૦૦/- |
| આજીવન | રૂા. | ૪,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |


માનદ તંત્રી

પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)


## ● અનુક્રમણિકા ●


| | | |
|---|---|---|
| ૦૧ | સરકારી સ્કૂલોમાં સૂર્ય નમસ્કારનું આયોજન શું સૂચવે છે ?! | ૦૨ |
| ૦૨ | **ઈસ્લામમાં માબાપ તથા સ્ત્રીઓનું સ્થાન અને વર્તમાન જગતની હાલત !** | ૦૩ |
| ૦૩ | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન | ૧૦ |
| ૦૪ | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | ૧૨ |
| ૦૫ | હ઼દાઈકે બખ્શિશ | ૧૪ |
| ૦૬ | નબી વલી માટે માનો તો શિર્ક ! દેવબંદી..... | ૧૭ |
| ૦૭ | હશ્ત બહિશ્ત (મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત) | ૨૦ |
| ૦૮ | અવલિયા અલ્લાહની કરામતો | ૨૨ |
| ૦૯ | ક઼ાનૂને શરીઅત | ૨૩ |
| ૧૦ | ગલતફહમીઓ તથા તેની સુધારણા | ૨૭ |
| ૧૧ | ઈસ્લામે જ જગતને બતાવ્યો માનવતાનો માર્ગ ! | ૩૦ |
| ૧૨ | અહલે સુન્નતના અક઼ીદા કુર્આનની રોશનીમાં | ૩૨ |
| ૧૩ | બહરુલ ઉલૂમ رحمۃ اللہ علیہ ની બારગાહમાં ખિરાજે અક઼ીદત | ૩૬ |
| ૧૪ | હાફિઝે મિલ્લત અને ચિંતન તથા અમલની સુધારણા | ૪૨ |
| ૧૫ | બરકાતે ખ્વાજાની ટપાલ | ૪૮ |


## અસીરોં કે મુશ્કિલ કુશા ગ઼ૌષે આ'ઝમ رضی اللہ عنہ

અસીરોં કે મુશ્કિલ કુશા ગ઼ૌષે આ'ઝમ
ફકીરોં કે હાજત રવા ગ઼ૌષે આ'ઝમ

ઘિરા હૈ બલાઓં મેં બંદા તુમ્હારા
મદદ કે લિયે આઓ યા ગ઼ૌષે આ'ઝમ

ખબર લો હમારી કે હમ હૈ તુમ્હારે
કરો હમ પે ફઝ્લો કરમ ગ઼ૌષે આ'ઝમ

ભંવર મેં ફંસા હૈ હમારા સફીના
બચા ગૌષે આ'ઝમ ! બચા ગ઼ૌષે આ'ઝમ !

મેરી મુશ્કિલોં કો ભી આસાન કીજીયે
કે હૈ આપ મુશ્કિલ કુશા ગ઼ૌષે આ'ઝમ

મેરી રોઝી મુઝ કો અતા કર દે આક઼ા
તેરે દર સે દુન્યા ને લી ગ઼ૌષે આ'ઝમ

સરોં પર જિસે લેતે હૈં તાજવાલે
તુમ્હારા ક઼દમ હૈ વો યા ગ઼ૌષે આ'ઝમ رضی اللہ عنہ

કાર્યાલય

# સરકારી સ્કૂલોમાં સૂર્ય નમસ્કારનું આયોજન શું સૂચવે છે ?!

શું ભારતમાં હવે મુસલમાનોને શિર્ક કરવા માટે મજબૂર કરવામાં આવી રહ્યા છે ? શું મુસલમાન બાળકોએ હવે શિક્ષણના માટે પોતાના ઈમાનની કુર્બાની આપવી પડશે ? શું સેક્યુલર (બિનસાંપ્રદાયિક) ભારતની અસલ છબી આ જ છે જે સૂર્ય નમસ્કારના સ્વરૂપમાં દેખાઈ રહી છે ? દિલ્હી, બિહાર તથા મધ્યપ્રદેશ સર્વ રાજ્યોની સરકારો એ વાત પર એકમત જણાય રહી છે કે સેક્યુલર દેશમાં સૂર્ય નમસ્કાર જેવા શિર્કિયા કામના થકી મુસ્લિમ બાળકોને શિર્કના માર્ગે પાડી દેવામાં આવે. જો કે મધ્ય પ્રદેશમાં તો ભાજપની સત્તા છે જેનો ઉઘાડો એજન્ડો હિંદુત્વ છે, પણ દિલ્હીમાં કોંગ્રેસ સત્તા પર છે અને બિહારમાં જનતાદળ (યુ)ના નિતીશકુમાર મુખ્ય પ્રધાન છે છતાં પણ સ્કૂલોમાં સૂર્ય નમસ્કાર માટે વિદ્યાર્થીઓને મજબૂર કરવામાં આવી રહ્યા છે.

સૂર્ય નમસ્કાર એટલે ઉગતા સૂર્યની પૂજા. બીજા શબ્દોમાં સૂર્ય દેવતાની ઈબાદત તથા બંદગી ! અન્ય ધર્મવાળા એ કરે તો કરે પણ મુસલમાનોને પણ પૂજા માટે મજબૂર કરવામાં આવે એ કોઈ પણ રીતે અસહય વાત છે. હાલમાં જ બિહારની સ્કૂલોમાં બાળકો પાસે સૂર્ય નમસ્કાર કરાવવામાં આવ્યો. એના પર જ્યારે મુસલમાનોએ વાંધો ઉઠાવ્યો તો કહી દેવામાં આવ્યું કે સ્કૂલોમાં સૂર્ય નમસ્કાર લાઝમી નથી જેથી મુસલમાન બાળકો ન કરવા ચાહે તો ન કરે. એનાથી પહેલાં મધ્ય પ્રદેશમાં તો વિદ્યાર્થી તથા વિદ્યાર્થીઓને એકત્ર કરીને સૂર્ય નમસ્કારની મુશ્રિકાના વિધિ પર અમલ કરાવવામાં આવ્યો. આ પ્રકારના પ્રોગ્રામોમાં ખૂદ ત્યાંના મુખ્ય પ્રધાન શીવરાજ ચૌહાણ તથા અન્ય કેટલાક પ્રધાનો પણ હાજર રહ્યા. ત્યાં મુસ્લિમોને વાંધો હતો તો ગવર્નમેન્ટ તરફથી સ્પષ્ટતા કરવામાં આવી કે સ્કૂલોમાં સૂર્ય નમસ્કાર ફરજીયાત નથી જેથી જે બાળકો ન કરવા ચાહે ન કરે. હવે એ કામ દિલ્હીના રામલીલા મેદાનમાં કોંગ્રેસ સરકારે કરાવ્યું. પ્રશ્ન એ છે કે એક બિનસાંપ્રદાયિક દેશમાં જ્યાં ક઼ાનૂન કોઈને ધર્મના મામલામાં મજબૂર નથી કરતો અને ગવર્નમેન્ટનો કોઈ ધર્મ નથી હોતો ત્યાં એક ધાર્મિક કામ ગવર્નમેન્ટ શા માટે કરે છે ? વળી સૂર્ય નમસ્કાર સાથે જે શ્લોકો બોલાવવામાં આવે છે તે પણ શિર્કમય છે અને ઈસ્લામના તૌહીદના અક઼ીદાની વિરૂદ્ધ છે.

સૂર્ય નમસ્કારના મામલામાં એક વાત એ જોવામાં આવી કે તેનું આયોજન ભાજપની સરકાર કરે કે કોંગ્રેસની પણ સંમેલનમાં મોટી સંખ્યામાં આર એસ એસના માણસો હોય છે. રાજધાની દિલ્હીના રામલીલા મેદાનમાં મસ્જિદની નજીક સૂર્ય નમસ્કારનો પ્રોગ્રામ શીલાદીક્ષિતની સેક્યુલર (બિનસાંપ્રદાયિક ગવર્નમેન્ટ)ની તરફથી કરવામાં આવ્યો અને મંત્ર બોલાવવાવાળા અને અરકાન (ક્રિયા) કરાવવાવાળા આર એસ એસના માણસો હતા. આ સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મ જયંતિના પ્રોગ્રામોના અનુસંધાનમાં કરવામાં આવ્યું. સ્વામી વિવેકાનંદની જન્મ જયંતિ ઉજવાય તેનો કોઈ વિરોધ નથી પણ સેક્યુલર દેશમાં સરકારી ધોરણે શિર્કમય પ્રોગ્રામ સ્કૂલના મુસ્લિમ બાળકો પાસે કરાવવામાં આવે એ કેટલા અંશે વ્યાજબી છે ?!

અહીં મુસ્લિમો માટે ચિંતનની વાત એ છે કે જે સંસ્થાઓના એજન્ડામાં હિંદુત્વ તથા તેની પાંખો વિહિપ વગેરે હિંદુસ્તાનને બિનસાંપ્રદાયિકમાંથી હિંદુ રાષ્ટ્ર બનાવવા ચાહે છે, અને એના એજન્ડા હેઠળ રિહર્સલ રૂપે આ અને આવા પ્રોગ્રામો અમલમાં મૂકાતા આપણે જોઈએ છીએ, છતાં જે લોકો પોતાના અંગત સ્વાર્થ ખાતર, મામૂલી હોદ્દા કે થોડાક માલ ખાતર પોતાના તથા મુસ્લિમોના ઈમાન અક઼ીદાની પરવા તથા ચિંતા કર્યા વિના તેવી સંસ્થા, તેવા પક્ષ કે તેવી વ્યક્તિઓની ખુશામદમાં પડેલા છે તેઓને શું આખેરતનો ડર નથી ?! દુનિયાને જ તેઓ સર્વ કાંઈ સમજી બેઠા છે ? જો એમના એજન્ડા મુજબ કામમાં તેઓ સફળ રહ્યા તો મુસ્લિમો પાસે શું શું નહીં કરાવે એ વિશે હાલના જ સંજોગો પરથી કાંઈ સમજાય છે ખરૂં ?! હજી પણ સમય છે, મુસ્લિમ વિરોધી સંગઠનો થકી મુસ્લિમોના અક઼ીદા વિરૂદ્ધ કામોની પ્રવૃત્તિઓમાં તેજી આવતી જોઈને પણ હવે તેઓ ચેતી જાય અને તૌબા કરીને મુસ્લિમોના ઈમાન તથા અક઼ીદાની રક્ષાના માટે શક્ય તે કોશિશમાં રહે. અને દેશની શાંતિ, એકતા તથા અખંડિતતાને જાળવવાની સાથોસાથ લિગલ રાહે લોકશાહી તથા બિનસાંપ્રદાયિકતા વિરૂદ્ધ થતાં કામોમાં પોતાનો શક્ય તે વિરોધ પોતાની ક્ષમતા પ્રમાણે દર્શાવે.

# ઈસ્લામમાં માબાપ તથા સ્ત્રીઓનું સ્થાન અને વર્તમાન જગતની હાલત !

તંત્રી લેખ

મુસલમાન સ્ત્રીઓને ઈસ્લામી કાનૂન પ્રમાણે તેણીની ઈજ્જતની રક્ષા તથા માહોલની પવિત્રતાની સલામતી માટે અદબભેર પર્દામાં રહેવાનું કહેવામાં આવે છે તો ગૈરોને તકલીફ થાય છે અને ઈસ્લામના વિરોધીબળો આક્ષેપ કરવા માંડે છે કે ઈસ્લામમાં સ્ત્રીઓને આઝાદી નથી, તેણીને ઘરમાં કેદી બનાવવામાં આવે છે, તેણીને ગુલામડી બનાવવામાં આવે છે....વગેરે વગેરે. જો કે એમની વ્યાખ્યામાં સ્ત્રી આઝાદી એટલે "સ્ત્રી નગ્નતાભર્યા પોશાક પહેરીને ફરે, પરપુરૂષોને બોયફ્રેન્ડ બનાવે અને રાત મધરાત કલબોમાં જાય અને સ્વચ્છંદી બનીને જીવે." તો આવી આઝાદીનાં પરિણામો તો આખો દેશ ભોગવી રહ્યો છે જેમ કે રોજ બળાત્કારના બનાવોના સમાચારો એમનાં જ વર્તમાન દૈનિક પત્રો પ્રસિદ્ધ કરતાં રહે છે. તો શું આ તેણીને આબાદ કરવું છે કે તેણીને બર્બાદ કરવું છે ?! આ આઝાદી છે કે તેણી પર જુલ્મ છે ?! એટલું જ નહીં વૃદ્ધ માતાઓ તથા વિધવાઓની એમનાં ત્યાં કેવી દયાજનક, દુઃખદ તથા શરમજનક સ્થિતિ છે એનો રિપોર્ટ પણ એમનાં જ વર્તમાનપત્રો અવાર નવાર આપે છે જેઓ ગલત રીતે ડંકા વગાડે છે કે ઈસ્લામે સ્ત્રીને હક્કો નથી આપ્યા. આવો ઈસ્લામે શું હક્કો સ્ત્રીઓને આપ્યા એની ચર્ચા પછી કરીશું પ્રથમ એક નજર એ વર્તમાનપત્રોના સમાચારો તથા વિધવાઓની દારૂણ હાલત તરફ કરી લઈએ.

### ★ ૬૬ વર્ષની વૃદ્ધાએ વૃદ્ધાશ્રમના ચોથા માળેથી પડતુ મૂક્યું ! ★

જ્યાં સુધી સગાં વૃદ્ધ માબાપની દેખરેખ તથા કાળજી લેવાની વાત છે તો કોઈપણ કૌમના સમાજમાં તેની અવગણના સામાન્યતઃ કરવામાં નથી આવતી અને વિશેષતઃ મુસલમાનોમાં તો ઈસ્લામી આદેશાનુસાર મોટાભાગે માબાપની ખાસ કાળજી લેવાતી હોય છે. જવલ્લે જ માબાપને વૃદ્ધાશ્રમનો આશરો લેવો પડે એવું બને. હા ! સ્ત્રી આઝાદી તથા માનવ અધિકારની બૂમો પાડતા પશ્ચિમી દેશોમાં માબાપની કદર નથી રહી ! અને એની ચાલે ચાલીને આપણા ત્યાં પણ પરિસ્થિતિ એવી સર્જાયી છે કે ઘણે ઠેકાણે વૃદ્ધાશ્રમો બની ગયાં છે. જે નિરાધાર હોય તેમની વાત અલગ પણ દીકરા દીકરીઓ હોવા છતાં માબાપે વૃદ્ધાશ્રમમાં આશરો લેવો પડે તો એમના પર શું ગુજરતી હશે ?! તો એવી જ એક વૃદ્ધાના આપઘાતનો વડોદરાનો કિસ્સો વર્તમાનપત્રમાં નીચે મુજબ પ્રસિદ્ધ થયો :–

"સ્વજનો વિના પીડાતી વૃદ્ધાએ વૃદ્ધાશ્રમના ચોથા માળેથી પડતુ મૂકી જીવન ટૂંકાવ્યું : સંસારમાં એકલી પડી ગયેલી વૃદ્ધ માતાને એની પુત્રી વૃદ્ધાશ્રમમાં મૂકી આવ્યા પછી માનસિક રીતે પડી ભાંગેલ માતાએ વૃદ્ધાશ્રમના ચોથા માળેથી ભુસ્કો મારી આત્મહત્યા કરી છે. પ્રાપ્ત વિગતો અનુસાર ૬૬ વર્ષના પુષ્પાબેન નામના વૃદ્ધાનો એક પુત્ર અમેરિકામાં અને મોટી પુત્રી લંડનમાં સ્થાયી થયાં છે અને એક નાની પરણીત પુત્રી તેના સાસરામાં રહે છે....." *(ગુજરાત સમાચાર, તા. ૧૯–૨–૨૦૧૩)*

સાથોસાથ અમદાવાદના વધુ એક આઘાતજનક સમાચાર પણ આ માર્ચના જ છે, જેની વિગત વર્તમાન પત્રમાં આ પ્રમાણે છે : "સ્નેહના દુકાળની વચ્ચે વૃદ્ધાશ્રમોની સંખ્યા વધી રહી છે. જિંદગીનાં ૧૭ વરસ

વૃદ્ધાશ્રમમાં વિતાવનાર ૭૮ વર્ષનાં કમનસીબ મહિલાની જીવનકહાની સામાજિક ઉષ્માઓના ખાલીપાની કહાની કહી જાય છે. ૨૮ વર્ષ અગાઉ પતિ મૃત્યુ પામ્યા. વિધવાએ એક પુત્ર અને ત્રણ પુત્રીઓ ઉછેરીને સામાજિક ફરજો પૂર્ણ કરી હતી. પણ ૧૭ વરસ અગાઉ વિધવા માતાએ વૃદ્ધાશ્રમ જોવાનો વારો આવ્યો. પુત્રીઓ નિયમિત ખબર લેતી હતી પણ એકના એક પુત્રને માતા અકસ્માતે પડી જતાં થાપાનુ હાડકુ ભાગી જવા છતાં માતાની સંભાળ લેવાની લાગણી પણ ન થઈ. સરકારી અધિકારી તરીકે કામગીરી કરતા પુત્રએ નાણા આપવા પણ આનાકાની કરી તો સામાન્ય સ્થિતિની ત્રણ પુત્રીઓ તથા એક સેવાભાવી સદ્‌ગૃહસ્થના સહકારથી ઓપરેશન કર્યું. ઓપરેશન બાદ પુત્રના ઘરે માતાને થોડા દિવસ સાર સંભાળ માટે મૂકવાની વાત આવી તો તેની પણ પુત્રએ ના પાડી દીધી ! છેવટે એ જ આઘાતમાં માતાએ જીવ છોડયો તો છેવટે પુત્રએ અંતિમવિધિ માટે બે કલાક આપ્યા !" *(ગુજરાત સમાચાર, તા. ૧૧-૩-૨૦૧૩)*

અફસોસ છે આવા કપૂતો પર કે જે જનેતાએ જીવથી વધારે જતન કરીને પુત્રને મોટો કર્યો, ભણાવ્યો કમાતો ધમાતો કર્યો, તે માતાની થોડા દિવસ પણ સંભાળ રાખવા તૈયાર નથી !

### ★ વૃંદાવનની વિધવાઓની શરમજનક દુઃખદ હાલત ★

હજી પણ જો વૃદ્ધાશ્રમોનો સર્વે કરવામાં આવે તો ઔલાદ હોવા છતાં કેટલાંય માબાપ વ્યથિત મને મજબૂરન વૃદ્ધાશ્રમમાં જીવનના અંતિમ દિવસો કાપતાં જોવા મળશે. આ તો ગુજરાતની વાત હતી, આવો હવે ઉત્તર પ્રદેશના વૃંદાવનમાં વિધવાઓ કેવી ભયાનક દારૂણ સ્થિતિમાં જીવે મરે છે તેનો રિપોર્ટ પણ જોઈ લો :-

"વૃંદાવન અને તેની આસપાસમાં રહેતી વિધવાઓ દારૂણ પરિસ્થિતિમાં જીવે છે પરંતુ મૃત્યુ પછી તો તેમની અંતિમવિધિ ખૂબ શરમજનક રીતે થાય છે. અખબારી અહેવાલોના આધારે થયેલી તપાસમાં બહાર આવ્યું છે કે કોઈ આશ્રમ અંતિમવિધિની જવાબદારી સ્વીકારતુ નથી એટલે આશ્રમની બાકીની મહિલાઓ સફાઈ કામદારને પૈસા આપીને બોલાવે છે જે રાત્રે આવી મૃતદેહના ટુકડા કરીને તેને એક કોથળામાં ભરીને નિકાલ કરી દે છે. "હિંદુ" અખબારમાં પ્રગટ થયેલી આ સ્ટોરી કાળજુ કંપાવી દે એવી છે.

ઉત્તર પ્રદેશના મથુરા જિલ્લામાં આવેલા વૃંદાવન અને તેની આસપાસના વિસ્તારોમાં રહેતી વિધવાઓની હાલત અંગે ડિસ્ટ્રીક્ટ લીગલ સર્વિસ ઓથોરિટીએ કરેલા સર્વેમાં ઉપરોક્ત ચોંકાવનારી માહિતી મળી હતી. વિધવાઓની દશા અંગે અગાઉ છપાયેલા અહેવાલોના આધારે ઉત્તરપ્રદેશના ન્યાયમૂર્તિ અલ્તમેશ કબીરે નેશનલ લીગલ સર્વિસ ઓથોરીટીએ રાજ્યની લીગલ સર્વિસ ઓથોરીટીને સર્વે કરવાનો આદેશ આપ્યો હતો.

સ્ટેટ લીગલ સર્વિસને એવો પણ આદેશ આપવામાં આવ્યો હતો કે કેવા કારણોસર **આ મહિલાઓને તરછોડી દેવાઈ છે** તેની પણ તપાસ કરી **તેમના કુટુંબીજનો અને સંતાનો સામે પગલાં લો.** કેમ કે મેન્ટેનન્સ એન્ડ વેલ્ફેર ઓફ પેરેન્ટસ એન્ડ સીનીયર સીટીઝન એક્ટ ૨૦૦૭ની કલમ ૨૪ હેઠળ **કુટુંબીઓ પર પગલાં લઈ શકાય છે.** આવી મહિલાઓની મિલકતો અને મિલકતના હક્કનું રક્ષણ કરવા પણ સત્તાવાળાઓએ પ્રયાસ કરવા જોઈએ એમ પણ લીગલ સર્વિસના રીપોર્ટમાં જણાવાયું છે.

આખો અહેવાલ મથુરાના ડિસ્ટ્રીક્ટ જજ સાથે રહીને વિધવાઓ સાથે કરાયેલી વાતચીત બાદ તૈયાર કરાયો છે. અહેવાલમાં દર્શાવાયું છે કે વૃંદાવન અને તેની આસપાસના વિસ્તારોમાં ૩,૧૫૧ જેટલી વિધવાઓ રહે છે. મોટાભાગની મહિલાઓ પશ્ચિમ બંગાળની છે અને વિધવા તરીકે નર્કસમાન જિંદગી તરફ તેમનું કુટુંબ તેમને ધકેલી દે છે.

કેટલાક કેસોમાં તો **યુવાન વયે વિધવા થતી મહિલાઓને ફરી લગ્ન કરવા દેવામાં નથી આવતાં અને તેનું કુટુંબ તેને તરછોડી દે છે.** કેમ કે આવક નહીં લાવતી હોવાથી મોટી ઉંમરે તેની જવાબદારી સ્વીકારવા કોઈ તૈયાર નથી હોતું......" *(ગુજરાત સમાચાર, તા. ૧૨-૧-૨૦૧૨)*

**ક્યાં છે સ્ત્રી આઝાદીની બૂમો પાડનારા અને માનવઅધિકારના ઝંડાધારીઓ ?!** આ તો અમુક નમૂના છે, આવું દેશભરમાં કેટલા ઠેકાણે થતું હશે, તો **ત્યાં તેમને સ્ત્રીઓ પ્રત્યે લાગણી કેમ નથી ઉભરાતી અને એના સામે પ્રચારની ચળવળ કેમ નથી ચલાવવામાં આવતી ?** પ્રાણીઓ માટે **જીવદયાની બૂમો પાડનારાઓને આ વિધવાઓમાં જીવ હોવાનુ નથી જણાતું ?** આવો ! હવે ઈસ્લામ માબાપની કાળજી સંબંધે તથા વિધવાઓના સંબંધે શું આદેશો આપે છે અને શું તાકીદ કરે છે તેનો અભ્યાસ કરીએ જેનાથી માબાપની તથા વિધવાઓની ઈજ્જત, તા'ઝીમ તથા કાળજી લેવાની ભાવના દિલોમાં જાગી ઉઠે.

## ★ માબાપની કાળજી સંબંધે કુર્આની આદેશ ★

રબ તઆલા ફર્માવે છે : "અને તમારા રબે હુકમ ફર્માવ્યો કે તેના સિવાય કોઈની બંદગી ન કરો, અને **માબાપની સાથે સારો વર્તાવ કરો.** જો તમારી સામે એમનામાંથી એક અથવા **બંનેવ વૃદ્ધાવસ્થામાં પહોંચી જાય તો તેમને "ઉફ" ન કહેશો** અને **તેમને ધમકાવશો નહીં** અને **તેમની સાથે ઈજ્જતભેર વાત કરશો. અને તેમના માટે આજીજીનો હાથ બિછાવ નરમ દિલથી,** અને અર્ઝ કર કે, હે મારા રબ ! તું આ બંને પર રહમ કર જેવી રીતે કે આ બંનેવે મને બચપણમાં પાળ્યો." *(સૂરએ અસ્રાઅ, આયત : ૩૩, પારા : ૧૫, કન્ઝુલ ઈમાન)*

આવો હુકમ કુર્આનમાં અનેક ઠેકાણે છે, જેમ કે એક ઠેકાણે રબ તઆલાનો આદેશ થયો, "તમે ફર્માવો, જે કાંઈ માલ ભલાઈમાં ખર્ચ કરો તો માબાપ તથા નજીકના સગાં તથા અનાથો તથા મોહતાજો તથા વટેમાર્ગુઓના માટે છે. અને જે ભલાઈ કરો, બેશક ! અલ્લાહ એને જાણે છે." *(સૂરએ બક્રહ, પારા-૨, આયત : ૨૧૫)*

એક ઠેકાણે અલ્લાહનું ફર્માન છે : "અને અમે માણસને હુકમ કર્યો કે પોતાનાં **મા બાપની સાથે ભલાઈ કરે,** તેની માએ તેને પેટમાં રાખ્યો તકલીફથી, તેને જણ્યો તકલીફથી." *(સૂ. અહક઼ાફ, પા-૨૬, આ-૧૫)*

## ★ ખુદાને રાજી કરવો છે તો માબાપને રાજી રાખો ! ★

જો ખુદા નારાજ થશે તો બંદાને બંને જહાનમાં બર્બાદી તથા તબાહી સિવાય કાંઈ જ હાથ આવશે નહીં અને ખુદાને રાજી કરવાના ઈલાજ માટે આવો, અલ્લાહના પ્યારા રસૂલ ﷺ શું ફર્માવે છે તે જુઓ :

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ઈર્શાદ ફર્માવ્યો, "**અલ્લાહની રઝામંદી માબાપની રઝામંદીમાં** છે અને **અલ્લાહની નારાઝગી માબાપની નારાઝગીમાં** છે." *(તિર્મિઝી, ૨/૧૨)*

કેટલાક લોકો એવા દુનિયામાં જોવા મળશે કે જગતભરમાં લોકપ્રિય તથા વહાલા બને છે, દુનિયાવાળાઓ સાથે ખૂબ સારો વહેવાર કરે છે પણ ઘરે મા બાપ સાથે વાત કરવાની કે તેમની ખબર પૂછવાની કે તેમની રઝામંદીની પરવા નથી કરતા તેઓ સબક લે.

તેમજ હદીષે પાકમાં છે : હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત થયેલ છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું : "**માબાપની ઈતાઅત (આજ્ઞાપાલન) અલ્લાહ عزوجل ની ઈતાઅત** છે અને **બાપની નાફર્માની**

**ખુદા તઆલાની નાફર્માની છે."** *(તિબ્રાની)*

એક હદીષમાં છે, હઝરત અબૂ અમામા રઝિ. વર્ણવે છે કે એક શખ્સે રસૂલુલ્લાહ ﷺની બારગાહમાં હાજર થઈને અર્ઝ કર્યું, યા રસૂલલ્લાહ ! ﷺ માબાપનો ઔલાદ પર શું હક્ક છે ? આદેશ આપ્યો, **આ બંનેવ તારી જન્નત તથા દોઝખ** છે. *(મિશ્કાત શરીફ, પેજ–૪૨૧)*

**★ માબાપને રંજાડનારાઓ ખબરદાર ! સાવધાન ! ★**

હાલમાં વર્તમાન પત્રોમાં વાંચવા મળે છે કે ક્યાંક પુત્રએ મિલ્કતના માટે **પિતાને કુહાડીના ફટકા મારીને કે દાદર પરથી ગબડાવી દઈને પતાવી દીધો** ! તો ક્યાંક પુત્રએ પિતા શાદી ન કરાવતો હોવાથી કે રિસાઈને પિયર બેઠેલી પત્નીને બોલાવવા ન દેતો હોવાથી **લાકડીના સપાટા મારી પતાવી દીધો** ! આવા બનાવો વાંચવા સાંભળવા મળે છે, જ્યારે કે અલ્લાહ ! રબ્બુલ ઈઝ્ઝતનું ફર્માન તો છે કે ખબરદાર ! મા બાપને "ઉફ !" કે "હું હ્ !" પણ ન કહો, નહીં તો તેમની નારાઝગીમાં તમારી બંને દુનિયામાં તબાહી નિશ્ચિત છે. વળી આજે પોતે સુખેથી પુત્રો જીવે છે, ક્યાંક પરદેશમાં મોજ મજાથી જીવે છે અને અહીં માબાપ દરદરની ઠોકરો ખાય છે અથવા દરેક કામમાં લોકોનાં મોહતાજ બની જીવી રહ્યાં છે અથવા વૃધ્ધાશ્રમોમાં કૂંચવાતા મને, કપાતા જિગરે દિવસો વિતાવી રહ્યાં છે ! તેવા લોકો વિચારે કે ક્યાંક અંતિમ દિવસોમાં તેમના પણ આ હાલ ન થાય ! કેમ કે હદીષે પાકમાં એવાઓ માટે જ વૉર્નિંગ આવેલી છે, સાંભળો !

એક હદીષમાં છે કે, "તે શખ્સે પોતાના બાપની સાથે સારો વર્તાવ નથી કયો જેણે પોતાના બાપને તીવ્ર દષ્ટિએ (કડક નજરે આંખો કાઢીને) જોયો. નજરોથી નારાઝગી દર્શાવી. *(તફસીરે દુર્રે મન્થૂર, ૧૭૧/૪)* જ્યારે કડક નજરે જોવાની મનાઈ છે તો ગાળાગાળી તથા ફટકા મારનારના શા હાલ થશે ?!

એક હદીષમાં છે : મા બાપની નાફર્માનીથી બચો ! એટલા માટે કે જન્નતની ખુશ્બુ હજાર વરસના અંતર સુધી આવે છે અને **માબાપનો નાફર્માન તેની ખુશ્બુ પણ સુંઘી શકશે નહીં.** *(અહ્યાઉલ ઉલૂમ)*

તથા એક હદીષમાં છે : હઝરત અબૂ હુરૈરહ રઝિ. રિવાયત કરે છે કે એકવાર રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, **તેનું નાક ધૂળમાં મળે, તેનુ નાક ધૂળમાં મળે, તેનું નાક ધૂળમાં મળે** ! અર્ઝ કરવામાં આવી, કોનુ યા રસૂલલ્લાહ ! ﷺ ફર્માવ્યું, **એનું જેણે વૃધ્ધ મા બાપ અથવા એ બેમાંથી કોઈ એકને પામ્યાં છતાં જન્નતી ન થયો.** એટલે કે તેમની સેવા ચાકરી ન કરી અને ન કોઈ અન્ય રીતે તેમને રાજી રાખ્યાં જેના કારણે તે જન્નતનો હક્કદાર ન બન્યો. *(મુસ્લિમ શરીફ, ૨/૩૧૪, મિશ્કાત શરીફ–૪૧૮)*

મુસલમાનો ! વિચારો ! આ બર્બાદીની દુઆ તે માગી રહ્યા છે જેમને અલ્લાહ તઆલાએ રહમતુલ્લિલ્ આલમીન બનાવીને મોકલ્યા છે ! અને રસૂલે પાક ﷺની દુઆ કદી રદ નથી થતી ! જેથી ડરો ! અને માબાપને રાજી કરવામાં લાગી જાવ ! નહીં તો જહન્નમમાં પડવું નિશ્ચિત થશે !

**★ માબાપ સાથે મહોબ્બત કરનારને મહાન બદલો ! ★**

નારાઝગીની દષ્ટિથી મા બાપ પર નજર કરનાર તથા તેમના નાફર્માન વિશે વાંચ્યું કે તે જન્નતની ખુશ્બુ પણ પામશે નહીં, પણ માબાપ તરફ રહમની મહોબ્બતભરી નજર કરનારને શું બદલો મળે છે તે પણ જોઈ લો !

હઝરત ઈબ્ને અબ્બાસ રઝિ.થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જે પણ આજ્ઞાંક્તિ ફરઝંદ **પોતાનાં માબાપને એકવાર રહમની નજરથી જુએ તો અલ્લાહ તઆલા તેના બદલામાં એક મક્બૂલ હજ લખશે.** લોકોએ અર્ઝ કરી, યા રસૂલુલ્લાહ ! ﷺ દિવસમાં સો વખત જુએ તો

પણ ?! ફર્માવ્યું, હા ! અલ્લાહ ઘણો જ મહાન તથા ઘણો જ પાક છે.

સુબ્હાનલ્લાહ ! માણસ અન્ય કાંઈ કરવા લાચાર હોય પણ સાચા દિલથી મહોબ્બતભરી રહમ નજર તો માબાપ પર કરી શકે છે ! કેટલો મહાન બદલો એનો છે કે **મક઼બૂલ હજ દરેક દષ્ટિ પર મળશે.** માણસ લાખો રૂપિયા ખર્ચીને, મુસીબતો વેઠીને હજ તો કરે છે પણ એની કોઈ ગેરંટી નથી કે એ મક઼બૂલ થઈ ! જ્યારે અહીં હદીષમાં ગેરંટીથી છે કે ફક્ત એક રહમતભરી નજર કરી અને એક મક઼બૂલ હજ્જનો સવાબ ! લૂટો મુસલમાનો સવાબ લૂટો ! જો તમારાં માબાપ હયાત હોય તો આ લાભથી વંચિત ન રહેશો !

## ★ માનો હક્ક઼ બાપથી પણ વિશેષ છે ★

હઝરત મુઆવિયહ બિન જામિઅહ رضی اللہ عنہથી રિવાયત છે કે જામિઅહ رضی اللہ عنہ એ હુઝૂરે અક઼દસ ﷺની ખિદમતમાં અર્ઝ કરી કે હું જેહાદ પર જવા ચાહું છું તો આપની સેવામાં મશ્વરો લેવા આવ્યો છું. આપે ફર્માવ્યું, તારી મા છે ? અર્ઝ કરી, હા ! ફર્માવ્યું, તારી માની ખિદમત કર કે **જન્નત તેણીના ક઼દમ નીચે છે.** *(મિશ્કાત શરીફ, પેજ : ૪૨૧)*

એક હદીષમાં છે : હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે કે એકવાર એક શખ્સ રસૂલુલ્લાહ ﷺની ખિદમતમાં હાજર થયો. તેણે સવાલ કર્યો, યા રસૂલલ્લાહ ! ﷺ સૌથી વિશેષ મારી ખિદમતનો મુસ્તહિક઼ કોણ છે ? આક઼ા ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, "તારી મા !" તેણે અર્ઝ કરી, પછી કોણ ? આપે ઈર્શાદ ફર્માવ્યો, "તારી મા !" તેણે અર્ઝ કરી, પછી કોણ ? ઈર્શાદ થયો, "તારી મા !" પૂછવામાં આવ્યું, પછી કોણ ? રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "તારો બાપ !" *(સહીહ બુખારી, મિશ્કાત શરીફ, પેજ : ૪૧૮)*

આ હદીષ પરથી રસૂલુલ્લાહ ﷺની નજીક માનુ મહત્વ કેટલુ અધિક છે તે સમજી શકાય છે. જેથી માની ખૂબ કાળજી રાખવી અને જીવનપર્યંત તેમની ખિદમતમાં રહેવું જોઈએ એ જ ઈસ્લામી તા'લીમ છે.

## ★ શું માનો હક્ક઼ અદા થઈ શકે ખરો ?! ★

એક શખ્સે પોતાની માને ખભા પર સવાર કરીને સાત હજો કરાવી. સાતમા હજ્જ વખતે તેને ખયાલ આવ્યો કે કદાચ મેં માનો હક્ક઼ અદા કરી આપ્યો છે. રાતે ખ્વાબમાં જોયું કે કોઈ કહેનારો કહી રહ્યો હતો કે જ્યારે તું બાળક હતો અને સખત ઠંડી હતી. તું માતા પાસે સૂઈ રહ્યો હતો અને તેં જાજરૂ કરી નાખ્યું તો તારી માએ બિસ્તર ઉઠાવીને ધોયું. ગરીબીના કારણે બીજુ બિસ્તર ન હોવાથી તારી મા સખત ઠંડીમાં ભીંજાયેલા બિસ્તર પર સૂઈ ગઈ અને તને રાતભર પોતાની છાતી પર સૂવાડી રાખ્યો હતો. તું કહે છે કે હક્ક઼ અદા થઈ ગયો ?! હે નાદાન ! હજી તો તું એક રાતનો હક્ક઼ પણ અદા નથી કરી શક્યો. *(તાલીમુલ અખ્લાક઼ બહવાલા બરકાતે શરીઅત)*

હદીષ શરીફમાં છે કે એક સહાબી رضی اللہ عنہએ હાજર થઈને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ એક રસ્તામાં એવા ગરમ પથ્થરો પર કે ગોશ્ત એના પર રાખવામાં આવતો તો ક઼બાબ બની જાય, એવા ગરમ પથ્થરો પર મેં છ માઈલ સુધી મારી માને પોતાની ગરદન પર સવાર કરીને લઈ ગયો છું. તો શું હવે તેણીનો હક્ક઼ અદા થઈ ગયો ? રસૂલે કરીમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, તારા જન્મ વેળા જેટલા પ્રમાણમાં દર્દના ઝટકા તેણીએ વેઠયા છે કદાચ એમનામાંથી એક ઝટકાનો બદલો થઈ શકે. *(તિબ્રાની)*

જાણવા મળ્યું કે માણસ કહી જ નથી શક્તો કે મેં મારી માને આ આપ્યું કે તે આપ્યું, આ અહેસાન કર્યું કે તે એહસાન કર્યું ! માનો બદલો વાળી શકાતો જ નથી. છતાં જેઓ માતાઓને નિરાધાર રઝળતી કરી મૂકે તો કેવા બદ્‌બખ્ત તથા નમકહરામ કહેવાશે ?!

## ★ મા સાથે કે માસી સાથે ભલાઈ કરનારના ગુનાહ માફ ! ★

સૈયદના હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ કહે છે કે એક શખ્સે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ મારાથી એક મહાન ગુનોહ થઈ ગયો છે તો શું મારા માટે તૌબાનો કોઈ ચારો છે ?! પૂછયું, તારી મા જીવે છે ? તે શખ્સે કહ્યું, નહીં ! આપે ફર્માવ્યું, શું તારી માસી છે ? તેણે કહ્યું, હા ! હુઝૂરે અકરમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, તેણીની સાથે ભલાઈ કર ! (તારો ગુનોહ માફ થઈ જશે.) *(તિર્મિઝી શરીફ, ૨/૧૨)*

એક દિવસ એક શખ્સે હઝરત અબૂ ઈસ્હાક઼ علیہ الرحمۃ و الرضوانને કહ્યું કે મેં રાત્રે ખ્વાબમાં આપની દાઢી યાકૂત તથા જવાહિરાતથી સજ્જ થયેલી જોયી છે. હઝરત અબૂ ઈસ્હાક઼ علیہ الرحمۃ و الرضوان ફર્માવવા લાગ્યા કે, તેં સાચુ કહ્યું ! રાતે **મેં મારી માના ક઼દમ ચૂમ્યા હતા, આ તેની બરકત છે.** પછી એક હદીષે પાક સંભળાવી કે શહનશાહે કૌનૈન ﷺ ફર્માવે છે, અલ્લાહે લોહે મહફૂઝ પર એ લખી આપ્યું છે કે, "હું ખુદા છું, મારા સિવાય કોઈ ઈબાદતને લાયક નથી. **જે શખ્સનાં માબાપ તેનાથી રાજી છે તેનાથી હું પણ રાજી છું."** *(નુઝહતુલ મજાલિસ)*

આજે લોકો માબાપના હાથ પગો ચૂમવામાં શરમ અનુભવે છે ! અને પીર બુઝુર્ગો, ઉસ્તાદોના હાથ પગો ચૂમી લે છે. તો આ હદીષ પરથી સમજવું જોઈએ કે પ્રથમ મા બાપના હાથ પગો ચૂમે, તેમની તા'ઝીમ કરતાં શીખે પછી જરૂરથી પીર, બુઝુર્ગ, ઉસ્તાદના હાથ પગ ચૂમે, તેમની દુઆઓ લે, પણ મા બાપની દુઆ જરૂરથી લે. જેમ કે હદીષે પાકમાં છે : **બાપની દુઆ બેટાના હક્ક઼માં એવી છે કે જેવી રીતે એક નબીની દુઆ ઉમ્મતીના હક્ક઼માં હોય છે.** તેમજ **માની દુઆથી બેટા વલી બની જતા હોય** છે, જેમ કે હઝરત બાયઝીદ બુસ્તામી رحمۃ اللہ علیہનો વાક઼યો મશ્હૂર છે, જેથી માબાપથી ખાસ દુઆ કરાવતા રહેવું જોઈએ.

અને માબાપના મૃત્યુ બાદ પણ તેમને ભૂલી જવાનાં નથી, બલ્કે તેમની ક઼બ્રની સતત ઝિયારત કરતા રહેવું જોઈએ. જેમ કે હદીષે પાકમાં સરકારે દો આલમ ﷺ ફર્માવે છે : "જે સવાબની નિય્યતે માબાપ અથવા એ બંનેમાંથી એકની ક઼બ્રની ઝિયારત કરે તો **હજ્જે મબરૂરનો સવાબ** પામશે. અને જે માબાપ અથવા એમનામાંથી કોઈ એકની ક઼બ્રની ઝિયારત પુષ્કળ પ્રમાણમાં કરતો હોય તો **ફરિશ્તા તેમની ક઼બ્રની ઝિયારત માટે આવશે.**

આ છે માબાપનો ઈસ્લામમમાં મર્તબો ! અને માબાપની કાળજી લેવાની બરકતો ! અને આ જ કારણે **ગમે તેવો અજ્ઞાની મુસલમાન મોટાભાગે માબાપની કાળજી લેતો રહે છે અને યથાશક્તિ ખિદમત કરતો રહે છે.** કદાચ જ આવી તા'લીમ કોઈ અન્ય મઝહબમાં માબાપની ઈજ્જત તથા કાળજી સંબંધે હશે, જેથી અધિક્તર મા બાપને તરછોડવાના બનાવો ગૈર મુસ્લિમોમાં બને છે અને **Old House** કે ઘરડાં ઘર કે વૃદ્ધાશ્રમોમાં એમની જ સંખ્યા અધિક હોય છે. મુસલમાન માટે જરૂરી છે કે માબાપના આદાબ સંબંધી આ કુર્આન હદીષની તા'લીમથી જો તેઓ પણ પોતાની ઔલાદને વંચિત રાખશે તો તેમના પણ ઉપર વર્ણન થયા તેવા ભૂંડા દિવસો આવી શકે છે ! માટે બાળકોને દુનિયાના એજ્યુકેશનની સાથે સાથે દીની અખ્લાક઼ી તા'લીમ જરૂર આપે જેથી બાળક જ્યારે સમજી લેશે કે, "માના ક઼દમો નીચે જન્નત છે" તો એ કદી માબાપને ન સતાવશે ન તરછોડશે.

## ★ પુત્રી, વિધવા, ત્યક્તા તથા યતીમ વિશે ઈસ્લામી આદેશો ★

આજે વિધવા સ્ત્રીઓની શું હાલત થઈ રહી છે તે તો આગલા લખાણોમાં આપે જોઈ લીધું, એ ઉપરાંત પુત્રી જન્મના પ્રસંગને પણ કેટલાક લોકો ગમીનો પ્રસંગ સમજે છે તથા ઈસ્લામના ઝહૂર પહેલાં

**પુત્રીઓને જીવતી દાટી દેવામાં આવતી હતી** તો આજે ગર્ભ પરીક્ષણ કરી **ગર્ભમાં જ તેનું ખૂન ગર્ભપાત થકી કરવામાં આવે છે !** તેમજ ત્યક્તા તથા યતીમોની પણ કફોડી હાલત થતી હોય છે. પણ ઈસ્લામે તેમને શું ઈજ્જત આપી છે તેનો પણ અભ્યાસ કરી લો.

સહીહ મુસ્લિમમાં હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, જેની ઉછેર હેઠળ બે પુત્રીઓ બાલિગ થતા સુધી રહે તે **કયામતના દિવસે** આ રીતે આવશે કે **હું અને તે પાસે પાસે હોઈશું.** અને હુઝૂર صلی اللہ علیہ وسلمએ પોતાની આંગળીઓ ભેગી કરીને ફર્માવ્યું, આ પ્રમાણે !

શરહેસુન્નહમાં ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, જે શખ્સ **યતીમને પોતાના ખાવા પીવામાં શરીક કરે** તેના માટે અલ્લાહ તઆલા જરૂર **જન્નત વાજિબ** કરી આપશે, સિવાય કે એવો ગુનોહ કર્યો હોય જેની મગફેરત ન થાય. અને જે શખ્સ ત્રણ **પુત્રીઓ** અથવા એટલી જ **બહેનોની પરવરિશ કરે,** તેમને અદબ શીખવાડે, **તેમના પર મહેરબાની કરે,** ત્યાં સુધી કે અલ્લાહ તઆલા તેમને બેનિયાઝ કરી આપે (એટલે તેમને જરૂરત ન રહે) તો **અલ્લાહ તઆલા તેના માટે જન્નત વાજિબ કરી આપશે.** કોઈકે અર્ઝ કરી, જો બે પુત્રીઓ હોય તો ? ફર્માવ્યું, બે (હશે તો પણ). અને જો લોકોએ એક માટે કહ્યું હોત તો પણ એ જ ફર્માવતા. (એટલે એમાં પણ એ જ સવાબ છે).

ઈમામ અહમદ તથા હાકિમે તથા ઈબ્ને માજહએ સુરાકા બિન માલિક رضی اللہ عنہથી રિવાયત કરી કે નબી કરીમ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, શું તમને ન બતાવી દઉં કે અફઝલ સદકો શું છે ? તે **પોતાની તે પુત્રી પર સદકો (ખર્ચ) કરવું છે જે તમારા તરફ પાછી આવી** (એટલે કે **વિધવા** થઈ અથવા **પતિએ તલાક** આપી હોય) તમારા સિવાય તેનો કમાનાર કોઈ નથી. *(ઈસ્લામી અખ્લાકો આદાબ)*

તેમજ **વિધવાની ખિદમત કરનાર વિશે છે,** હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, **વિધવાઓ** તથા **મિસ્કીનોની ખબરગીરી કરનારા** અલ્લાહની રાહમાં **જેહાદ કરનારની જેમ** છે. અને મારા ખયાલમાં આપે ફર્માવ્યું, એ કયામ કરનાર (નમાઝ પઢનાર)ની જેમ જે ન થાકે અને એ રોઝાદારની જેમ જે રોઝો ન છોડે. *(મિશ્કાત શરીફ, ૩/૪૫૧)*

સારાંશ કે ઈસ્લામે સ્ત્રીઓ પર કેટ કેટલાં એહસાનો કર્યાં છે ! તેમજ વિધવાઓની શાદીને કેટલાક લોકો અયબ તથા શરમની વાત સમજે છે અને **ભરયુવાનીમાં શાદી થતાં જ પતિ મૃત્યુ પામે છતાં તેણીને શાદી ન કરવા દઈને તે વિધવાની જિંદગીને ઝહેર બનાવી દેતા હોય છે, તેણીને મનહૂસ સમજતા હોય છે. આપણે ત્યાં ભારતમાં એક સમયમાં તો પતિના મૃત્યુ પર પત્નીએ પતિની ચિતા પર પતિ સાથે જીવતા સળગીને સતી થવુ પડતુ હતું !** જ્યારે ઈસ્લામના મહાન પયગંબરની જ તે જાત છે જેમણે ૨૫ વરસની વયે સૌ પ્રથમ **એક વિધવા હઝરત ખદીજા** رضی اللہ عنہا**ની સાથે શાદી કરીને દુનિયાને સબક આપ્યો કે વિધવાની શાદી થઈ શકે છે અને તેની શાદી કરીને તેને પણ આનંદથી જીવન જીવવાનો હક્ક છે અને તે હરગિઝ મનહૂસ નથી, તેણી પણ માનવ છે અને ઈજ્જતને પાત્ર વ્યક્તિ છે.**

તો જે લોકો સ્ત્રીઓ બાબતે વિરોધીઓની ઉડાવેલી અફવાઓથી ગલતફહમીમાં હોય તેઓ ફરી ઉપરનો લેખ વાંચે અને ઈસ્લામે સ્ત્રીઓની રક્ષાની, ઈજ્જતની તથા તેમની જિંદગી ખુશગવાર રહે તે માટે કેટલા આદેશો આપેલા છે તે જુએ અને બોધ લઈને સ્ત્રીઓની કદર કરતાં શીખે. તેમજ મુસલમાનો પણ સ્ત્રીઓ, પુત્રીઓ, યતીમો, વિધવાઓ સાથે કુર્આન હદીષના સૂચવ્યાનુસાર સારામાં સારો વ્યવહાર કરે એમાં જ સૌની ભલાઈ છે, નહીં તો દુનિયા તથા આખેરતના અઝાબ માટે તૈયાર રહે !

કાર્યાલય

કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઇમાન વ ખઝાઇનુલ ઇરફાન


અઝ : **આ'લા હઝરત ઈમામ અહમદ રઝા** رحمۃ اللہ علیہ

અનુવાદક : **મૌલાના હસન આદમ કોલવનવી** رحمۃ اللہ علیہ


## સૂરએ બક઼રહની તફસીર

**સૂરએ બક઼રહ મદીનામાં ઉતરેલી અને એમાં ૨૮૬ આયતો અને ૪૦ રૂકુઅ છે.**

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ
الٓمّٓ ﴿۱﴾ ذٰلِكَ الْكِتٰبُ لَا رَيْبَ ۚۖۛ فِيْهِ ۚۛ
هُدًى لِّلْمُتَّقِيْنَ ﴿۲﴾ الَّذِيْنَ يُؤْمِنُوْنَ
بِالْغَيْبِ وَ يُقِيْمُوْنَ الصَّلٰوةَ وَ مِمَّا
رَزَقْنٰهُمْ يُنْفِقُوْنَ ﴿۳﴾ وَ الَّذِيْنَ
يُؤْمِنُوْنَ بِمَاۤ اُنْزِلَ اِلَيْكَ وَ مَاۤ اُنْزِلَ
مِنْ قَبْلِكَ ۚ وَ بِالْاٰخِرَةِ هُمْ يُوْقِنُوْنَ ﴿۴﴾

**અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહમતવાળો (છે).**

**અલિફ-લામ-મીમ[૧] (૧) તે ઉચ્ચ દરજ્જાની કિતાબ કોઇ શંકાને સ્થાન નથી[૨] એમાં માર્ગદર્શન છે ડરવાળાઓને[૩] (૨) તે જેઓ વગર દેખે ઇમાન લાવે[૪] અને નમાઝ કાયમ રાખે[૫] અને અમે આપેલી રોજીમાંથી અમારા રસ્તામાં આપે[૬] (૩) અને તે જે ઇમાન લાવે અય મહબૂબ તેના પર જે તમારી તરફ ઉતાર્યુ અને તે જે તમારાથી પહેલાં ઉતાર્યુ[૭] અને આખિરત પર યક઼ીન રાખે[૮] (૪)**

### સૂરએ બક઼રહ

૧. આ સૂરત મદની એટલે કે મદીના શરીફમાં ઉતરેલી છે હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહો અન્હુમાએ ફરમાવ્યું કે મદીના શરીફમાં સૌ પ્રથમ આ સૂરત ઉતરી હતી, સિવાય કે એની **وَاتَّقُوا يَوْماً تُرْجَعُوْنَ** વાળી આયત કે એ આયત મક્કા મુકર્રમામા હજ્જતુલ વિદાઅના મોકા પર ઉતરી હતી. (ખાઝિન)

આ સૂરતમાં ૨૮૬ આયતો ૬૧૨૧ શબ્દો અને ૨૫,૫૦૦ હુરૂફ છે. (ખાઝિન)

પહેલાં કુરઆન મજીદમાં સૂરતોના નામો લખવામાં આવતાં ન હતાં. આ પદ્ધતિ હજ્જાજે બનાવી, ઇબ્ને અરબીનું કહેવું છે કે સૂરએ બક઼રહમાં એક હજાર અમ્ર (એવા હુકમો જે કોઇ કામ કરવા માટે કરાયા હોય) એક હજાર નહી (એવા હુકમો જે કોઇ કામ ન કરવા માટે કરાયા હોય) એક હજાર ખબરો, એક હજાર હુકમો છે.

આ સૂરત પ્રાપ્ત કરવામાં એટલે કે એને પઢવામાં અને એના પર અમલ કરવામાં બરકત અને એને છોડવામાં હસરત એટલે આખેરતનો પસ્તાવો છે, જૂઠા જાદૂગરો એની શક્તિ ધરાવી શકતા નથી, **જે ઘરમાં આ સૂરત પઢવામાં આવે ત્યાં ત્રણ દિવસ સુધી શયતાન પ્રવેશી શકતો નથી,** મુસ્લિમ શરીફની હદીષમાં છે કે જે ઘરમાં આ સૂરત પઢવામાં આવે ત્યાંથી શયતાન નાસે છે. (જુમલ) બયહકી અને સઇદ બિન મન્સૂરે હઝરત મુગીરહથી રિવાયત કરી છે કે **જે માણસ સૂતી વખતે સૂરએ બક઼રહની દસ આયતો પઢશે તો કુરઆન મજીદ ભૂલશે નહિ,** તે આયતો આ છે ચાર આયતો શરૂઆતની અને એક આયતુલકુરસી અને બે આયતો એના પછીની અને ત્રણ આયતો સૂરતના અંતની.

**મસ્અલો** : તિબરાની અને બયહક઼ીએ હઝરત ઇબ્ને

ઉમર રદીયલ્લાહો અન્હુમાથી રિવાયત કરી છે કે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું, મય્યતને દફનાવ્યા પછી તેના માથા તરફ સૂરએ બક્રહની શરૂઆતની આયતો તેમજ તેના પગ તરફ અંતની આયતો પઢો.

**શાને નુઝૂલ**

અલ્લાહ તઆલાએ પોતાના હબીબ સલ્લલ્લાહો અલયહે વસલ્લમને એક એવી કિતાબ આપવાનો વાયદો કર્યો હતો જે ન તો પાણીથી ધોઇને મિટાવી શકાય તેમજ ન તો પુરાણી થાય. જ્યારે કુરઆન મજીદ ઉતરવાનું શરૂ થયું ત્યારે ફરમાવવામાં આવ્યું ઝાલિકલ કિતાબ અર્થાત તે વાયદો કરેલી કિતાબ આ જ છે.

બીજું એક મંતવ્ય એ છે કે અલ્લાહ તઆલાએ બની ઇસરાઇલ સાથે એક કિતાબ ઉતારવાનો અને હઝરત ઇસ્માઇલની અવલાદમાં એક રસૂલ પેદા કરવાનો વાયદો કર્યો હતો. જ્યારે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે મદીના શરીફ હિજરત ફરમાવી કે જ્યાં યહૂદીઓ મોટી સંખ્યામાં રહેતા હતા. ત્યારે الٓمّٓ ۚ ذٰلِكَ الْكِتٰبُ નાઝિલ કરીને તે વાયદો પૂરો થવાની ખબર આપી.

અલિફ લામ મીમ સૂરતોની શરૂઆતમાં જે હુરૂફે મુકત્તિઅહ આવે છે, તેમના વિશે યોગ્ય મંતવ્ય એ છે કે એ હુરૂફ ખુદાપાકના ભેદોમાંથી છે એ મુતશાબેહાત કહેવાય છે. અલ્લાહ પાકે એનો શું અર્થ ઘટાવ્યો છે તે અલ્લાહ અને રસૂલ જાણે, આપણે એના હક્ હોવા પર ઇમાન લાવીએ છીએ.

૨. ذٰلِكَ الْكِتٰبُ لَا رَيْبَ ۛ فِيْهِ એટલે તે ઉચ્ચ દરજ્જાની કિતાબ કોઇ શંકાનું સ્થાન નથી, એટલા માટે કે શંકા તે વસ્તુમાં થાય છે, જેની દલીલ ન હોય, કુરઆન મજીદ એવી સ્પષ્ટ અને મઝબૂત દલીલો ધરાવે છે જે બુદ્ધિમાન ન્યાય કરનારને એવું માનવા લાચાર કરી મૂકે છે કે બેશક ! તે અલ્લાહની કિતાબ અને હક્ છે, માટે આ કિતાબ કોઇપણ રીતે શંકાને યોગ્ય નથી, પણ કોઇ કાળા દિલવાળો શત્રુ જો ઇન્કાર કરે તો જેવી રીતે આંધળાના ઇન્કારથી સૂર્યનું અસ્તિત્વ શંકામાં પડી જતુ નથી એ જ રીતે તેના ઇન્કારથી આ કિતાબ શંકાસ્પદ બની જતી નથી.

૩. هُدًى لِّلْمُتَّقِيْنَ અર્થાત એમાં માર્ગદર્શન છે ડરવાવાળાઓને, જો કે કુરઆન કરીમનું માર્ગદર્શન એમાં નજર કરનાર એનો અભ્યાસ કરનાર તમામ માટે છે. મોમિન હોય કે કાફિર, જેમકે બીજી આયતમાં هُدًى لِّلنَّاسِ એટલે કે તમામ લોકો માટે માર્ગદર્શન ફરમાવ્યું છે. પરંતુ એનાથી ફાયદો ફક્ત તક્વા (ડર) વાળાઓને થાય છે, એટલે هُدًى لِّلْمُتَّقِيْنَ ફરમાવ્યું, જેવી રીતે બોલવામાં આવે છે કે વરસાદ ઘાસચારા માટે છે એટલે કે એનાથી ફાયદો ઘાસચારો ઉઠાવે છે, જો કે વરસાદ તો વેરાન એટલે કે ઘાસ ઉગાડવાની શક્તિ ન ધરાવતી હોય તે જમીન ઉપર પણ વરસે છે.

તક્વાના ઘણા અર્થો છે, નફસને ખોફની ચીજોથી બચાવવો એ તકવાનો અર્થ છે, પણ શરીઅતની પરિભાષામાં નફસને મના કરેલી બાબતોથી દૂર રાખી ગુનાહોથી બચાવવો એવો અર્થ છે. હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહો અન્હુમાએ ફરમાવ્યું, મુત્તક્ી એટલે કે તક્વાવાળો તે છે જે શિર્ક, કબીરા ગુનાહ અને બેહયાઇની બાબતોથી બચે. અમુક લોકોએ કહ્યું મુત્તક્ી તે છે જે પોતાને બીજાઓથી સારો ન સમજે, અમુકનું મંતવ્ય છે કે હરામ બાબતોને છોડવી અને ફર્ઝ બાબતોને અદા કરવી એ તક્વો છે. અમુક કહે છે, ગુનાહો પર ક્ાયમ રહેવાનું તેમજ ઇબાદત પર ઘમંડ કરવાનું છોડી દેવું એ તક્વો છે, બીજા અમુક કહે છે તક્વો એ છે કે તારો મૌલા (ખુદા) તને એવી જગ્યાએ ન જુએ જ્યાં તેણે મના કરી છે, એક ક્ોલ એ છે કે હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ અને સહાબાએ કિરામની પેરવી (અનુકરણ)નું નામ તક્વો છે. (ખાઝિન) આ બધા અર્થો એક બીજા સાથે સામ્ય ધરાવે છે અને પરિણામની દ્રષ્ટિએ એમનામાં કશો વિરોધાભાસ નથી.

## મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

## એટલે મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત કાર્યાલય

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની عليه الرحمة والرضوان

**બીજો વિભાગ :** હઝરત ષૌબાન رضى الله عنه થી રિવાયત છે.[1] રસૂલુલ્લાહ صلى الله عليه وسلم એ ફર્માવ્યું, સીધા રહો પણ તમે એવું નહીં કરી શકો[2] અને જાણી લો કે તમારો બેહતરીન (શ્રેષ્ઠ) અમલ નમાઝ છે[3] અને વુઝૂની હિફાઝત મોમિન જ કરે છે.[4] અને માલિક ઈબ્ને અહમદ ઈબ્ને માજહ તથા દારમીએ રિવાયત કરી છે.

હઝરત ઈબ્ને ઉમર رضى الله عنه ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلى الله عليه وسلم એ ફર્માવ્યું, જે પાકી પર વુઝૂ કરે તેના માટે દસ નેકીઓ લખવામાં આવે છે.[5] (તિર્મિઝી)

**ત્રીજો વિભાગ :** હઝરત જાબિર رضى الله عنه થી રિવાયત છે ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلى الله عليه وسلم એ ફર્માવ્યું કે, **જન્નતની ચાવી નમાઝ છે અને નમાઝની ચાવી પાકી.**[6] (અહમદ)

હઝરત શબીબ ઈબ્ને રવ્હ رضى الله عنه થી[7] રિવાયત છે તે રસૂલુલ્લાહ صلى الله عليه وسلم ના કોઈ સહાબીથી રિવાયત કરે છે[8] કે હુઝૂર صلى الله عليه وسلم એ ફજરની નમાઝ પઢી, સૂરએ રૂમની કિરાઅત કરી તો આપને તશાબોહ લાગી ગયો (ક્રિર્અતમાં મુશાબેહત લાગી) જ્યારે નમાઝ પઢી ચૂક્યા તો ફર્માવ્યું, લોકોનો શો હાલ છે કે અમારી સાથે નમાઝો પઢે છે (અને) પાકી સારી રીતે નથી કરતા.[9] અમારા પર એ જ લોકો કુર્આન મુતશાબેહ (બીજી એના જેવી આયત પઢાવી) કરી આપે છે.[10] (નિસાઈ)

બની સુલૈમના એક જણથી રિવાયત છે[11] ફર્માવે છે કે નબી કરીમ صلى الله عليه وسلم એ મારા અથવા એમના હાથે આ ચીજો ગણાવી, ફર્માવ્યું, "તસ્બીહ (સુબ્હાનલ્લાહ) અડધુ ત્રાજવુ છે અને "અલ્હમ્દુલિલ્લાહ" એને ભરી દેશે.[12] અને "તકબીર" (અલ્લાહુ અકબર) આસ્માન તથા જમીનના વચ્ચેનાને ભરી દે છે. અને રોઝો અડધી સબ્ર છે[13] અને "પાકી અડધુ ઈમાન છે." એને તિર્મિઝીએ રિવાયત કરી અને ફર્માવ્યું, આ હદીષ હસન છે.

### -:: સ....મ....જૂ....તી.... ::-

**૧.** આપનું નામ ષૌબાન ઈબ્ને બુજદદ છે. કુન્નિયત અબૂ અબ્દુલ્લાહ છે. હુઝૂરે અક્દસ صلى الله عليه وسلم ના આઝાદ કરેલા ગુલામ છે. હમેશાં સફરમાં મુકામ પર હુઝૂર صلى الله عليه وسلم ની સાથે રહ્યા. હુઝૂર صلى الله عليه وسلم પછી પ્રથમ શામમાં પછી હમ્સમાં રોકાણ કર્યું. હિ.સ. ૫૪માં વફાત પામ્યા.

**૨.** એટલે કે અકીદા, ઈબાદતો તથા મામલાઓમાં બરાબર રહો, આમતેમ ન બહેકો. પરંતું સંપૂર્ણ દુરુસ્તી માનવ શક્તિ બહાર છે જેથી યથા શક્તિ દુરુસ્ત રહો અને ખામી (ગુનાહો)ની માફી ચાહતા રહો. અથવા એ મતલબ છે કે અડગતા (નેકી પર)નો સવાબ તમે ગણી શકશો નહીં. احصاء નો અર્થ કાંકરીઓ પર ગણવું છે. થોડી ચીજો બેડકાંઓ પર ગણવામાં આવે છે અને વધુ ચીજો કાંકરીઓ પર ગણવામાં આવે છે, જે કાંકરીઓ વડે પણ ન ગણી શકાતી હોય તે ગણત્રી બહાર હોય છે.

**૩.** કેમ કે ઈસ્લામમાં સૌ પ્રથમ નમાઝ જ ફર્ઝ થઈ. સર્વ અમલો જમીન પર આવ્યા પણ નમાઝ અર્શ પર બોલાવીને આપવામાં આવી. જેણે નમાઝ બરાબર કરી લીધી, ઈન્શાઅલ્લાહ ! તેના સર્વ અમલો દુરુસ્ત થઈ જશે. તેમજ નમાઝ ઘણી બધી

ઈબાદતોનો સમૂહ અને સર્વ ગુનાહોથી બચાવનારી છે કે નમાઝની હાલતમાં જૂઠ, ગીબત વગેરે કાંઈ નથી થઈ શકતું.

૪. એટલે કે **હમેશાં બાવુઝૂ રહેવું અથવા હમેશાં સહીહ વુઝૂ કરવું એ કામિલ મોમિનની પહેચાન છે.**

૫. એટલે કે જેનું પાછલી નમાઝ વખતે કરેલ વુઝૂ હોય તે ફરી આગલી નમાઝ માટે વુઝૂ કરે તો તે બેકાર તથા ફોગટ નથી જતું બલ્કે એના પર ઘણો જ સવાબ છે. યાદ રાખશો કે વુઝૂ પર વુઝૂ કરવું મુસ્તહબ છે જ્યારે કે પ્રથમ વુઝૂ પછી નમાઝ કે એવી ઈબાદત કરી લેવામાં આવી જે મૌજૂદ વુઝૂ પર મૌકૂફ હોય, નહીં તો વારંવાર વુઝૂ માટે જવું મકરૂહ તથા પાણીનો વ્યય છે, જેથી હદીષ પર કોઈ વાંધો નથી અને ન ફિક્હી મસ્અલો આ હદીષની વિરૂદ્ધ છે.

૬. એટલે કે જન્નતના દરજાઓની ચાવી નમાઝ છે, જેથી આ હદીષ એની વિરૂદ્ધ નથી કે જન્નતની ચાવી કલ્મા તય્યબહ છે કે ત્યાં નફસે જન્નત (ખાસ જન્નત)ની ચાવી છે. જો કે નમાઝની શર્તો ઘણી છે પણ સમયનું હોવુ, કિબ્લા રુખ હોવું, વગેરે પરંતું પાકી ખૂબ જ મહત્વની છે જેથી એને નમાઝની ચાવી ફર્માવવામાં આવી.

૭. આપ તાબઈનથી છે હમ્સના રહેવાસી, આપના પિતાનું નામ નુએમ છે. આપની કુન્નિયત અબૂ વરહ છે, ન પોતે સહાબી છે ન વાલિદ સહાબી છે.

૮. કેમ કે સર્વ સહાબીઓ પરહેઝગાર તથા આદિલ છે, કોઈ એમનામાં ફાસિક્ નથી, એટલા માટે આ રીતે રિવાયત જાઈઝ છે. સહાબી ઉપરાંત અન્ય રાવીનું નામ લેવું જરૂરી છે, નહીં તો હદીષ 'મજરૂહ' થશે, કેમ કે તે શખ્સ ફાસિક્ છે કે આદિલ છે તે ખબર નથી. લગભગ એ સહાબી અગર્ર ગિફારી છે. *(મિર્કાત)*

૯. એટલે કે વુઝૂ ગુસ્લની સુન્નતો તથા મુસ્તહબો પૂરા અદા નથી કરતા, કેમ કે વુઝૂમાં વાજિબ કોઈ નથી.

૧૦. એટલે કે તેમની ઉણપ (ખામી)ની અસર અમારા પર એ પડે છે કે તિલાવતમાં લુક્મો લાગી જાય છે. મિર્કાતે ફર્માવ્યું, આ પરથી જાણવા મળ્યું કે હુઝૂર ﷺજેવી હસ્તીની નમાઝ પર અપૂર્ણ વુઝૂવાળાની સોહબતની અસર થઈ જાય છે, તો અફસોસ એ લોકો પર જેઓ બદકારો તથા બેદીનોની સોહબતમાં રહે ! યકીનન ! તેમનું ઈમાન પણ બુરી અસર લેશે. આ બીમારી ઉડીને વળગે છે.

૧૧. અમે હમણા વર્ણવી ચૂક્યા કે સર્વ સહાબીઓ આદિલ છે જેથી એમનું નામ માલૂમ ન હોવું નુકસાનકર્તા નથી.

૧૨. એની શરહ (સમજૂતી) વર્ણન થઈ ચૂકી કે નેકીઓનું પલ્લુ એ બે કલમાઓના સવાબથી ભરાઈ જશે, એટલા માટે કે તસ્બીહમાં અલ્લાહની બેઅયબીનો ઈકરાર છે અને હમ્દમાં તેના સિફાતે કમાલિયા (ઉચ્ચતમ ખૂબીઓ)નો ઉલ્લેખ છે.

૧૩. કેમ કે ગળા તથા શર્મગાહને રોઝો રોકે છે, બાકીના અંગોને બીજો સબ્ર. અથવા જાહેરી ગુનાહોથી રોઝો રોકે છે બાતિની ગુનાહોથી બીજો સબ્ર અથવા ઈમાન રોકે છે. ફર્માંબરદારી ત્યારબાદ ઈબાદત અન્ય ગુનાહોથી રોકે છે જેનો સબબ નફ્સની ખ્વાહિશ છે જે રોઝાથી તૂટે છે. મતલબ એ છે કે તમામ પ્રકારની સબરો એક તરફ અને રોઝો એક તરફ.

★ **મંડાલીમાં જશ્ને દસ્તારબંદી** ★ **મંડાલી** : દારુલ ઉલૂમ સૈયદઅલી સરકાર (તા. જિ. મહેસાણા) ખાતે તા. ૧–૩–૨૦૧૩ જુમ્આના રોજ ઈશા બાદ જશ્ને દસ્તારબંદીનો ભવ્ય જલસો પીરે તરીકત હઝરત કમરુદ્દીનબાવા કારંટવી સાહબની સદારતમાં, પીર હઝરત સૈયદ સફીયુલ્લાહબાવા બીરપુર શરીફવાળા તથા અન્ય સાદાતે કિરામ તથા ઉલમાએ એઝામની હાજરીમાં યોજાયો જેમાં ૮ તલબાને હાફિઝ, આલિમની સનદથી નવાઝવામાં આવ્યા તથા આ પ્રસંગે ઉલમાના શાનદાર બયાનો થયાં. બહોળી સંખ્યામાં ઉલમા, અઈમ્મા તથા અવામે અહલે સુન્નતે હાજર રહીને જલ્સાને કામયાબ બનાવ્યો હતો. *(રજૂકર્તા : હાફિઝ બશીરખાન પઠાણ)*

# હદાઈકે બખ્શિશ

અઝ

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

અનુવાદક તથા રૂપાંતરકર્તા

મૌલાના સાદિક઼ સાબરી દહેગામી

**રશ્કે ક઼મર હૂં રંગે રુખે આફ્તાબ હૂં**
**ઝર્રા તેરા જો અય શહે ગરદૂં જનાબ હૂં**

*(રશ્ક = બરાબરીની તમન્ના, ક઼મર = ચંદ્ર, રુખ = ચેહરો, આફ્તાબ = સૂર્ય, ઝર્રા = રજકણ, શહ = બાદશાહ, ગરદૂં = આકાશ, જનાબ = બારગાહ)*

**અર્થ** : અય મારા અઝમતવાળા આક઼ા ! صلی اللہ علیہ وسلم આપની ગુલામીમાં આવી મને એવી ઊંચાઈ નસીબ થઈ કે ચાંદ મારા પર રશ્ક કરવા લાગ્યો અને મારા ચેહરાનો રંગ આફ્તાબના રુખનો મુક઼ાબલો કરવા લાગ્યો. આ ફક્ત એટલા માટે જ કે આપની ખાકે પાનો એક ઝર્રો છું અને આપ તે છે કે આકાશની બુલંદી પણ આપની બારગાહની પાકીઝગીનો મુક઼ાબલો નથી કરી શકતી.

**દુર્રે નજફ હૂં ગોહરે પાકે ખુશાબ હૂં**
**યાની તુરાબે રહ ગુઝરે બૂ તુરાબ હૂં**

*(દુર્રે = મોતી, નઝફ = હઝરત અલીના રોઝાવાળો શહેર, ગોહર = કિંમતી પથ્થર, ખુશાબ = ઉત્તમ પાણી, યાની = એટલે કે, તુરાબ = માટી, રહગુઝર = રસ્તો, અબૂ તુરાબ = માટીવાળો, હઝરત અલીની કુન્નિયત)*

**અર્થ** : નજફ અશરફનો મોતી છું અને ઉત્તમ પાણીનો કિંમતી પથ્થર છું એટલે કે હું અબૂ તુરાબ અલી رضی اللہ عنہના રસ્તાની માટી છું અર્થ હું મૌલા અલી رضی اللہ عنہનો ગુલામ છું.

**ગર આંખ હૂં તો અબ્ર કી ચશ્મે પુર આબ હૂં**
**દિલ હૂં તો બર્ક઼ કા દિલે પુર ઈઝતેરાબ હૂં**

*(ગર = અગર, અબ્ર = વાદળ, ચશ્મ = આંખ, પુર આબ = પાણી ભરેલ, બર્ક઼ = વીજળી, પુર ઈઝતેરાબ = બેચેન)*

**અર્થ** : જો હું આંખ છું તો એવી આંખ છું જે એવા વાદળ જેવી છે જેમાં પાણી ભરેલ છે. જેવી રીતે તેમાંથી પાણી ઓછું નથી થતું એવી જ રીતે મારી આંખથી પણ તય્યબહની જુદાઈમાં રડી રડીને આંસૂ ખતમ થવાનું નામ નથી લેતાં, અને જો હું દિલ છું તો એવું દિલ છું કે વીજળીની જેમ દરેક સમયે દીદારે મુસ્તફા صلی اللہ علیہ وسلمની તડપમાં બેચેન બેક઼રાર છું.

**ખૂની જિગર હૂં તાઈરે બે આશિયાં શહા**
**રંગે પરીદએ રૂખે ગુલકા જવાબ હૂં**

*(ખૂની જિગર = લોહીવાળુ જિગર, તાઈર = પક્ષી, બે આશિયાં = માળા વગરનું, ઘર વગરનું, પરીદા = ઉઠેલુ, રુખે ગુલ = ફૂલનો ચેહરો)*

**અર્થ** : અય મારા આક઼ા ! હું તે પક્ષીની જેમ ખૂની જિગર છું જેનું કોઈ ઘર નથી, ઠેકાણુ નથી. હું તો ફૂલના ચેહરાના ઉડેલા રંગ જેવો મુરઝાએલો છું એટલે કે દુઃખી છું અને આપની મદદનો મોહતાજ છું.

**બે અસ્લો બે ષબાત હૂં બહરે કરમ મદદ**
**પરવરદએ કિનારે સરાબો હબાબ હૂં**

*(બે અસ્લ = બે બુન્યાદ, બે ષબાત = ફાની, બહરે કરમ = સખાવતનો મહાસાગર, પરવરદા = પાલતુ, કિનાર = ગોદ, સરાબ = ચમકદાર રેતી જે દૂરથી પાણી જેવી દેખાય, હબાબ = પાણીનો પરપોટો)*

**અર્થ** : હું બે સહારા અને ફાની છું અય સખાવતના મહાસાગર મારા પ્યારા નબી ! صلی اللہ علیہ وسلم મારી મદદ ફર્માવો ! ચમકદાર રેતી અને પાણીના પરપોટાની આશા પર જીવી રહ્યો છું એટલે કે ક઼યામતના દિવસે મારી નેકીઓ ચમકદાર રેતીની જેમ હશે ફક્ત આપની શફાઅતનો આશરો છે, મારી મદદ કરજો.

**ઈબ્રત ફઝા હૈ શર્મે ગુનાહ સે મેરા સુકૂત**
**ગોયા લબે ખમોશે લહદકા જવાબ હૂં**

*(ઈબ્રત ફઝા = શીખામણ રૂપી, સુકૂત = ખામોશી, ગોયા = જેવું કે, લબ = હોઠ, ખમોશ = ચુપ, લહદ = કબર)*

**અર્થ** : ગુનાહોની શરમથી મારું ચૂપ રહેવું લોકો માટે શીખામણરૂપ છે કે લોકો તેને જોઈ નસીહત હાંસલ કરે જાણે કે ખામોશ કબરની જેમ મારા હોઠ પણ જવાબ આપે છે એટલે કે કશુ બોલતાં નથી.

**ક્યું નાલા સોઝ લૈ કરું ક્યું ખૂને દિલ પિયું**
**સીખે કબાબ હૂં ન મૈં જામે શરાબ હૂં**

*(નાલા = રૂદન, સોઝ = દુઃખ, લૈ = સુર, સીખે કબાબ = તે લોખંડનો સળીયો જેના ઉપર ગોશ્તને કબાબ બનાવવામાં આવે છે)*

**અર્થ** : હું શું કરવા રૂદનનો સૂર ગાઉં અને દિલનું લહું પીઉં. ન તો હું કબાબની સીખ છું કે આગમાં બળતો રહું અને ન હું શરાબનો જામ છું કે બીજાઓના હાથમાં ફર્યા કરું. હું તો મુખ્તારે કાએનાત ﷺનો ગુલામ છું.

**દિલે બસ્તા બે કરાર જિગર ચાક અશ્કબાર**
**ગુન્ચાં હૂં ગુલ હૂં બર્કે તપાં હૂં સહાબ હૂં**

*(દિલે બસ્તા = મજબૂર હૃદય, ચાક = કપાયેલુ, અશ્કબાર = આંસૂ પાડનાર, ગુન્ચાં = કળી, ગુલ = ફૂલ, બર્કે તપાં = તડપતી વીજળી, સહાબ = વાદળ)*

**અર્થ** : મારું દિલ મજબૂર અને બેકરાર છે અને જિગર સદમાઓથી ટુકડે ટુકડા થઈ ગયેલ છે. આંખો અશ્રુ વરસાવે છે. કળીની જેમ કેદ છું અથવા ફૂલ છું જે કાંટોમાં ફસાયેલ છે અથવા બેચન વીજળીની જેમ છું જે તડપ્યા કરે છે અથવા વાદળની જેમ છું કે હવાઓ આમથી તેમ ધકેલ્યા કરે છે.

**દાવા હૈ સબસે તેરી શફાઅત પે બેશ્તર**
**દફતર મેં આસિયોંકે શહા ઈન્તેખાબ હૂં**

*(બેશ્તર = મોટાભાગે, દફતર = રજિસ્ટર, આસિયોં = ગુનેહગારો, શહા = આકા, ઈન્તેખાબ = ચૂંટેલ, પસંદ કરેલ, પહેલા નંબર પર)*

**અર્થ** : હું ચૂંટાયેલ છું, પસંદ કરેલો છું, પરંતું આપની શફાઅત માટે પણ હું પહેલા નંબર પર દાવેદાર છું, મારી શફાઅત ફર્માવી બચાવી લે જો.

**મૌલા દુહાઈ નઝરોંસે ગિરકર જલા ગુલામ**
**અશ્કે મિઝહ રસીદએ ચશ્મે કબાબ હૂં**

*(મૌલા = આકા, દુહાઈ = ફરિયાદ, મિઝહ = પલક, રસીદા = પહોંચેલ, ચશ્મે કબાબ = કબાબ એટલે કે આગમાં પકાવવામાં આવતા ગોશ્તની આંખ)*

**અર્થ** : અય મારા મૌલા ! મારી ફરિયાદ સાંભળો ! આપની નજરોથી ઉતરીને હું જહન્નમમાં બળી જઈશ. મારું ઉદાહરણ એવું છે કે જેવી રીતે કબાબને આગની ઉપર શેકતી વખતે પાણી આંસૂ ટપકે છે એવી જ રીતે આપના ઈશ્કની ગરમીથી મારી પલકોમાં આંસૂ આવી ગયાં છે, મને આપ ભૂલશો નહીં, હું આપનો ગુલામ છું.

**મિટ જાએ યે ખૂદી તો વો જલ્વા કહાં નહીં**
**દરદા મેં આપ અપની નઝરકા હિજાબ હૂં**

*(ખૂદી = ખૂદ ગર્ઝી, જલ્વા = નઝારો, દરદા = અફસોસ, હિજાબ = પર્દો)*

**અર્થ** : જો પોતાની જાતને મટાડી દેવામાં આવે એટલે કે ફના ફિર્રસૂલ કરી દેવામાં આવે તો હુઝૂર ﷺનો જલ્વો દરેક જગ્યાએ નજર આવે. અફસોસ ! મારી જાત જ મારા માટે પર્દો બની ગઈ છે.

**સદકે હૂં ઉસપે નાર સે દેગા જો મુખલિસી**
**બુલબુલ નહીં કે આતિશે ગુલ પર કબાબ હૂં**

*(સદકે હૂં ઉસપે = હું કુર્બાન છું તેમના પર, નાર = આગ, દોઝખ, મુખલિસી = છુટકારો, આતિશ = આગ, ગુલ = ફૂલ)*

**અર્થ** : હું તો તે મુસ્તફા ﷺના જલ્વા પર કુર્બાન છું જે મારી શફાઅત કરી દોઝખની આગથી બચાવી લેશે, હું તે બુલબુલની જેમ નથી જે આગને ફૂલ સમજી બેસી જાય છે અને અંતે કબાબ બની જાય છે.

**કાલિબ તહી કિએ હમા આગોશ હૈ હિલાલ**
**અય શહ સવારે તૈબા મૈં તેરી રિકાબ હૂં**

*(કાલિબ = શરીરનો ઢાંચો, તહી = ખાલી, હમા આગોશ = પૂરી રીતે ગળે મળેલ, ગળે લાગેલુ, રિકાબ = પગ*

*મૂકવાની જગા, હિલાલ = પહેલો ચાંદ, શેહ સવાર = સવારોનો સરદાર)*

**અર્થ :** હિલાલ પ્રથમ ચાંદ પાતળો અને કમાન જેવો કેમ દેખાય છે ? એટલા માટે કે જ્યારે તયબહનો શેહ સવાર સવારી પર સવાર થાય છે તો ચાંદ પોતાના બદનને ખાલી કરી રિકાબ (પેંગડા) જેવો બની જાય છે અને અર્ઝ કરે છે, આકા ! હું આપના કદમ મુબારકનો ગુલામ છું, મારા પર પગ મૂકી સવાર થઈ જાવ.

**ક્યા ક્યા હૈ તુઝ સે નાઝ તેરે કસ્ર કો કે મૈં**
**કાબા કી જાન અર્શે બરીં કા જવાબ હૂં**

*(નાઝ = લાડ, કસ્ર = મહેલ, અર્શેબરીં = અર્શે આ'ઝમ)*

**અર્થ :** અય અઝમતવાળા પ્યારા નબી ! ﷺ આપની નિસ્બતથી આપની આરામગાહ રોઝા મુબારકને કેવી ઈજ્જત અને શ્રેષ્ઠતા હાંસલ છે કે તે કહે છે કે હું કા'બાની જાન કા'બાનો કાબા અને અર્શેબરીંનો હમસર મુકામ ધરાવું છું.

અલ્લામા મુહમ્મદ બિન અબ્બાસ અલ્વી માલિકી (મક્કા મુકર્રમા) ફર્માવે છે કે જે જગ્યાએ હુઝૂર ﷺ આરામ ફર્માવી રહ્યા છે તે અર્શેબરીંથી પણ અફઝલ છે એ વાત પર ઉલમાનો ઈજમાઅ (સહમતિ, સર્વસંમતિ) છે. *(ફી રિહાબીલ બૈતીલ હરમ, પ્રકાશન–મક્કા શરીફ)*

**શહા બુઝે સકર મેરે અશ્કોં સે તા ન મૈં**
**આબે અબષ ચકીદએ ચશ્મે કબાબ હૂં**

*(શહા = અય સરદાર, બુઝે = બુઝાઈ જાય, સકર = જહન્નમ, તા ન મૈં = જેથી હું ન બનું, આબે અબષ = બેકાર પાણી, ચકીદા = ટપકેલ)*

**અર્થ :** અય મારા આકા ! આપની યાદમાં વહેલાં મારાં આંસૂ કબાબમાં ટપકતા પાણીની જેમ બેકાર ન થાય બલ્કે મારી આંખોથી નીકળેલ આંસૂઓથી જહન્નમ બુઝાઈ જાય એટલે કે મને જહન્નમથી નજાત મળી જાય.

**મૈં તો કહા હી ચાહું કે બંદા હૂં શાહ કા**
**પર લુત્ફ જબ હૈ કહ દેં અગર વો જનાબ હૂં**

*(મૈં તો = હું તો, કહાં હી ચાહું = કહેતો રહું, બંદા = ગુલામ, પર = પરંતું, લુત્ફ = ખુશી, હું = હાં છે)*

હું તો કહ્યા જ કરું છું કે હું હુઝૂર પૂરનૂર ﷺનો ગુલામ છું પણ મારા કહેવાથી શું થાય ! ખુશી તો ત્યારે થાય જ્યારે જનાબ હુઝૂર ﷺ ખૂદ ફર્માવે કે, હા ! તું મારો ગુલામ છે.

**હસ્રત મૈં ખાક બોસીયે તૈબાકી અય 'રઝા'**
**ટપકા જો ચશ્મે મહર સે વો ખૂનેનાબ હૂં**

*(હસ્રત = તમન્ના, ખાક = બોસીયે તૈબા = મદીના શરીફની માટીને ચૂમવું, ચશ્મે મહર = સૂરજની આંખ, ખૂનેનાબ = શુધ્ધ લોહી)*

**અર્થ :** અય ગુલામે મુસ્તફા અહમદ રઝા ! મદીના પાકની ખાકે શિફાને ચૂમવાની આરઝૂ સાથે સૂરજથી જે લોહી ટપકયું તે હું જ છું, કારણ મારા દિલ અને ખયાલમાં મદીના મદીના જ રહે છે.

### ★ ઉમલ્લામાં સુન્ની દા'વતે ઈસ્લામીનો સુન્ની ઈજતેમા ★

**ઉમલ્લા** : (તા. ઝઘડિયા, જિ. ભરૂચ) ખાતે તા. ૪–૩–૨૦૧૩ના રોજ સુન્ની દા'વતે ઈસ્લામીનો અઝીમુશ્શાન સુન્ની ઈજતેમા હઝરત સૈયદ સુબ્હાનીમિયાં બાપુ રાજપીપળા (ખલીફા શૈખુલ ઈસ્લામ)ની સદારતમાં યોજાયો હતો. જેમાં બુલબુલે બાગે મદીના જનાબ ખાલિદ રઝા (મુંબઈ) મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામીએ નઅતો મન્કબતની શાનદાર નૂરાની મહેફિલ સજાવી હતી છેવટે અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી અતાએ મુફતીએ આ'ઝમે હિંદ હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી રઝવી સાહબે સૂરએ ફાતિહાની તિલાવત કરી સિરાતે મુસ્તકીમ સંબંધે ઈમાન અફરોઝ બયાન કર્યું હતું. રાજપીપળા, રાજપારડી, ડભોઈ, બોડેલી, આમોદ, ભરૂચ, અંકલેશ્વર, નેત્રંગ વગેરે ઠેકાણેથી ઉલમા, મુબલ્લિગો તથા અવામે અહલે સુન્નતે હાજરી આપી હતી.

## મુનાફિક઼ત તે આનુ નામ !

# નબી વલી માટે માનો તો શિર્ક ! દેવબંદી મોલ્વી માટે માનો તો ઈમાન ?!

### કોઈ હવાલો ખોટો સાબિત કરે તેને ૧ લાખ રૂ. ઈનામ !

*દેવબંદી ધર્મની પાયાની કિતાબ 'તક઼વિયતુલ ઈમાન' જેને તેઓ જાણે કુર્આનના સ્થાને રાખે છે. તેમાં નબી વલી માટે ઈલ્મે ગયબ, હાઝિર નાઝિર માનવું, મદદ માંગવી–પુકારવું, મદદ કરવા તસર્રુફ (પહોંચ)નું માનવું, ઈખ્તિયાર હોવું.....વગેરે બાબતો* **અલ્લાહના અતા કરવાથી પણ** *માનવું* **શિર્ક** *દર્શાવ્યું છે. પણ એ જ શિર્કની માન્યતા જ્યારે પોતાના મોલ્વીની પ્રશંસામાં ગુણગાન લખવા બેસે છે ત્યારે પોતાના બુઝુર્ગની મહોબ્બતના નશામાં આ* **તૌહીદના ઠેકેદારો** *ભૂલી જાય છે ! તેમની* **દોરંગી પોલીસી***ની દાસ્તાન લોકો સમક્ષ જાહેર કરી તેમના ધોકાથી મુસ્લિમોને બચાવવા અત્રે આ પ્રકરણ શરૂ કર્યું છે જેનો અભ્યાસ કરો અને વહાબિયત દેવબંદિયતની અસલિયતને ઓળખો અને તેમની પાસે જવાબ માંગો ! (નોંધ : અહીં મોટાભાગની મેટર કિતાબ ઝલઝલા, લે. હઝરત અલ્લામા અર્શદુલ ક઼ાદરી رحمۃ اللہ علیہ, અનુવાદક : મર્હૂમ અબ્દુલગફ્ફાર ચોલા જામનગરીમાંથી છે.) –તંત્રી*

### ★ ગયબદાનીનો હૈરતનાક બનાવ ! ★

દેવબંદી વર્તુળના વિશ્વાસપાત્ર રાવી શાહ અમીરખાન પોતે શાહ અબ્દુલકાદિર દહેલ્વીના કશ્ફ અને ગયબદાની સંબંધે પોતાની કિતાબ અરવાહે ષલાષામાં હેરતઅંગેઝ વાત નક઼લ કરેલ છે, તેમણે લખ્યું છે કે:

*અકબરી મસ્જિદ જેમાં શાહ અબ્દુલક઼ાદિર રહેતા હતા તેની બંને તરફ બજાર હતું, એ મસ્જિદમાં બંને તરફ હુજરા અને બારીઓ હતી, તેમાં એકમાં શાહ અબ્દુલક઼ાદિર રહેતા હતા, અને એક પથ્થરનો ટેકો લઈને બેસતા હતા.*

*બજારમાં આવવા જવાવાળા તેમને સલામ કરતા હતા તો જો સલામ કરનાર સુન્ની હોય તો તેઓ તેને સીધા હાથ વડે જવાબ દેતા હતા અને શીઆ હોય તો ડાબા હાથ વડે જવાબ દેતા હતા. આ બાબતનો ઉલ્લેખ કર્યા પછી મૌલ્વી અબ્દુલ કૈ઼યૂમે કહ્યું કે, હું શું કહી દઉં ?* **فَاِنَّهٗ يَنْظُرُ بِنُوْرِ اللّٰهِ** *મો'મિન અલ્લાહના નૂરથી જુએ છે. (અરવાહે ષલાષા, પેજ : ૫૫)*

**فَاِنَّهٗ يَنْظُرُ بِنُوْرِ اللّٰهِ**નું વાક઼્ય બતાવી રહ્યું છે કે શીઆ અને સુન્ની વચ્ચેનો ભેદભાવ કોઈ જાહેર નિશાનીની બુનિયાદ પર ન હતો, બલ્કે **શાહ સાહબની ગયબી શક્તિ હતી** જેને મોલ્વી અબ્દુલ કૈ઼યૂમ નૂરે ઈલાહીથી સરખામણી કરી છે.

બનાવની હક઼ીક઼ત બતાવે છે કે, આ શાહ સાહબનો દરરોજનો નિત્યક્રમ હતો, અને જ્યાં સુધી તેઓ સહદરીમાં બેસતા હતા ત્યાં સુધી કશ્ફી અહેવાલનો આ ક્રમ બરાબર જારી રહેતો હતો.

હવે વિચારવાની વાત એ છે કે શાહ અબ્દુલક઼ાદિરના સંબંધે આ પ્રમાણેની શક્તિ સામાન્યતઃ દરરોજની હોવાનું સ્વીકારવામાં આવી છે, જે આંખોની રોશનીની જેમ હર સમયે બરાબર રહ્યા કરતી હતી, **પરંતુ શરમથી મોઢું છુપાવી લો કે, નબીએ મુરસલ ﷺની બાબતમાં આ પ્રકારનો અક઼ીદો આપણે**

**ધરાવીએ તો તેમની તૌહીદ ઘાયલ થઈ જાય છે અને શિર્કના ગમમાં એ શ્રીમાનો દિવસ અને રાત સળગતા રહે છે !**

હવે જરા તેની સાથે સાથે એ જ ખાનદાનના શાહ ઈસ્માઈલ દહેલ્વીની આ ઈબારત પણ વાંચી લો, તો અક઼ીદા અને અમલની અથડામણ સ્પષ્ટ રીતે મહેસૂસ થઈ શકે.

> *જો કોઈ માણસ એવો દાવો કરે છે કે હું એવું ઈલ્મ જાણુ છું જેના વડે ગૈબની વાતો માલૂમ કરી લઉં છું અને ભૂતકાળ તથા ભવિષ્યકાળની વાતો બતાવી શકું છું તો તે સાવ જૂઠો અને ખુદાઈનો દાવેદાર છે. –(તક઼વિયતુલ ઈમાન–ગુજરાતી, પ્રકાશન નંબર : ૯૬, પેજ : ૬૭–૬૮, મૂળ લેખકઃ ઈસ્માઈલ દહેલ્વી, અનુવાદક : હસન ભડકોદ્રવી, પ્રકાશક : દારુલ ઉલૂમ કંથારીયા, તા. જિ. ભરૂચ)*

**દેવબંદી ઉલ્માના માન્યવર અને વિશ્વાસપાત્ર શાહ અબ્દુલક઼ાદિર પણ છે અને શાહ ઈસ્માઈલ દહેલ્વી પણ. હવે આ બાબતનો ફૈંસલો તેમના જિમ્મે છે કે આ બંનેમાં જૂઠો કોણ છે અને સાચો કોણ છે ?** શાહ અબ્દુલકાદિર કે મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી ?!

### ★ હાફિઝ મુહમ્મદ ઝામિન થાનવી દ્વારા ક઼બ્રમાં પણ દિલ્લગી ! ★

મોલ્વી અશરફઅલી થાન્વીએ તેમના વર્તુળના એક બુઝુર્ગ હાફિઝ મુહમ્મદ ઝામિનની ક઼બ્ર સંબંધે એક ખૂબ જ દિલચસ્પ કિસ્સો બયાન કરતાં લખ્યું છે કે :–

> *એક સાહિબે કશ્ફ હઝરત હાફિઝ સાહબની ક઼બ્ર પર ફાતિહા પઢવા માટે ગયા, ફાતિહા પઢયા પછી તેઓ કહેવા લાગ્યા કે, ભાઈ ! આ કોણ બુઝુર્ગ છે ? ખૂબ જ દિલ્લગીબાઝ છે, જ્યારે હું ફાતિહા પઢવા લાગ્યો તો તેમણે (ક઼બ્રવાળાએ) કહ્યું કે, જાવ ! કોઈ મુડદા પર ફાતિહા પઢો ! અહીં જીવતા પર ફાતિહા પઢવા કેમ આવ્યા છો ?! (અરવાહે ષલાષા, પેજ : ૨૦૩)*

બયાન કરવાનો અંદાઝ જોઈ લો ! **ગયબની દુનિયાનો પડદો ઉઠાવીને જેનાથી જ્યારે ચાહે તેનાથી વાત કરી લેવી, અને જ્યારે ઈચ્છા થઈ ત્યારે ઝાંખી જોઈને તેની સ્થિતિ જાણી લેવાનું કોઈ બીજાને માટે મુશ્કેલ હોય તો હોય, પરંતુ આ શ્રીમાનોના માટે કાંઈ મુશ્કેલ નથી ?!** તેમનો તો એ જાણે દરરોજનો નિત્યક્રમ છે ! અને મુડદાઓના ઈતિહાસમાં કદાચ આ પહેલો દિલ્લગીબાઝ મુડદો છે, જેણે ફાતિહા પઢવાની મનાઈ કરીને રહમત અને સવાબથી પોતાને બેપરવા જાહેર કરેલ છે !

બનાવની એ બાજુ પણ સમજવા જેવી છે કે, પોતાના મુડદાની શ્રેષ્ઠતા સાબિત કરવા માટે આ શ્રીમાનો કેવા કેવા ખેલ રચે છે ! પરંતુ અહલે ઈસ્લામના બુઝુર્ગોની વાત આવે તો તેમને આજિઝ અને હકીર સાબિત કરવા માટે તેમની ક઼લમની અણી ખૂબ જ ઝેર ભરેલી બની જાય છે !

### ★ સૈયદ રાયબરેલ્વીનો કિસ્સો સૈયદ અહમદની ઊંઘ ! ★

તબ્લીગી જમાઅતના એક સમયના વડા મૌલ્વી અબુલ હસન અલી નદવીએ, સૈયદ અહમદ રાયબરેલ્વી (ઈસ્માઈલ દહેલ્વીના પીર) સંબંધે પોતાની કિતાબ સિરાતે સૈયદ અહમદ શહીદમાં એક વિચિત્ર કિસ્સો લખ્યો છે, તેને વાંચો :–

> *સત્તાવીસમી રાતે સૈયદ અહમદ ઈચ્છતા હતા કે રાતભર જાગીને અલ્લાહની ઈબાદત કરું, પરંતુ ઈશાની નમાઝ પછી ઊંઘે તેમના પર હુમલો કર્યો અને તેઓ સૂઈ ગયા, રાત્રીના ત્રીજા પહોરે લગભગ બે*

*શખ્સોએ તેમને હાથ પકડીને જગાડયા, તેમણે જોયું તો તેમની જમણી તરફ હુઝૂર ﷺ હતા અને ડાબી તરફ હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ બેઠા હતા, અને તેમણે કહ્યું કે, અહમદ ! જલ્દી ઉઠ અને ગુસ્લ કરી લે !*

*સૈયદ અહમદ એ બંનેને જોઈને ઉઠયા અને દોડીને મસ્જિદની હોઝ તરફ ગયા, ઠંડી ખૂબ જ હોવા છતાં બરફ જેવા પાણીથી તેમણે ગુસ્લ કર્યુ અને આપની ખિદમતમાં હાજર થયા. હુઝૂર ﷺએ ફર્માવ્યું કે, ફરઝંદ ! આજે શબેકદ્ર (સત્તાવીસમી રાત) છે, અલ્લાહની યાદમાં મશ્ગૂલ થઈ જાવ અને મુનાજાત કરો ! ત્યાર પછી એ બંને ત્યાંથી તશરીફ લઈ ગયા. (સીરતે સૈયદ અહમદ શહીદ, પેજ : ૮૪)*

**હદ થઈ ગઈ વ્યક્તિપૂજાની !** કે મોલ્વી અબુલ હસનઅલી નદવી જેવો ફોરવર્ડ લેખક જેણે આખી જિંદગી જૂનવાણી મુસલમાનોના અકીદાઓ અને પ્રચલિત બાબતોની ખૂબ મજાક ઉડાવી છે, તેવાને પણ **પોતાના પૂર્વજોની શ્રેષ્ઠતા સાબિત કરવાને માટે મુશ્રિકાના અકીદાઓનો સહારો લેવો પડયો !**

બનાવની સચ્ચાઈ સંબંધે તેમને કોઈ પણ આ સવાલ કરી શકે છે કે **જાગૃત સ્થિતિમાં હુઝૂર પુરનૂર ﷺની પધરામણીનો અકીદો શું ગયબદાની, ઈખ્તિયાર અને તસર્રુફ (અધિકાર રાખવા)ની એ શક્તિને સાબિત કરતો નથી જેનો કોઈ મખ્લૂકને માટે સ્વીકાર કરવાને મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીએ શિર્ક જાહેર કરેલ છે ?!**

જો હુઝૂર ﷺને ગયબનો ઈલ્મ ન હોતો, તો તેમને કેવી રીતે ખબર પડી કે, સૈયદ અહમદ રાય બરેલ્વી મારો ફરઝંદ છે, અને તે અમુક સ્થળે સૂઈ રહ્યો છે, ત્યાર પછી હુઝૂરે અન્વર ﷺને એવી તસર્રુફની કુદરત ન હોતી તો પોતાની મઝારે અકદસથી જીવંત ઈન્સાનની જેમ બહાર કેવી રીતે પધાર્યા, અને એવી રીતે પધાર્યા કે જોવાવાળાએ પોતાના માથાની આંખોથી તેમને જોયા અને ઓળખી પણ લીધા, અને એ આખો બનાવ પલવારમાં ખત્મ થયો નહીં, બલ્કે એટલી વાર આપ ﷺ ત્યાં તશરીફ ફર્મા રહ્યા કે સૈયદ ગુસ્લ કરીને તૈયાર થઈ ગયા.

આ બધા ઈખ્તિયારો અને તસર્રુફાત એ છે કે અલ્લાહ તબારક વ તઆલા તરફથી હુઝૂર ﷺને અતા થયા હોય તેમ માનવામાં આવે તો પણ દેવબંદી ધર્મમાં એ નિર્ભેળ શિર્ક છે. **પરંતુ આ નિર્ભેળ શિર્કને માત્ર એ લાગણી ખાતર અપનાવી લેવામાં આવ્યું છે કે જેથી પોતાના કબીલાના શયખની શ્રેષ્ઠતા ગમે તેમ સાબિત થઈ શકે, હુઝૂરે અકરમ ﷺ જેનો હાથ પકડીને ઊંઘમાંથી ઉઠાડે તેની શ્રેષ્ઠતા કેવી હશે ?! એ વિચારવાની વાત છે !**

## શાદી મુબારક

**વોરાસમની** : જનાબ મૌલાના ઈકબાલ મિસ્બાહી સાહબ (બોલ્ટન)ના નેક ફરઝંદ મૌલાના કલીમુલ્લાહ સાહબ અઝહરીની નિકાહખ્વાની હાજી મુશ્તાક હાજી સુલેમાન ધીરીવાલાની નેક દુખ્તર નાઝમીનાબાનુ સાથે તા. ૧૮–૩–૨૦૧૩ના રોજ "અકુજી કોમ્યુનિટી હોલ–દયાદરા" ખાતે રાખવામાં આવી. જેમાં તિલાવતે કુર્આન, નઅત શરીફ પછી નિકાહ સંબંધી બયાન હઝરત મૌલાના સાદિક સાબરી દહેગામીએ કર્યુ. નિકાહ ખ્વાની હઝરત મૌલાના સૈયદ મન્સૂર આલમ (મુદર્રિસ દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)એ પઢાવી. છેવટમાં સલાતો સલામ બાદ સૈયદ સાહબે દુઆ કરી હતી. ઘણા ઉલમા, હુફ્ફાઝે નિકાહખ્વાનીમાં હાજરી આપી હતી. દુલ્હા દુલ્હન તથા કુટુંબીજનો સૌને ખૂબ ખૂબ મુબારકબાદ ! રબ્બે કરીમ તેના હબીબેપાક ﷺના સદકામાં જોડાની જિંદગીને ખુશીઓથી ભરપુર રાખે અને બંને જહાનની નેઅમતોથી તેમને નવાઝે. (આમીન) *–તંત્રી બરકાતે ખ્વાજા (માસિક)*

દલીલુલ આરિફીન



# હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી** –*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

### *(મજલિસ : ૫)*

***(દલીલુલ આરિફીન*** *: મલ્ફૂઝાતે ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ)*

(**સંપાદક** : હઝરત કુત્બુદ્દીન બખ્તિયારકાકી رحمۃ اللہ علیہ)

ત્યારબાદ એ જ મોક઼ા પર ફર્માવ્યું કે અલ્લાહ તઆલાએ એક અન્ય ફરિશ્તો એ પ્રમાણે દેખાવવાળો બનાવ્યો છે કે તેનો એક હાથ આસ્માનમાં છે અને બીજો જમીનમાં છે. આસમાનવાળા હાથથી હવાને નિગાહમાં રાખે છે અને જમીનવાળા હાથ વડે પાણીને. જો પાણીને હાથથી છોડી આપે તો આખુ જગત ડૂબી જાય અને જો હવાને છોડી મૂકે તો જગત ઉપર નીચે થઈ જાય.

ત્યારબાદ એ જ મોક઼ાને અનુરૂપ ફર્માવ્યું કે અલ્લાહ તઆલાએ કોહે કાફ પેદા કર્યો છે જે એટલો મહાન છે કે તમામ દુનિયાની આસપાસ ફેલાયેલો છે અને દુનિયા તથા એમાં જે કાંઈ છે તે એની અંદર છે.

રસૂલુલ્લાહ ﷺએ એની તફસીર આ પ્રમાણે વર્ણવી છે કે અલ્લાહ તઆલાએ એક ફરિશ્તો પેદા કર્યો છે જે એ પહાડ પર બેસે છે. એની તસ્બીહ આ પ્રમાણે છે : لَاالٰهَ اِلَّااللّٰهُ مُحَمَّدٌرَسُوْلُ اللّٰهِ ﷺ એનું નામ ફરતાઈલ છે અને તે પહાડનો મુવક્કલ છે. ક્યારેક તે હાથને બંધ કરે છે ક્યારેક ખોલે છે. જમીનની રગો અલ્લાહ તઆલાએ તેના હાથમાં આપી રાખી છે. જ્યારે અલ્લાહ તઆલા જમીનને તંગ (સંકૂચિત) કરવા ચાહે છે તો ફરિશ્તાને રગો ખેંચવાનો હુકમ આપે છે જેનાથી ઝરણા સૂકાય જાય છે અને વનસ્પતિ નથી ઉગતી. જ્યારે બાગો બહાર કરવા ચાહે છે તો રગો ખોલવાનો હુકમ આપી દે છે. જ્યારે મખ્લૂક઼ને ડરાવવા ચાહે છે તો રગોને હલાવવાનો હુકમ આપે છે જેને ધરતીકંપ કહે છે, તો જ્યારે હુકમ થાય છે તો જમીન કાંપે છે.

ત્યારબાદ ફર્માવ્યું કે મેં શૈખુલ ઈસ્લામ ખ્વાજા ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہઅને શયખ સૈફુદ્દીન બાખરઝી رحمۃ اللہ علیہની ઝબાનથી સાંભળ્યું છે કે અસ્રારુલ આરિફીનમાં એવું લખ્યું છે કે અલ્લાહ તઆલાએ એ પહાડને દુનિયાથી કેટલાયે ગણો મોટો બનાવ્યો છે, જેમ કે એ પહાડની પાછળ ચુમ્માલીસ અન્ય જહાન છે, દરેક જહાનમાં તેના ચારસો હિસ્સા છે, દરેક હિસ્સો આ દુનિયા કરતાં ચારગણો છે. એ પહાડની પાછળ કોઈ અંધકાર નથી અને ન તો ત્યાં રાત થાય છે. ત્યાં જમીન સોનાની છે અને ત્યાંના રહેવાસી ફરિશ્તા છે, ન શૈતાન ન બહિશ્ત ન દોઝખ. જે દિવસથી અલ્લાહ તઆલાએ તેમને પેદા કર્યા છે ત્યારથી સર્વ ફરિશ્તા لَاالٰهَ اِلَّااللّٰهُ مُحَمَّدٌرَسُوْلُ اللّٰهِ ﷺ કહે છે. એ ચાલીસની પાછળ પડદો છે અને એની પાછળ અન્ય પડદો છે જેની વિશાળતા અલ્લાહ તઆલા જ જાણે છે.

ત્યારબાદ ફર્માવ્યું કે એ પહાડ એક ગાયના માથા પર રાખવામાં આવેલો છે જેની વિશાળતા ત્રીસ હજાર સાલની રાહ બરાબર છે. ગાય ઊભી ઊભી અલ્લાહ તઆલાની હમ્દો ષના કરે છે. તેનું માથુ પૂર્વમાં અને તેની પૂછડી પશ્ચિમમાં છે.

ત્યારબાદ શયખ ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہ એ કસમ ખાયને કહ્યું કે જે દિવસે મેં આ હિકાયત શયખ મૌદૂદ ચિશ્તીથી સાંભળી તો આપે મુરાકેબો કર્યો. એક દરવેશ ખિદમતમાં હાજર હતો. બંનેવ અદશ્ય થઈ ગયા ફરી દશ્યમાન થયા. એ દરવેશે કસમ ખાયને કહ્યું કે હું અને શયખ મૌદૂદ ચિશ્તી બંનેવ એ પહાડની પાસે હતા અને ચાલીસ જહાન જે ખ્વાજા સાહબે વર્ણવ્યા છે, ખરેખર તેમાં રજમાત્ર ફરક નથી, બરાબર એ જ પ્રમાણે છે જેવું કે ખ્વાજા સાહબે ફર્માવ્યું છે. આ મુકાશફાનો સબબ એ હતો કે મને શંકા થઈ. આપે હકીકત દરમ્યાન એ શક વિશે જાણી લીધું. એ વખતે શયખુલ ઈસ્લામ ખ્વાજા મોઈનુદ્દીન ચિશ્તી رحمۃ اللہ علیہ એ ફર્માવ્યું કે દરવેશમાં એવી બાતિની કુવ્વત હોવી જોઈએ કે જો સાંભળનાર હિકાયતે અવલિયામાં શક કરે તો એને તે દેખાડી આપે, અને કરામતની શક્તિ વડે તેને માનનારો કરે.

પછી એ જ મોકાને અનુરૂપ ફર્માવ્યું કે એકવાર હું સકરમંદની તરફ મુસાફરીમાં હતો. ઈમામ ઉલુલ લૈષના મહેલની નજીક એક બુઝુર્ગ મસ્જિદ તૈયાર કરાવી રહ્યા હતા. એક દાનિશમંદ ઊભો રહીને કહી રહ્યો હતો કે મેહરાબ આ તરફ રાખો કેમ કે કા'બા આ તરફ છે. મેં કહ્યું કે આ તરફ નહીં પણ આ તરફ છે જે તરફ હું કહું છું. મેં ખૂબ જ કહ્યું પણ તેણે ન માન્યું. મેં તેની ગરદન પકડીને કહ્યું કે જુઓ ! જે તરફ હું કહું છું એ તરફ જ કા'બા છે ! જ્યારે તેણે નજર ઉઠાવી તો એ તરફ કા'બા દેખાયો.

ત્યારબાદ કહ્યું, અલ્લાહ તઆલાએ એક એવો સાપ પેદા કર્યો છે કે જે દિવસે દોઝખ પેદા કરી, એ સાપને કહ્યું કે હે સાપ ! આ અમાનત હું તારા હવાલે કરું છું. અર્ઝ કરી કે ફર્માબરદાર છું ! અવાજ આવ્યો, મોં ખોલ ! મોં ખોલ્યું તો અલ્લાહ તઆલાએ ફરિશ્તાઓને હુકમ આપ્યો કે દોઝખ એના મોઢામાં રાખી દો. જ્યારે રાખવામાં આવી તો હુકમ થયો કે મો બંધ કરી લે ! હવે દોઝખ સાપના મોઢામાં છે અને સાતેવ જમીનની નીચે છે. તો જો દોઝખ એ સાંપના મોઢામાં ન હોત તો આખુ જગત સળગી જાત અને ખતમ થઈ જાત.

ત્યારબાદ ફર્માવ્યું, જ્યારે કયામત થશે તો અલ્લાહ તઆલા ફરિશ્તાઓને હુકમ આપશે કે એના મોઢામાંથી જહન્નમને કાઢી લાવો ! દોઝખની હજાર સાંકળો હશે અને દરેક સાંકળ પર હજાર ફરિશ્તા લટકતા હશે. તે ફરિશ્તા એટલા પ્રમાણમાં મોટા હશે કે અલ્લાહ તઆલા હુકમ કરે તો એક ફરિશ્તો તમામ મખ્લૂકાતને એક કોળિયો બનાવીને ગળી જાય. પછી દોઝખને તપાવવામાં આવશે. જ્યારે એક ફૂંક લગાડશે તો કયામત રચાઈ જશે. જ્યારે ખ્વાજા સાહબે આ ફવાઈદ ખત્મ કર્યો તો ફર્માવ્યું કે જે શખ્સ આ અઝાબથી બચવા ચાહે તો અલ્લાહ તઆલાની ફર્માબરદારી કરે કેમ કે ખુદાની નજીક આ ઈતાઅતથી વધીને કોઈ ઈતાઅત નથી. મેં અર્ઝ કરી કે એ કઈ ઈતાઅત છે ? ફર્માવ્યું, **લાચારોની ફરિયાદ સાંભળવી** અને **હાજતમંદોની હાજત પૂરી કરવી** અને **ભૂખ્યાઓને ખાવા ખવડાવવું, એનાથી વધીને કોઈ નેક કામ નથી.** જ્યારે ખ્વાજા સાહબ ખત્મ કરી ચૂક્યા તો લોકો અને હું પરત ચાલ્યા આવ્યા.

اَلْحَمْدُ لِلّٰهِ عَلٰى ذٰلِكَ


**ગૌષિયા તકવીમ લેમિનેટેડ**

**(કેલેન્ડર ટાઈપ)**

*નમાઝોનું કાયમી ટાઈમ ટેબલ*

(ગુજરાતમાં અને ખાસ ભરૂચ, સૂરત, વડોદરા જિલ્લા માટે) ઉપયોગમાં આવે તેવું. જે ૧૨ મહિનાના લેમિનેટેડ કાર્ડ પેપરો પર મલ્ટી કલરમાં આકર્ષક છપાયેલ છે. તમારી મસ્જિદો તથા ઘરો માટે પણ મંગાવશો.

**હદિયો : રૂા. ૨૦૦/–** ઠે. રઝવી કિતાબ ઘર, મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ મો. ૯૪૨૭૪૬૪૪૧૧

# ઔલિયા અલ્લાહની કરામતો

અઝ : અબુલ ક઼ાસિમ અબ્દુલકરીમ બિન હવાઝિન કુશૈરી رحمۃ اللہ علیہ

અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી
તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)

## ★ ઝુન્નૂન મિસ્રી رضی اللہ عنہની કરામત ★

મેં હમ્ઝા બિન યૂસુફથી કહ્યું કે અબુલ હસન ઈબ્ને અમ્ર ઈબ્ને કામિલે મિસ્રમાં તેમને કહ્યું કે અબૂ મુહમ્મદ નોઅમાત બિન મૂસા હૈરી હૈરામાં ફર્માવતા હતા કે બે શખ્સો લડી પડયા. એક સરકારી માણસ હતો અને બીજો આમ પ્રજામાંથી હતો. આમ આદમીએ હુમ્લો કરીને સરકારી માણસનો આગલો દાંત તોડી નાખ્યો. સિપાહી તે માણસને બાઝી પડયો અને કહ્યું કે હવે તો હાકિમની પાસે આનો ફૈંસલો થશે. રસ્તામાં હઝરત ઝૂન્નૂન મિસ્રી પાસેથી એઓ પસાર થયા. લોકોએ કહ્યું, શયખની પાસે થઈને પછી જઈએ. જેથી તેઓ તેમની પાસે ગયા અને કિસ્સો સંભળાવ્યો. આપે તે દાંત લીધો અને પોતાનો હોટ લગાડયો, પછી મોઢામાં જે જગાએ દાંત હતો ત્યાં રાખી દીધો. તેણે પોતાના હોટ હલાવ્યા તો દાંતે પોતાની જગા પકડી લીધી. તે માણસ પોતાના દાંતોને શોધતો રહી ગયો પણ તેને સર્વ દાંતો સરખા જ જણાયા!

## ★ મૃત્યુ પામેલ ગધેડો જીવંત થઈ ગયો ! ★

અમને અબુલ હુસૈન મુહમ્મદ બિન કિત્તાને બગદાદમાં કહ્યું કે તેમને અબૂ અલી ઈસ્માઈલી બિન મુહમ્મદ બિન ઈસ્માઈલ સફારે કહ્યું કે હસન બિન અરફા બિન યઝીદે તેમને જણાવ્યું કે અબ્દુલ્લાહ બિન ઈદરીસ અદવીએ ઈસ્માઈલ બિન અબૂ ખાલિદે કહ્યું કે અબૂ સબરા નખઈ (رحمۃ اللہ علیہ) ફર્માવતા હતા કે એક શખ્સ યમનથી ચાલ્યો. હજી રસ્તામાં જ હતો એવામાં એનો ગધેડો મૃત્યુ પામ્યો. તો તેણે વુઝૂ કરીને બે રકાત નમાઝ પઢી પછી કહ્યું, ઈલાહી ! હું તારી ખુશનૂદી હાંસલ કરવા માટે જેહાદ કરવા આવ્યો હતો અને હું ગવાહી આપુ છું કે તું મુડદાંઓને જીવંત કરીશ અને મુડદાંઓને કબ્રેથી ઉઠાડીશ. આજે મારા પર કોઈનું એહસાન ન રહેવા દે. તને એવી દરખાસ્ત કરું છું કે તું મારા ગધેડાને જીવંત કરી આપ ! તો ગધેડુ એ જ વખતે કાનોને હલાવતુ હલાવતુ ઉઠીને ઉભુ થઈ ગયું !

## ★ અબૂબક્ર હમ્દાનીની કરામત ★

મેં હમ્ઝા બિન યૂસુફથી સાંભળ્યું કે તેમણે અબૂબક્ર નાબેલ્સીથી સાંભળ્યું કે અબૂબક્ર હમ્દાની ફર્માવતા હતા કે હું કેટલાય દિવસો સુધી હિજાઝના જંગલમાં રહ્યો. એ દિવસો દરમ્યાન મેં કાંઈ ન ખાધુ. પછી મને ગરમ મગફળી તથા રોટીની ઈચ્છા થઈ. પછી મેં મનમાં કહ્યું કે હું તો જંગલમાં છું અને મારા તથા ઈરાકની દરમ્યાન લાંબુ અંતર છે, જેથી મને આ ચીજો ક્યાંથી મયસ્સર થશે ?! હજી હું એવું વિચારી જ રહ્યો હતો એવામાં દૂરથી એક ગામડીયો પુકારી રહ્યો હતો, ગરમ મગફળી અને રોટી ! મેં એના તરફ હાથ લંબાવ્યો અને કહ્યું, શું તારી પાસે ગરમ મગફળી અને રોટી છે ?! તેણે જવાબ આપ્યો, હા ! અને તેણે એક ચાદર જે એના ઉપર હતી તે ખોલી અને રોટી તથા મગફળી કાઢી અને કહ્યું, ખાવ ! અને મેં ખાધું. તેણે ફરી કહ્યું, ખાવ ! મેં ખાધું. તેણે ફરી કહ્યું, ખાવ ! તો મેં ખાધુ. જ્યારે તેણે ચોથીવાર કહ્યું, તો મેં કહ્યું, તમને તે ખુદાની ક઼સમ ! જેણે તમને મારી પાસે મોકલ્યા છે, એ તો બતાવો કે તમે કોણ છો ?! તેણે કહ્યું, ખિઝર (علیہ السلام) છું, અને તે અદશ્ય થઈ ગયા અને પછી મેં તેમને નથી જોયા.

## ★ અહમદ બિન અતાની કરામત ★

મેં હમ્ઝા બિન યૂસુફથી સાંભળ્યું કે અબૂ તાહિર રતી ફર્માવે છે કે મેં અહમદ બિન અતાને ફર્માવતાં સાંભળ્યા કે મક્કાના વધુ પેજ નં. ૨૬....પર

# દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ

# કાનૂને શરીઅત


**લેખક : અલ્લામા શમ્સુદીન જોનપૂરી** رحمۃ اللہ علیہ

**અનુવાદક : જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી**


## ★ બીમારી અને મોત મય્યતનું બયાન ★

**બીમારીનું બયાન :** બીમારી પણ એક મહાન નેઅમત છે. એના ફાયદા બેશુમાર છે. જો કે દેખીતી રીતે એનાથી તકલીફ થાય છે પરંતુ ખરું જોતાં રાહત અને આરામનો એક ખૂબ મોટો ખજાનો હાથ આવે છે. આ જાહેરી શરીરની બીમારી જેને માણસ બીમારી અને મુસીબત સમજે છે, હકીકતમાં રૂહાની બીમારીઓનો એક જબરદસ્ત ઈલાજ છે. ખરી રીતે અસલ (મૂળ) બીમારી તો રૂહાની બમારીઓ છે જે ઘણી જ ભયંકર ડરવાની વસ્તુ છે અને એને જ ભયંકર વિનાશક બીમારી સમજવી જોઈએ. બીમારી અને મુસીબતને આદમીએ નેઅમતની જેમ ખુશીથી સ્વીકારી લેવી જોઈએ. એમ ન કરે તો એટલું તો જરૂરી છે કે સબ્ર અને ધીરજ અડગતાથી કામ લે અને ગભરાહટ અને અધીરાઈ કરવાથી આવેલી મુસીબત દૂર થતી નથી, ઉપરાંત મોટા સવાબથી મેહરૂમ રહી જવાય એ બીજી મુસીબત છે. કેટલાક અણસમજ લોકો બીમારીમાં ઘણા જ નકામા શબ્દો બોલી દે છે બલ્કે કેટલાક તો કુફ્ર સુધી પહોંચી જાય છે, મઆઝલ્લાહ ! અલ્લાહ તઆલાને જાલિમ પણ બોલી દે છે ! આ લોકો દુનિયા અને આખેરતના નુકશાનવાળા બની જાય છે. જનાબ રસૂલુલ્લાહ ﷺ ફર્માવે છે કે મુસલમાનને જે મુસીબતો, પરેશાની, ગમ, ફિકર પહોંચે એટલે સુધી કે એને કાંટો વાગે, અલ્લાહ તઆલા એના કારણે તેના ગુનાહ મિટાવી દે છે. *(બુખારી, મુસ્લિમ વગેરે)* અને ફર્માવે છે કે મુસલમાનને જે તકલીફ પહોંચે છે, બીમારી અથવા બીજી કોઈ તકલીફ તો અલ્લાહ તઆલા એના ગુનાહોને એવી રીતે દૂર કરી નાખે છે જેવી રીતે ઝાડનાં પાંદડાંઓ ખરી પડે છે. *(સહીહ બુખારી અને સહીહ મુસ્લિમ)* અને રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે બંદાને માટે અલ્લાહ તઆલાના ઈલ્મમાં કોઈક દરજ્જો પહોંચી શક્તો નથી તો શરીર અથવા માલ અથવા ઔલાદમાં તેને અજમાવે છે પછી એને સબ્ર આપે છે એટલે સુધી કે તેને તે મર્તબા સુધી પહોંચાડી દે છે, જે તેના માટે અલ્લાહ તઆલાના ઈલ્મમાં છે. *(અહમદ અને અબૂ દાઊદ વગેરે)* અને ફર્માવ્યું કે જ્યારે કયામતના દિવસે મુસીબતવાળાઓને સવાબ આપવામાં આવશે તો આરામવાળાઓ તમન્ના કરશે કે અફસોસ ! દુનિયામાં કાતરોથી એમની ચામડી કાપવામાં આવી હોત તો કેટલું સારું ! *(તિર્મિઝી)*

**અયાદત :** એટલે કે બીમારની ખબર પૂછવા માટે જવું. દર્દીની બીમારપુર્સી માટે જવું **સુન્નત** છે, હદીષોમાં એની ઘણી જ ફઝીલત છે. હઝરત રસૂલુલ્લાહ ﷺ ફર્માવે છે કે મુસલમાન જ્યારે મુસલમાન ભાઈની અયાદત માટે ગયો તો તે પાછા ફરતાં સુધી જન્નતના ફૂલ ચૂંટવામાં રહ્યો. *(બુખારી વ મુસ્લિમ)* હુઝૂર ﷺની પવિત્ર ટેવ હતી કે જ્યારે કોઈ બીમારની ખબરપુર્સી માટે જતા તો ફર્માવતા, "કોઈ નુકશાનકારક વાત નથી ઈન્શાઅલ્લાહુ તઆલા આ બીમારી ગુનાહોથી પાક કરનાર છે." *(બુખારી)*

હુઝૂર ﷺએ ફર્માવ્યું છે કે જ્યારે તું બીમાર વ્યક્તિની પાસે જાય તો એને કહે કે તું મારા માટે દુઆ કર, કારણ કે **બીમારની દુઆ ફરિશ્તાની દુઆની જેમ છે.** *(ઈબ્ને માજહ)* અને ફર્માવે છે કે જ્યારે કોઈ મુસલમાન બીજા મુસલમાનની બીમારપુર્સી માટે જાય તો સાત વખત આ દુઆ પઢે :-

**اَسْئَالُ اللّٰهَ الْعَظِيْمَ رَبَّ الْعَرْشِ الْكَرِيْمِ اَنْ يَّشْفِيَكَ**

"અને એ બીમારીમાં અલ્લાહે એનું મોત નક્કી

નથી કર્યું તો એને સારું થઈ જશે."

**મસ્અલો** : જો એવું જાણે કે બીમારપુર્સી માટે જઈશ તો દર્દીને ખરાબ લાગશે તો એવી હાલતમાં ન જાય.

**મસ્અલો** : બીમારપુર્સી માટે જાય અને બીમારની હાલત ખરાબ જોઈ, તો બીમારની સામે એવું ન કહે કે તમારી હાલત ખરાબ છે અને મોઢા કે માથાથી પણ એવો ઈશારો ન કરે કે જેનાથી ખરાબ હાલત હોવાનું જાહેર થઈ જાય. બીમારની સામે એવી વાતો કરવી જેનાથી ખુશી થાય. એના માથા પર હાથ ન રાખવો પરંતું જો બીમાર પોતે એવી ઈચ્છા રાખે તો વાંધો નથી.

**મસ્અલો** : સખ્ત ગુનેહગારની બીમારપુર્સી કરવી જાઈઝ છે, કારણ કે બીમારપુર્સી ઈસ્લામમાં એક મુસલમાનના બીજા મુસલમાનો પર જે હક્કો છે તેમાંનો આ એક હક્ક છે. યહૂદી અથવા ઈસાઈ અથવા ઝિમ્મી કાફિર (ઈસ્લામી સલ્તનતમાં રહેતા કાફિરો)ની બીમારપુર્સી કરવી પણ જાઈઝ છે. અગ્નિપૂજકની બીમારપુર્સી માટે જવું કે ન જવું એના માટે ઉલમાઓમાં મતભેદ છે. ભલે તેઓ ઝિમ્મી હોય. (અનાયા) હિંદુઓ પણ અગ્નિપૂજક પારસીઓના હુકમમાં છે એમને પારસીઓના હુકમો લાગુ પડે છે. એહલે કિતાબ (યહૂદી, ઈસાઈ) જેવા હુકમો એમના માટે નથી. હિંદુસ્તાનના યહૂદી, નસ્રાની, મૂર્તિપૂજક એમાંના કોઈપણ ઝિમ્મી નથી. *(બહારે શરીઅત)* બદ્અક઼ીદા, વહાબી, દેવબંદી વગેરેની બીમારપુર્સી કરવી જાઈઝ નથી.

### ★ મોતનું બયાન ★

અંતે એક દિવસ આ દુનિયા છોડવાની છે, મૌત નક્કી જ છે, જ્યારે અહીંથી જવાનું જ છે, તો ત્યાંની તૈયારી કરવી જોઈએ જ્યાં હમેશાં રહેવાનું છે. અને તે સમયને હમેશાં નજર સમક્ષ રાખવો જોઈએ. હુઝૂર ﷺ ફર્માવે છે, "દુનિયામાં એવી રીતે રહો જેવી રીતે મુસાફિર, બલ્કે રસ્તે ચાલતો પ્રવાસી." અર્થાત મુસાફર એક અજાણ્યો માણસ હોય છે અને રસ્તે ચાલતો માણસ ખેલ તમાશામાં તલ્લીન થઈ રહી જતો નથી બલ્કે તે હમેશાં એમ જ વિચારે છે કે બેકાર સમય વેડફાશે અને મૂળ સ્થળે પહોંચવામાં મોડુ થશે. એ જ રીતે મુસલમાન દુનિયામાં ન ફસાય અને એવા સંબંધો ન બાંધે જેનાથી એનો મૂળ મક઼સદ મેળવવામાં રુકાવટ પેદા થાય. અને મૌતને યાદ રાખે કે મૌતની યાદ દુનિયાના સંબંધોની જડને કાપનાર છે. હદીષ શરીફમાં છે કે, "દુનિયાની લિજ્જતોને કાપનાર મૌતને ઘણુ જ યાદ કરો." પરંતું કોઈક મુસીબતના ટાણે મૌતની તમન્ના ન કરવી કેમ કે એની મનાઈ ફર્માવી છે. અને લાચારીથી કરવી જ પડે એમ હોય તો એમ કહે કે ઈલાહી મને જીવતો રાખ ત્યાં સુધી કે જિંદગી મારા માટે ભલાઈરૂપ હોય, અને મૌત દે જ્યારે મૌત મારા માટે બેહતર હોય. *(બુખારી, મુસ્લિમ)*

મુસલમાને જોઈએ કે અલ્લાહ તઆલાથી સારા ખયાલો રાખે, એની રહમતનો ઉમ્મીદવાર રહે. હદીષમાં ફર્માવ્યું છે, મુસલમાને અલ્લાહથી નેક ગુમાન (સારા ખયાલો) રાખવા, ત્યાં સુધી કે મૃત્યુ આવી લાગે, કારણ કે અલ્લાહ ફર્માવે છે, હું મારા બંદાના ગુમાન સાથે છું. અર્થાત તે મારા માટે જેવા ખયાલો રાખે છે તે મુજબ હું તેના માટે છું. (ભાવાર્થ)

હુઝૂર ﷺ એક નવજવાનની પાસે તશરીફ લઈ ગયા, તે યુવાન મરવાની તૈયારીમાં હતો. હુઝૂરે ફર્માવ્યું, 'તમારી હાલત કેમ છે ?' અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ અલ્લાહથી રહમતની ઉમ્મીદ છે અને મારા પોતાના ગુનાહોનો ડર છે. હુઝૂરે ફર્માવ્યું, આ બંને અર્થાત ઉમ્મીદ અને ડર આ સમયે જે બંદાના દિલમાં હશે અલ્લાહ તેને તે આપશે જેની તે (ઉમ્મીદ) તમન્ના રાખતો હશે અને તેનાથી એને છૂટકારો આપશે જેનાથી તેને ડર હોય.

જીવ નીકળવાનો સમય ઘણો જ મુસીબતનો સમય છે, એના ઉપર બધા જ અમલોનો આધાર રહેલો છે. બલ્કે ઈમાનનું આખેરતમાં મળનાર પરિણામ સકરાંતની ઘડી ઉપર છે. મતલબ કે મૌતની ઘડી (ખાતેમા) ઉપર જે હાલત હોય તે વિશ્વાસપાત્ર

ગણાશે. એ સમયે શયતાન મરદૂદ મોમિનનું ઈમાન છીનવી લેવાની ફિકરમાં હોય છે. જેને અલ્લાહ તઆલા ઈમાનની ઉપર મૌત નસીબ કરે તો તે કામયાબ થઈ ગયો. હુઝૂર ﷺ ફર્માવે છે કે જેનો મૃત્ય વેળાનો છેલ્લો શબ્દ લાઈલાહ ઈલ્લલ્લાહુ મુહમ્મદુર્રસૂલુલ્લાહ નીકળ્યો તે જન્નતમાં દાખલ થઈ ગયો.

**મસ્અલો** : જ્યારે મૃત્યુની ઘડી નજીક આવે ત્યારે અને મૃત્યુની નિશાનીઓ જણાવા લાગે ત્યારે જમણા પાસે (પડખે) સૂવડાવી કિબ્લા તરફ મોં કરી દેવું. અને એ પણ જાઈઝ છે કે ચટાપાટ સુવડાવવું અને કિબ્લા તરફ પગ કરી દેવા કે એમ કરવાથી કિ઼બ્લા તરફ મોં થઈ જશે. પણ એવી પરિસ્થિતિમાં માથાને જરા ઊંચે રાખે અને કિબ્લા તરફ મોં કરવામાં તકલીફ પહોંચે તેમ હોય તો જે હાલતમાં હોય તે હાલતમાં રહેવા દે. *(હિદાયા, આલમગીરી, દુર્રે મુખ્તાર)*

**મસ્અલો** : સકરાંતની હાલતમાં જ્યાં સુધી રૂહ ગળા સુધી ન આવે, એને તલ્કીન કરવી એટલે કે એની પાસે જોરથી કલ્મએ શહાદત પઢવો પણ એને પઢવાનો હુકમ ન કરે. *(આલમગીરી, ફત્હુલ ક઼દીર)*

**મસ્અલો** : જો એણે કલ્મો પઢી લીધો તો તલ્ક઼ીન કરવાનું બંધ કરે, હા ! જો કલ્મો પઢયા પછી એણે કોઈ વાતચીત કરી તો ફરી પાછી તલ્ક઼ીન કરવી કે જેથી એના છેલ્લા શબ્દો 'લાઈલાહ ઈલ્લલ્લાહ મુહમ્મદુર્રસૂલુલ્લાહ' હોય. *(આલમગીરી, જૌહરા)*

**મસ્અલો** : તલ્ક઼ીન કરવાવાળો કોઈ નેક માણસ હોય. એવું ન બને કે જેને એના મરવાથી ખુશી ઉપજે તેવો માણસ તલ્કીન કરવા બેસી જાય. અને એ વખતે તેની પાસે નેક લોકોનું હોવું ઘણુ ઈચ્છનીય છે અને સૂરએ યાસીન શરીફની તિલાવત કરવી અને ખુશ્બુ કરવી મુસ્તહબ છે, જેમ કે લોબાન, અગરબત્તી, અત્તર વગેરે. *(આલમગીરી)*

**મસ્અલો** : મૌતની વેળા હૈઝ અને નિફ઼ાસવાળી ઔરતો તેની પાસે હાજર થઈ શકે છે. *(કાઝીખાન, ફત્હુલ ક઼દી, આલમગીરી)* પરંતુ જે ઔરતને હૈઝ અને નિફ઼ાસનો સમય પૂરો થયો હોય અને હજુ ગુસલ ન કર્યું હોય તેણે અને સંભોગવાળી હાલતમાં નાપાક રહેલાએ આવવું ન જોઈએ. અને કોશિશ કરે કે મકાનમાં કોઈ તસવીર કે કૂતરુ ન હોય, જો આ ચીજો હોય તો તરત દૂર કરી દે, જ્યાં આ વસ્તુઓ (તસ્વીર અને કૂતરુ) હોય ત્યાં રહેમતના ફરિશ્તા આવતા નથી, જેઓ એની સકરાતના વખતે પોતાની અને એના માટે ભલી દુઆ કરે છે, કોઈ ખરાબ શબ્દ ન બોલે, કેમ કે એ વખતે જે કાંઈ કહેવામાં આવે છે ફરિશ્તાઓ એના માટે આમીન કહે છે. સકરાતમાં સખ્તી જુએ તો સૂરએ યાસીન અને સૂરએ રઅદ પઢે. *(બહારે શરીઅત)*

**મસ્અલો** : મરતી વેળા મઆઝલ્લાહ એની જીભથી કલ્મએ કુફ્ર નીકળી જાય તો કુફ્રનો હુકમ આપવામાં આવશે નહીં. બની શકે છે કે મૌતની તકલીફના કારણે બુદ્ધિ જતી રહી હોય અને બેહોશીમાં આ શબ્દો નીકળી ગયા હોય. *(દુર્રે મુખ્તાર, ફત્હુલ ક઼દીર, આલમગીરી)* અને એ પણ શક્ય છે કે એની પૂરી વાત સમજમાં ન આવી હોય, કારણ કે મુસીબતના ટાણે માણસ પોતાની વાત સ્પષ્ટ રીતે કહી શક્તો પણ નથી. *(બહારે શરીઅત)*

**મસ્અલો** : જ્યારે રૂહ નીકળી જાય ત્યારે એક પહોળી પટ્ટી વડે જડબાની નીચેથી લઈને માથા ઉપર ગાંઠ મારે કે જેથી મોં ખુલ્લુ ન રહે અને આંખો બંધ કરી દેવી. આંગળીઓ અને હાથ પગો સીધા કરી દેવા. આ કામ એના ઘરવાળાઓમાં જે સૌથી વધુ નરમીથી કરી શક્તું હોય તે બાપ કે બેટાઓમાંથી કરે. *(આલમગીરી, જૌહરા, નય્યરા)*

**મસ્અલો** : આંખો બંધ કરતી વેળા આ દુઆ પઢે :–

بِسۡمِ اللّٰهِ وَعَلٰى مِلَّةِ رَسُوۡلِ اللّٰهِ اَللّٰهُمَّ يَسِّرۡ عَلَيۡهِ اَمۡرَهٗ وَسَهِّلۡ عَلَيۡهِ مَا بَعۡدَهٗ وَاَسۡعِدۡهُ بِلِقَائِكَ وَاجۡعَلۡ مَا خَرَجَ اِلَيۡهِ خَيۡرًا مِّمَّا خَرَجَ عَنۡهُ۔

"બિસ્મિલ્લાહિ વઅલા મિલ્લતિ રસૂલિલ્લાહિ અલ્લાહુમ્મ યસ્સીર અલયહિ અમ્રહુ વસહિહલ અલયહિ માબઅદહુ વ અસઈદહુ બિલિકાઈક વજઅલ મા ખરજ ઈલયહિ ખયરંમમિમ્મા ખરજ અન્હો." *(દુર્રે મુખ્તાર, આલમગીરી)*

**મસ્અલો** : મુર્દાના પેટ ઉપર લોઢુ કે ભીની માટી અથવા કોઈક વજનવાળી ચીજ મૂકી દેવી કે જેથી પેટ ફૂલી ન જાય. (આલમગીરી) પરંતું જરૂરથી વધુ વજનવાળી ચીજ ન મૂકવી કે જે મુર્દાને તકલીફનું કારણ બને. *(દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલો** : મૈયતના પૂરા શરીરને કોઈક કપડાથી ઢાંકી દે અને એને પાટિયા કે ખાટલા કે બેડ ઉપર સૂવડાવી દેવું, જમીન ઉપર ન સૂવડાવવું કે જેથી જમીનની અસર ન લાગવા પામે. *(આલમગીરી)*

**મસ્અલો** : મૈયતના કફન, દફન, ગુસ્લમાં બને તેટલી જલ્દી કરવી કારણ કે હદીષ શરીફમાં એની ઘણી જ તાકીદ આવી છે. *(ઝૌહરા, ફત્હુલ કદીર)*

**મસ્અલો** : મૈયતના ઉપર પૈસાનું દેવું અથવા કોઈ પણ પ્રકારનું દેવું હોય તે જલ્દીથી ભરપાઈ કરી દે કારણ કે હદીષમાં છે કે મૈયત પોતાના દેવામાં કેદ રહે છે. એક રિવાયતમાં છે કે એની રૂહ અધ્ધર રહે છે જ્યાં સુધી દેવું ભરપાઈ કરવામાં ન આવે.

**મસ્અલો** : સ્ત્રી મરી ગઈ હોય અને તેના પેટમાં બાળક હલન ચલન કરી રહ્યું હોય તો ડાબી બાજુથી પેટ ચીરી બાળક કાઢવામાં આવે.

**મસ્અલો** : ઔરત જીવતી છે પરંતું એના પેટમાં બાળક મરી ગયું છે અને ઔરતના જીવસટોસટનો સવાલ છે તો તેવા સંજોગોમાં બાળકને કાપીને કાઢી લેવામાં આવે. અને બાળક પણ જીવતુ હોય તો ગમે તેવી તકલીફ હોય બાળક કાપીને કાઢવું જાઈઝ નથી. *(આલમગીરી, દુર્રે મુખ્તાર, બહાર)*

પેજ નં. ૨૯ નું ચાલુ...

માર્ગમાં એક ઊંટે મારી સાથે વાત કરી. મેં કેટલાક ઊંટો જોયાં જેના ઉપર કાઠલા પડેલા હતા અને તેમણે પોતાની ગરદનો રાતમાં લાંબી કરી રાખી હતી. એના પર મેં કહ્યું, પાક છે તે ખુદા જે એમનાથી આ બોજને ઉતારે છે જે એમના પર છે. એના પર એક ઊંટે મારા તરફ ફરીને જોયું અને કહ્યું, કહો જલ્લ જલાલહૂ (અલ્લાહ ઘણો મહાન છે) મેં કહ્યું, જલ્લ જલાલહૂ.

### ★ સ્ત્રી કાળી થઈ ગઈ ! ★

મેં મુહમ્મદ બિન અબ્દુલ્લાહ સૂફીથી સાંભળ્યું કે હસન બિન અહમદ ફારસીએ તેમને કહ્યું. વતીએ તેમને કહ્યું કે અબૂબક્ર બિન મુઅમર ફર્માવતા હતા કે મેં અબૂઝરઆ હલબીને ફર્માવતાં સાંભળ્યા કે એક સ્ત્રીએ મારી સાથે ધોકો કર્યો, અને કહ્યું કે ઘરમાં આવીને જરા બીમારની ખબર લઈ લો ! અંદર આવીને તેણીએ દરવાજા બંધ કરી આપ્યા, પણ મેં ઘરમાં કોઈને ન જોયું. હું વાત પામી ગયો અને કહ્યું, હે ખુદા ! આ સ્ત્રીને કાળી કરી દે ! તો તે કાળી થઈ ગઈ અને આશ્ચર્યમાં પડી ગભરાઈ ગઈ, જેથી તેણીએ દરવાજા ખોલી નાખ્યા અને હું બહાર નીકળી આવ્યો. મેં ફરી કહ્યું, હે ખુદા ! એની આગલી હાલત કરી આપ ! તો તેણી એવી જ થઈ ગઈ.

### ★ મઅરૂફ કર્ખીની કરામત ★

મેં હમ્ઝા બિન યૂસુફથી સાંભળ્યું કે અબૂ મુહમ્મદ અલ્ગતરીફીએ તેમને કહ્યું કે સિરાજે કહ્યું કે અબૂ સુલૈમાન રૂમી ફર્માવતા હતા કે મેં ખલીલ સયાદને ફર્માવતાં સાંભળ્યા કે મારો પુત્ર મુહમ્મદ ગુમ થઈ ગયો અને એનો અમને સખત સદમો થયો. જેથી હું હઝરત મઅરૂફ કર્ખી رحمۃ اللہ علیہની પાસે ગયો અને અર્ઝ કરી, હે અબૂ મહફૂઝ ! મારો પુત્ર ગુમ થઈ ગયો છે અને એની માને એનો સખત ગમ છે. આપે ફર્માવ્યું, શું ચાહે છે ?! મેં અર્ઝ કરી, દુઆ કરો કે અલ્લાહ તબારક વ તઆલા એને પરત કરી દે. તેમણે દુઆ કરી, "હે ખુદા ! આસમાન તથા જમીન બંનેવ તારાં છે અને જે કાંઈ એ બંનેની દરમ્યાનમાં છે એ પણ તારું છે, મુહમ્મદને મોકલી આપ !" ખલીલ કહે છે કે હું બાબુશશામ પહોંચ્યો તો પુત્ર ત્યાં હતો. મેં એનું નામ લઈને બોલાવ્યો તો તેણે કહ્યું, હા ! અબ્બાજી ! હું હમણા અંબરમાં હતો.

# ગલતફહમીઓ તથા તેની સુધારણા

✪ અઝ ✪
હઝરત મૌલાના તત્હીર અહમદ બરેલ્વી
✪ અનુવાદક ✪
મુહમ્મદ બશીર યૂસુફ ગોડીલ-પોરબંદર
(B.Sc. M.Ed.)

### ★ મઝારાત ઉપર હાજરીનો તરીક઼ો ★

ઔરતોને તો મઝારાત ઉપર જવાની ઈજાઝત (છૂટ) નથી. મર્દોને (પુરૂષોને) જવાની છૂટ છે, પરંતુ તે પણ અમુક નિયમો (શરતો)ને આધિન :–

૧. પેશાની જમીન ઉપર ટેકવવાને સજદો કહે છે. આ અલ્લાહ ﷻના સિવાય કોઈના માટે પણ હલાલ નથી. કોઈપણ બુઝુર્ગને તેમના જીવન દરમિયાન અથવા જિંદગી પછી (મૃત્યુ પછી) સજદો કરવો હરામ છે. કેટલાક લોકો મઝારાત ઉપર નાક અને પેશાની ઘસે છે જે સંપૂર્ણ હરામ છે.

૨. મઝારાતનો તવાફ કરવો એટલે કે તેની આસપાસ ખાનએ કા'બાની જેમ ચક્કર લગાડવું પણ નાજાઈઝ છે.

૩. અદબનો ખયાલ રાખતાં ઓછામાં ઓછું ચાર ડગના (ક઼દમ)ના અંતરે ઊભા રહીને ફાતિહા પઢે, ચૂમવું અને હાથ લગાડવું પણ મુનાસિબ નથી. *(ફતાવાએ રઝવિય્યહ, ભાગ : ૪, પેજ : ૧૬૩, એહકામે શરીઅત, પેજ : ૨૩૪)*

૪. સંગીત સાથે કવ્વાલીનું સાંભળવું હરામ છે. વિગત માટે જુઓ ફતાવાએ રઝવિય્યહ, ભાગ : ૧૦, પેજ : ૫૪ થી ૫૬.

કેટલાક લોકો સમજે છે કે નિય્યત વગર અને કા'બા શરીફ તરફ ઉભા રહ્યા વગર સજદો થતો નથી, આ પણ અજ્ઞાનતાભર્યો વિચાર છે. સજદામાં જેની તા'ઝીમ અથવા ઈબાદતની નિય્યત હશે તેને સજદો ગણવામાં આવશે અને જે સજદો અલ્લાહની ઈબાદતની નિય્યતથી કરવામાં આવશે તે અલ્લાહ તઆલા માટે હશે અને જે મઝારાત પર અથવા કોઈ પણ ગૈરખુદા (ખુદા સિવાય)ની સામે કરવામાં આવશે તે તેના માટે હશે. ખુલાસો એ જ કે જમીન ઉપર કોઈપણ બંદાની સામે માથુ ટેકવવું "હરામ" છે. તે જ પ્રમાણે રુકૂઅ જેટલું ઝુકવું પણ મના છે. હા, હાથ બાંધીને ઉભા રહેવું જાઈઝ છે.

### ★ ક઼બ્રસ્તાનમાં દીવા અને મીણબત્તી બાળવું અને અગરબત્તી અથવા લોબાન સળગાવવાનો મસ્અલો ★

શબે બરાત વગેરે પ્રસંગો પર ક઼બ્રસ્તાનોમાં દીવા, મીણબત્તી અને અગરબત્તીઓ સળગાવવામાં આવે છે. આ બાબતમાં એ જાણકારી મેળવી લેવી જરૂરી છે કે, "બરાબર ખાસ ક઼બ્રની ઉપર દિવા અને મીણબત્તી બાળવી, લોબાન અને અગરબત્તી કરવું મના છે." ક઼બ્રથી અલગ જગ્યા ઉપર આ પ્રમાણે કરવું જાઈઝ છે જયારે કે આ વસ્તુઓથી ત્યાં આવવા જવા અને કુર્આન શરીફ પઢવા અને ફાતિહા વગેરે પઢવાવાળાઓને અથવા ત્યાંથી નીકળવાવાળાઓને લાભ થવાની ઉમ્મીદ હોય. આ પ્રમાણે વિચારવું કે આ વસ્તુઓની રોશની અને ખુશ્બુ ક઼બ્રમાં જે લોકો દફન છે તેને પહોંચશે તો તે અજ્ઞાનતા, મૂર્ખાઈ, જાણકારીનો અભાવ અને ગલતફહેમી છે. દુનિયાની રોશનીઓ, સજાવટ અને શણગારો વગેરે જે ક઼બ્રસ્તાનોમાં કરવામાં આવે છે તે મુર્દાને પહોંચતાં નથી, મુર્દાને ફક્ત સવાબ જ પહોંચે છે. જો મુર્દો જન્નતી છે તો તેને માટે જન્નતની ખુશ્બુ અને રોશની કાફી છે અને જહન્નમી માટે ન તો કોઈ રોશની છે અને ન તો ખુશ્બુ." (મુલખ્ખસન–મીન) *(સહીહ મુસ્લિમ, ભાગ : ૧, પેજ : ૭૨, ફતાવાએ રઝવિય્યહ, ભાગ : ૪, પેજ : ૧૪૧)*

## ★ મઝાર ઉપર ચાદર ચઢાવવા વિશે સ્પષ્ટતા ★

અલ્લાહ તબારક વ તઆલાના નેક અને ખાસ બંદાઓ જેમને ઔલિયાએ કિરામ અને બુઝુર્ગાને દીન કહેવામાં આવે છે, તેમના વિસાલ (મૃત્યુ) પછી તેમની પવિત્ર **ક઼બ્રો ઉપર ચાદર ચઢાવવું જાઇઝ અને સારું કાર્ય છે.** આ ચાદર ચઢાવવામાં એક રહસ્ય એ છે કે આ પ્રમાણે તેમની પવિત્ર ક઼બ્રોની ઓળખ થઈ જાય છે કે આ કોઈ અલ્લાહવાળાની ક઼બ્ર છે. અને અલ્લાહના નેક બંદાઓની ઈજ્જત કરવી જેમ તેમની દુનિયવી જિંદગીમાં જરૂરી છે તેવી જ રીતે તેમના વિસાલ પછી પણ તેઓની અદબ અને ઈજ્જત જરૂરી છે. અને મઝાર ઉપર ચાદર ચઢાવવું પણ અદબ અને ઈજ્જત છે અને બીજી ક઼બ્રોથી જુદી તેમની ઓળખ બનાવે છે. જે લોકો અવલિયાએ કિરામના મઝારાત ઉપર ચાદર ચઢાવવાને નાજાઈઝ અને ગુનાહ કહે છે તેઓ ભૂલ કરે છે, પરંતુ ચર્ચામાં મસ્અલો એ છે કે, "એક ચાદર જે મઝાર ઉપર ચઢાવેલી છે તે જ્યાં સુધી જૂની અને ખરાબ ન થઈ જાય ત્યાં સુધી બીજી ચાદર ન ચઢાવવામાં આવે."

પરંતુ આજકાલ લગભગ સ્થળોએ મઝારાત ઉપર આની વિરુદ્ધ જોવા મળે છે. ફાટેલી જૂની અને ખરાબ તો દૂરની વાત છે, મેલી સુદ્ધાં થવા દેતા નથી અને બીજી ચાદર ચઢાવી દે છે. **કેટલીક જગ્યાઓએ તો પાંચ મિનિટ માટે પણ ચાદર મઝાર ઉપર રહેતી નથી, આમ ચાદર ચઢાવી અને આમ ઉતારી લીધી !** આ ખોટુ છે, નિરર્થક અને વધારાનો ખર્ચ છે. આ પ્રમાણે ચાદર ચઢાવવાને બદલે તે ચાદરની કિંમત જેટલું ખાવાનું કોઈ ગરીબને ખવડાવી દે, કોઈ ગરીબ બીમારની સારવાર કરાવી દે, કોઈ જરૂરતમંદની જરૂરતને પૂરી કરી દે, કોઈ મસ્જિદ કે મદ્રસાની જરૂરતમાં ખર્ચ કરી દે, ક્યાંક મસ્જિદ ન હોય તો મસ્જિદ બનાવી આપે અને **તેમાં તે જ બુઝુર્ગના ઈસાલે સવાબની નિય્યત કરી લે** જેમના મઝાર શરીફ ઉપર ચાદર ચઢાવવાની હતી, તો આ પ્રમાણે કરવું તે ચાદર ઉપર ચાદર ચઢાવવા કરતાં અનેક ગણુ સારું (બેહતર) છે. હા, એ જાણ કરી હોય કે મઝાર પર ચઢાવેલી ચાદર ઉતારી લીધા પછી ગરીબો, મિસ્કિનો અને મોહતાજોના કામમાં આવે છે તો **આ નિય્યતે ચાદર ઉપર ચાદર ચઢાવવામાં કોઈ વાંધો નથી.** કેમ કે આ પણ એક પ્રકારનો સદક઼ો અને ખૈરાત છે. પરંતુ આજકાલ ભાગ્યે જ કોઈ મઝાર એવો હશે જેની ચાદરો ગરીબો અને મિસ્કિનોનાં કામમાં આવતી હોય, બલ્કે મુજાવરો અને સજ્જાદાનશીનો તેના ઉપર કબ્જો જમાવી લે છે અને આ લોકો લગભગ માલદાર હોય તો આ ચાદરો ચઢાવવાથી માલદાર લોકો જ વધુ માલદાર બને છે.

ખુલાસો એ જ કે આજકાલ મઝારો ઉપર જ્યારે એક ચાદર ચઢાવેલી હોય તો ત્યાં બીજી ચાદર ચઢાવવાને બદલે ત્યાં બુઝુર્ગોના ઈસાલે સવાબ માટે સદક઼ા અને ખૈરાત કરવું અને ગરીબો, મિસ્કીનો અને મોહતાજોનું કામ કરી આપવું સારું (બેહતર) છે અને આ જ મઝહબે અહલે સુન્નત અને ઉલમાએ અહલે સુન્નતનો ફત્વો છે.

આ'લા હઝરત ઈમામે અહલે સુન્નત મૌલાના અહમદ રઝા બરેલ્વી رحمۃ اللہ علیہ ઈર્શાદ ફર્માવે છે :–

"અને જ્યારે ચાદર હાજર હોય અને તે હજુ જૂની અને ખરાબ થઈ ન હોય કે જેથી બદલવાની જરૂરત ન હોય તો ચાદર વધારાની ચઢાવવી જરૂરી નથી પરંતુ જે કિંમત તે ચાદર લેવામાં વાપરે, તેટલા રૂપિયા તે વલી અલ્લાહની રૂહને ઈસાલે સવાબ કરવા માટે કોઈ મોહતાજને આપી દે. હા, જ્યાં એ નિયમ હોય કે ચઢાવેલી ચાદર જ્યારે જરૂરતથી વધારે હોય ત્યારે મિસ્કીન અને જરૂરતમંદ ખાદિમ લઈ લે છે અને આ નિય્યતથી ચાદર ચઢાવે તો કોઈ વાંધો નથી. કેમ કે આ પણ એક સદક઼ો થઈ ગયો." *(એહકામે શરીઅત, ભાગ : ૧, પેજ : ૭૨)*

અને જો એવી જગ્યાએ જ્યાં ચાદર પહેલેથી ચઢાવેલી હોય અને જૂની તથા ખરાબ ન થઈ હોય અને ચાદર ચઢાવવાની મન્નત માનેલી હોય તો આ મન્નતને પૂરું કરવું જરૂરી નથી.

અત્રે પ્રસંગાનુસાર ''મઝારો પર હાજરીના આદાબ'' જે અમીને મિલ્લત હઝરત સૈયદ અમીનમિયાં બરકાતી મારહરવીના થકી દર્શાવેલ રજૂ કરીએ છીએ. –*(તંત્રી)*

### ★ મઝારો પર હાજરીના આદાબ ★

- ✪ વલીઓના મઝારો પર પગોની બાજુએથી હાજર થાવ અને થોડાક અંતરેથી કબ્ર મુબારકની ડાબી બાજુ ત્યાં ઉભા રહો જ્યાં સાહિબે મઝારનો ચહેરો હોય છે, પછી અદબથી સલામ પેશ કરો : અસ્સલામુ અલૈક યા સૈયદી વ રહ્મતુલિલ્લાહિ વ બરકાતુહ. ત્યાર બાદ ફાતિહા પઢે.
- ✪ અન્ય લોકો પણ ફાતિહા પઢી રહ્યા હોય તો મોટા અવાજથી ન ફાતિહા પઢે ન સલામ પઢે.
- ✪ મઝારોને બોસો આપવો જાઈઝ છે પણ બેહતર એ જ છે કે મઝારોને ન હાથ લગાડે ન ચૂમે.
- ✪ મઝાર મુબારક પર પેશાની હરગિઝ હરગિઝ ન રાખે કે સખત મના છે.
- ✪ કપડાની ચાદર પેશ કરવી જાઈઝ છે પણ બેહતર એ છે કે ફૂલોની ચાદર પેશ કરે, એનાથી અવલિયાએ કિરામની રૂહો અધિક ખુશ થાય છે.
- ✪ અગરબત્તી મઝારથી થોડાક અંતરે સળગાવે, કેમ કે એનો ફાયદો ખુશ્બુ છે અને આગવાળી ચીજોને કબ્રથી દૂર રાખવાનો હુકમ છે.
- ✪ રોશની પહેલેથી મૌજૂદ હોય તો મીણબત્તી ન સળગાવે કે એ ફુઝૂલખર્ચી છે, નહીં તો થોડાક અંતર પર મીણબત્તી સળગાવે.
- ✪ મઝારની તરફ પીઠ ન થવા પામે કે એ બેઅદબી છે. એનો અધિક ખયાલ એ લોકોએ રાખવો જોઈએ જેઓ અધિક સમય દરગાહમાં હાજર રહે છે, જેથી કરીને લોકો એમના થકી અદબ શીખે.
- ✪ રોઝા મુબારકમાં કોઈ સાથે બેધડક મોટા અવાજથી વાતચીત ન કરે કે એ અદબની વિરુદ્ધ છે.
- ✪ સ્ત્રીઓને જ્યારે મસ્જિદમાં નમાઝ પઢવા માટે હાજર થવાની ઈજાઝત નથી, તો આ ફિત્નાથી ભરપુર દૌરમાં વલીઓના મઝારો પર હાજરીની ઈજાઝત કઈ રીતે આપવામાં આવશે ?! સ્ત્રીઓ કદાપિ વલીઓના મઝારો પર હાજર ન થાય, એ જ શરીઅતનો હુકમ છે.

વલીઓના મઝારો પર હાજરીના આ જ આદાબ ઈમામે અહલે સુન્નત આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ પોતાના ફતવાઓમાં દર્શાવ્યા છે.

રજૂકર્તા : **સૈયદ શાહ મુહમ્મદ અમીનમિયાં કાદરી બરકાતી** *(સજ્જાદાનશીન ખાનકાહે બરકાતિયા, સદર : વ્યવસ્થાપક કમિટી દરગાહ શાહ બરકતુલ્લાહ, મારહરા શરીફ)*

### ★ નરસંડામાં જશ્ને આમદે રસૂલ ﷺ મનાવાયો ★

**નરસંડા** : (તા. જિ. આણંદ) ખાતે દર વરસની જેમ આ વરસે પણ તા. ૯–૨–૨૦૧૩, ૨૭–રબીઉલ અવ્વલ હિ.સ. ૧૪૩૪ ઈશા બાદ પીરે તરીકત હઝરત સૈયદ કમરુદ્દીનબાવા કારંટવીની કયાદતમાં, પીરે તરીકત અબ્દુર્રહમાનબાવા અમલીવાલા, હાજી અ.કાદિરબાવા અમલીવાલા, અલ્હાજ મુહમ્મદ હનીફબાવાની સદારતો ઈનાયતમાં યોજાયો. હાફિઝો કારી હબીબુલ્લાહ વસોવાળાએ કિર્અત પઢી. નિઝામત મૌલાના અબ્દુલ મહમૂદખાન કાદરી (વસો)એ સંભાળી. નઅતે પાક મુબીન અશરફી (બોરસદ)એ પેશ કરી તથા શાનદાર બયાનો મુફતી હાફિઝ અશરફ સાહબ (રતનપુર)એ તેમજ હઝરત સૈયદ અમીનુલ કાદરી સાહબે કર્યાં હતાં. ગુજરાતના વિવિધ સ્થળો ખાનકાહોના ઘણા બધા સાદાતે કિરામ તથા ઉલમા હાજર રહ્યા હતા. તેમજ વરસભર કરેલ તિલાવતો વઝીફા થકી અવામ તથા ખાસ લોકો તરફથી હજારોની સંખ્યામા કુર્આનના ખત્મ, વિવિધ સૂરતોના ખત્મ, દુરૂદ, કલ્મા કસીદા વગેરેના ઝિક્રો બારગાહે રિસાલતમાં સવાબના નઝરાણારૂપે પેશ કરવામાં આવેલ જેની યાદી ખૂબ લાંબી છે. આયોજકોને ખૂબ ખૂબ મુબારકબાદ ! (જનાબ અ. કૈયૂમભાઈ તરફથી આવેલ રિપોર્ટ ટૂંકાવીને કર્યો છે.) –*તંત્રી*

# ઈસ્લામે જ જગતને બતાવ્યો માનવતાનો માર્ગ !

રજૂકર્તા : **અસરાર હાફિઝ દાઊદ નક્શબંદી** *(મુતઅલ્લિમ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

ઈસ્લામ આવ્યો તે સમયે દુનિયામાં બે સૌથી મોટી હુકૂમતો હતી એક ઈરાની હુકૂમત અને બીજી રૂમી હુકૂમત. આ બે હુકૂમત વચ્ચે વારંવાર લડાઈ અને ઝઘડા થતા રહેતા હતા. આ બંનેવ હુકૂમતોના કાનૂન કાંઈક એવા હતા કે લડાઈમાં જે કેદીઓ હાથ આવતા, તેમને ખુલ્લી જગ્યાએ લોકોની સામે બેરહમીથી કતલ કરી દેવામાં આવતા ત્યાં સુધી કે રૂમીઓએ પુષ્કળ કેદીઓને જીવતા આગમાં સળગાવી દીધા હતા. પરંતુ ઈસ્લામના આગમન પછી દુનિયાને પહેલીવાર જાણવા મળ્યુ કે જંગમાં પકડાયેલા કેદીઓ પણ માણસ જ છે સભ્યતાનો તકાદો એ જ છે કે તેઓની સાથે પણ રહમ અને ભાઈચારગીનો વર્તાવ કરવામાં આવે.

જંગે બદરમાં મક્કાના કાફિરોની એક મોટી જમાઅતને કૈદ કરી હુઝૂર ﷺના દરબારમાં લાવવામાં આવી તો આપ ﷺએ તેઓની સાથે ખૂબ જ નરમી સાથે મહોબ્બતભર્યો વર્તાવ કર્યો. આપ ﷺએ ચાર ચાર કૈદીઓને સહાબાએ કિરામમાં વહેંચી આપ્યા અને નસીહત કરી કે તેઓની સાથે સારુ વર્તન કરવામાં આવે. આનાથી એ વાત પણ સાબિત થાય છે કે હુઝૂર ﷺ રહ્મતુલ્ લિલ્ આલમીન છે. આપ મો'મિન તો મો'મિન કાફિરો માટે પણ રહમત છે.

સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْن એ આ હુકમનુ પાલન કરતાં જંગી કેદીઓ સાથે મહેમાનો જેવો વર્તાવ કર્યો તો તેઓને સારુ સારુ ખાવાનુ ખવડાવતા અને તેમના રહન સહનનો ખૂબ જ ખ્યાલ રાખતા હતા. આ જ કેદીઓમાં એક કેદી સુહેલ ઈબ્ને ઉમર હતા એ અતિશય જુલ્મ કરવાવાળા હતા. તેમનો નિયમ એ હતો કે જ્યારે કોઈ મુસલમાન તેમને એકાંતમાં મળી જતો તો તે તેને દોરડાથી બાંધીને ગરમ રેતી ઉપર સૂવડાવી દેતા અને તેની છાતી ઉપર એક વજનદાર પથ્થર મૂકી દેતા. એક વખતે તેમણે હઝરત અમ્માર બિન યાસિરના હાથ અને પગ બાંધીને ગરમ રેતી ઉપર સૂવડાવી દીધા અને લોખંડ ગરમ કરીને તેમના શરીર ઉપર એટલા ડામ આપ્યા કે આપ બેહોશ થઈ ગયા. આટલો ખરાબ વર્તાવ કર્યા પછી પણ મુસલમાનોએ તેમની સાથે કેટલો સારો વર્તાવ કર્યો તેનો અંદાજો તેમના જ બયાનથી લગાડો. તે કહે છે કે, મને જે અન્સારીને સોંપવામાં આવ્યો હતો તે સવાર સાંજ મારા માટે ખૂબ જ સ્વાદિષ્ટ ખાણુ બનાવડાવતા હતા અને પોતે ખૂબ જ સાદુ ખાવા ખાતા હતા, તેમના આ સારા વર્તનથી મને ખૂબ જ શરમ આવતી હતી.

પ્યારા વાંચક મિત્રો ! કેટલાક લોકો એમ કહે છે કે ઈસ્લામ તલ્વારની તાકતથી ફેલાયો છે તો હું કહું છું કે ઈસ્લામ તલ્વારની તાકતથી નહીં પણ અખ્લાકની તલ્વારથી ફેલાયો છે. કારણ કે હુઝૂર ﷺએ પોતાના સહાબાને એવા અખ્લાક શિખવાડયા હતા જેના કારણે કાફિરો તેમનાથી ખૂબ જ પ્રભાવિત થઈ ઈસ્લામ સ્વીકારી લેતા હતા.

હુઝૂર ﷺ પછી ખુલ્ફાએ રાશિદીન અને ખુલ્ફાએ બની ઉમય્યા અને ખુલ્ફાએ અબ્બાસિયાની હુકૂમતના દૌરમાં પણ જંગી કેદીઓ સાથે ખૂબ જ સારો વર્તાવ થતો હતો અને દુનિયાએ પહેલીવાર મહેસૂસ કર્યુ કે શરીફાના જંગી કાનૂન શું હોય છે જ્યારે કે યૂરોપના જંગી અનુભવી લોકો આજે પણ એ વાતનો સ્વીકાર કરે છે કે જંગી કેદીઓ સાથે સારા વર્તાવનો કાયદો ઈસ્લામી કાનૂનનો સદકો છે. આજે દુનિયાની સારા અખ્લાકવાળી હુકૂમતો થકી જંગી કેદીઓ સાથે જ્યાં સુધી થાય ત્યાં સુધી સારો વર્તાવ કરવામાં આવે છે આ બધો ઈસ્લામનો જ સદકો છે. નહીં તો ઈસ્લામથી પહેલાં કોઈ આવુ વિચારી પણ શક્તુ ન હતું કે જંગી કેદીઓ પણ રહમ અને

ભાઈચારગીના હક્કદાર છે. આનાથી એ વાત પણ સાબિત થાય છે કે ઈસ્લામ જ એક એવો ધર્મ છે જે દરેક વ્યક્તિના હક્કને સાચવે છે જેથી તેના કાયદા કાનૂન પર ગૈર મુસ્લિમ પણ અમલ કરવા મજબૂર થઈ જાય છે.

ઈસ્લામથી પહેલાં ધાર્મિક જંગની દુશ્મની એટલો મોટો ગુનો હતો કે જેને માફ કરવામાં ન આવતો ત્યાં સુધી કે યૂરોપી દેશોમાં ધર્મલક્ષી દુશ્મનીના કારણે લોકોને જીવતા આગમાં સળગાવી દેવામાં આવતા હતા. પરંતુ ઈસ્લામે બતાવ્યું કે ધર્મલક્ષી દુશ્મની હોવા છતાં પણ બીજા ધર્મના લોકોને ગળે લગાડી શકાય છે. હઝરત અબૂબક્ર અને હઝર ઉમર رضی اللہ عنہما ના ખિલાફતકાળમાં જ્યારે મુસલમાનોએ નવા નવા દેશો ફતહ કર્યા તો જે દેશ ફતહ કરતા તેના લોકોને એમના ધર્મને પાળવાની છૂટ આપતા, જબરદસ્તી મુસલમાન ન બનાવતા. એવી જ રીતે તારીકે આ'ઝમે સ્પેન પર કબજો કર્યો તો એવું એલાન કર્યું કે ઈસાઈઓના ધર્મમાં કોઈએ દખલગીરી કરવી નહીં અને તેમની ઈબાદતગાહોને કોઈએ નુકસાન પહોંચાડવું નહીં. ઈસાઈઓને લખાણ અને બયાનની પૂરી આઝાદી આપવામાં આવે, અમે ઈસાઈઓના માલ અને જાનના જિમ્મેદાર છીએ એના બદલામાં માત્ર ઈસાઈઓએ ટેક્ષની નાની રકમ આપવાની રહેશે જેને જિઝયો કહેવાય છે. મુસલમાન ઈસાઈઓથી જે વાયદો કરશે તેના પર કાયામ રહેશે. સુલ્તાન સલાહુદ્દીન ઐયૂબીએ જ્યારે બયતુલ મુકદસ ફતહ કર્યું તો ઈસાઈઓના હક્કો કાયદાના મુતાબિક બાકી રાખ્યા, તેઓની ખાનકાહો અને ઈબાદતગાહોની સંપૂર્ણ હિફાઝત કરી. અને બયતુલ મકદસને ફતહ કર્યા પછી બયાન કરતાં એ ફાતેહે આ'ઝમે કહ્યું કે મારા દિલમાં આ જગ્યાની એટલી ઈજ્જત છે જેટલી કે ઈસાઈઓના દિલમાં છે. મને ખબર છે કે ઈસાઈઓએ આ જગ્યા પર ચાલીસ હજાર મુસલમાનોને કતલ કર્યા છે જેમાં ઔરતો અને બાળકો પણ સામેલ છે પરંતુ હું આવુ કદાપિ નહીં કરું ! હું તમને યકીન અપાવું છું કે તમારી ઈબાદતગાહોની પૂરેપૂરી હિફાઝત કરવામાં આવશે અને તમારા હક્કો સાચવવામાં આવશે.

ઈસ્લામનું આ સારુ વર્તન ફક્ત હુકૂમત અને રાજનીતિ માટે જ ખાસ નથી પરંતુ ઈસ્લામે નાગરિકતાના મામલામાં પણ માનવજાતને સાચો માર્ગ બતાવ્યો છે. એકવાર હઝરત અબૂ ઉબૈદા رضی اللہ عنہ ના પડોશમાં એક ઈસાઈ વેપારી રહેતો હતો. અચાનક કાંઈક એવા સંજોગો આવ્યા જેના કારણે તે આર્થિક રીતે બર્બાદ થઈ ગયો અને કરજ લેવાવાળાઓએ તેને ખૂબ જ પરેશાન કરી દીધો. હઝરત અબૂ ઉબૈદા رضی اللہ عنہ ને જયારે પોતાના પાડોશીની આ હાલત જાણવા મળી તો આપે પોતાના પાસેથી કરજની બધી રકમ અદા કરી દીધી. આ છે ઈસ્લામ ! અને આવો હોવો જોઈએ મુસલમાન !

ઈસ્લામે પડોશીના હક્કો પણ બતાવ્યા છે. પડોશી તકલીફમાં હોય તો તેની મદદ કરવી અને ભૂખ્યો હોય તો ખવડાવવુ. પડોશીના હક્કો બયાન કરતાં હુઝૂર ﷺ એ ફર્માવ્યું કે એકવાર જિબ્રઈલ علیہ السلام મારી પાસે આવ્યા અને મારી સામે પડોશીના હક્કો બયાન કરવાનું શરૂ કર્યું તો મને અંદેશો થયો કે ક્યાંક પડોશીને વારસદાર ન બનાવી દે !

હઝરત સઅદ બિન અબી વક્કાસે ઈરાનને ફતહ કર્યા પછી આગના પૂજારીઓને નિખાલસ દિલથી આર્થિક મદદ કરી. અને સાચુ એ જ છે કે ઈસ્લામે દુનિયાની સમક્ષ સારા વર્તાવનો જે અનોખો નમૂનો પેશ કર્યો છે તે દુનિયાના બીજા બધા ધર્મવાળા પેશ કરવાથી આજિઝ છે. હકીકત એ જ છે કે ઈસ્લામે ઈન્સાની જિંદગીના દરેક તબકામાં બેમિષાલ ઈસ્લાહ ફર્માવી છે. તેણે દુનિયાના કાયદાઓ ઉપર ઊંડો પ્રભાવ પાડયો છે. ઈસ્લામથી પહેલાં દુનિયાના કાયદા કાનૂન કાંઈક અલગ જ હતા અને ઈસ્લામ આવ્યા પછીના કાનૂન કાંઈક અલગ છે. બેશક ! ઈસ્લામ દુનિયા માટે રહમત બનીને આવ્યો છે અને ઈસ્લામના ફૈઝના દરિયાથી જેવી રીતે મુસલમાનોએ ફાયદો ઉઠાવ્યો છે તેવી જ રીતે ગૈરોએ પણ ઈસ્લામથી ઘણુ બધુ મેળવ્યું છે.

# અહલે સુન્નતના અક઼ીદા કુર્આનની રોશનીમાં

લેખક : **મૌલાના સૈયદ મુહમ્મદ અમીનઅલી ક઼ાદરી** *(નિગરાં : સુન્ની દાવતે ઈસ્લામી–માલેગાંવ)*

અનુવાદક : **મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી** *(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

કુર્આને કરીમ અલ્લાહની મહાનતમ કિતાબ છે જે અલ્લાહ તબારક વ તઆલાએ પોતાના પ્યારા મહબૂબ નબીએ આખિરુઝ્ઝમાં મુસ્તફા કરીમ રઊફો રહીમ ﷺ પર નાઝિલ ફર્માવી. કોઈ પણ બાબતમાં ભલે અક઼ીદાઓ હોય કે મસાઈલ, ઈબાદતો હોય કે મામલા તથા વ્યવહાર વગેરે સર્વની સૌ પ્રથમ બુનિયાદ અને મૂળ પાયો કુર્આને મક઼્દસ છે. સર્વ ઉલૂમો મઆરિફ(જ્ઞાનો વિદ્યાઓ)નો શ્રોત આ જ અલ્લાહ તઆલાની અઝીમ તરીન કિતાબ છે. અલ્લાહની ઝાતથી મહાન કોઈની ઝાત નથી અને કુર્આન અલ્લાહનું કલામ છે જે અલ્લાહની સિફત (ગુણ) છે માટે તેનાથી મહાન અને ઉત્તમ કોઈનું કલામ નથી હોઈ શકતું. રૂએ ઝમીન પર કુર્આન જ એ મુક઼દ્દસ કિતાબ છે જેમાં અયબ અને ભૂલ શક્ય નથી. આ જ એ અઝીમ તરીન કિતાબ છે જેના વિશે અલ્લાહ તઆલા ફર્માવે છે : لَا رَيْبَ فِيْهِ "તે ઉચ્ચ દરજ્જાની કિતાબ કોઈ શંકાને સ્થાન નથી." *(બક઼રહ–૨)*

કુર્આને મુક઼દ્દસ હિદાયતની કિતાબ છે પરંતુ એ જ કિતાબમાં અલ્લાહ પાક ﷻએ પણ ફર્માવ્યું : يُضِلُّ بِهٖ كَثِيْرًا وَّ يَهْدِىْ بِهٖ كَثِيْرًا "ઘણા લોકો એને પઢીને ગુમરાહ થશે અને ઘણા એને જ પઢીને હિદાયત પામશે."

જાણવા મળ્યું કે અલ્લાહના બંદાઓમાં અમુક એવા પણ હશે જે કુર્આન પઢીને પોતે પણ ગુમરાહ થશે અને બીજાઓને પણ ગુમરાહ કરશે. બેશક ! આ એ જ લોકો છે જે કુર્આને મુક઼દ્દસની આયતોને મુસ્તફા જાને રહમત અને સહાબાએ કિરામ, તાબઈન, અઈમ્મએ મુજતહિદીન અને મુફસ્સિરીન رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَના કથનોની રોશનીમાં કુર્આનને સમજવાને બદલે, બુઝુર્ગોનું દામન છોડી અક્કલના ઘોડા દોડાવે છે, જેથી પોતે પણ ગુમરાહ થાય છે અને બીજાઓને પણ ગુમરાહીના કીચડમાં ધસાવે છે. જેમ કે ખારજીઓ, મોઅતઝેલા અને વર્તમાનના સર્વ બાતિલ ફિર્કાઓ. જો આપણે કુર્આને મુક઼દ્દસને મુસ્તફા જાને રહમત ﷺ અને સહાબાએ કિરામ رضی اللہ عنہના કથનોની રોશનીમાં પઢીએ અને સમજીએ તો નિઃસંકોચ આપણે સિરાતે મુસ્તક઼ીમના ધોરીમાર્ગના મુસાફિર બની નજાતની મંઝિલ સુધી પહોંચી શકીએ છીએ. પરંતુ આજકાલ કમનસીબી એ છે કે અમુક લોકો પોતાની સંકૂચિત દષ્ટિ, ઈલ્મી કંગાળતા અને અક્કલના દેવાળીયાપણાને પોતાની કલા સમજીને કુર્આન ફહમીમાં ગલતફહમીના શિકાર છે અને એમ વિચારે છે કે અમારે કુર્આન સમજવામાં કોઈની જરૂરત નથી. સવાદે આ'ઝમ (અહલે સુન્નત)નો રસ્તો છોડી પોતાની બુધ્ધિને ઈમામ (માર્ગદર્શક) બનાવે છે અને કુબુધ્ધિના ચુંગાલમાં ગિરફતાર જોવા મળે છે. જો થોડીઘણી અરબી જાણીને કોઈ બુધ્ધિના આધારે કુર્આન સમજી લેતુ તો કુર્આને મુક઼દ્દસ તો અરબોમાં નાઝિલ થયું જેમની માતૃભાષા અરબી હતી, અરબી માહોલમાં તેમણે પોષણ પામ્યું હતું અને અરબવાસીઓ ફસાહતો બલાગત (અરબી સાહિત્ય)માં અજોડ હતા, એક બેઠકમાં (ફિલ બદીહ) સંખ્યાબંધ અશ્આર કહી લેવા જેમના માટે કોઈ વાત ન હતી તેમ છતાં રસૂલે આ'ઝમ મુઅલ્લિમે કાએનાત મુસ્તફા કરીમ રઊફો રહીમ ﷺના સમજાવ્યા વિના સહાબાએ કિરામ કુર્આનની અસલ મુરાદ અને ખરો મતલબ સમજી ન શક્યા.

જ્યારે સહાબાએ કિરામ રસૂલે પાક ﷺના સમજાવ્યા વિના કુર્આને મુક઼દ્દસ સમજી ન શક્યા તો આપણે સાડા ચૌદસો વરસ બાદ અજમ (ગૈર અરબ)માં પેદા થઈને ઈર્શાદાતે રસૂલ અને સવાદે આ'ઝમની ઈજમાઈ તફસીરને છોડીને કુર્આને મુક઼દ્દસ કઈ રીતે સમજી શકીશું. કાશ ! આ વાત સમજમાં આવી જાય તો ઘણા બધા વિવાદોનો ખાત્મો થઈ શકે છે અને અક઼ીદાઓ દુરુસ્ત કરી શકાય છે અને ઉમ્મતના વિખરાયેલા માળખાને સાચા અક઼ીદાની કડીમાં પરોવીને સંગઠિત તથા એકત્ર કરી શકાય છે.

દા.ત. અમુક લોકો હુઝૂર સૈયદે આલમ ﷺ અને અલ્લાહ عزوجلના બર્ગુઝીદા બંદાઓના ઈલ્મે ગૈબનો ઈન્કાર કરે છે, હુઝૂર ﷺનું હાઝિર નાઝિર હોવું, હયાતુન્નબી, દૂરથી સાંભળવું, નેઅમતોની વહેંચણી, ઉમ્મતઓની મદદ કરવી, શફાઅત, માલિકો મુખ્તાર હોવું, હલાલ હરામનો ક઼ાનૂન બનાવવાવાળા હોવું વગેરે જેવી રિસાલત મઆબ ﷺની ઘણી બધી વિશિષ્ટતાઓનો ઈન્કાર કરી દે છે અને દલીલમાં એ આયતો રજૂ કરે છે જેમાં અલ્લાહ તઆલાની ઝાતી શાનનું વર્ણન હોય છે અને ગૈરુલ્લાહ માટે એ ઝાતી ખૂબીઓનો નકાર હોય છે. જ્યારે કે કોઈપણ મુસલમાન સમજબુધ્ધિ ધરાવતા કોઈપણ મખ્લૂક઼ માટે કોઈપણ ખૂબી (ગુણ)ને જાતી નથી માનતો. બલ્કે **ઈમાનવાળાઓનો તો એ અક઼ીદો છે કે એક પાદડું પણ અલ્લાહની મરજી વિના હલી નથી શકતું. જેની પાસે જે ખૂબી છે, જે નેઅમત છે એ જાતી નથી, બલ્કે અલ્લાહના આપવાથી છે.** જ્યાં સુધી આપણે જાતી અને અતાઈનો તફાવત નહીં સમજીએ ત્યાં સુધી કુર્આને મુક઼દ્દસને ખરા અર્થમાં નથી સમજી શકતા. કારણ કે **કુર્આને મુક઼દ્દસમાં ઘણી આયતો એવી છે જેમાં કોઈ ગુણને અલ્લાહ માટે વર્ણન કરવામાં આવ્યો અને અલ્લાહ સિવાય માટે (એ ગુણનો) નકાર કરવામાં આવ્યો છે, તો બીજી આયતોમાં એ જ ગુણ અતાઈ રીતે બંદાઓ માટે ષાબિત છે.** જાણવા મળ્યું કે જાતી અને અતાઈમાં તફાવતને સમજવો કુર્આને મુક઼દ્દસના મૂળ અર્થ સુધી પહોંચવા માટે અત્યંત જરૂરી છે, નહીં તો કુર્આને મુક઼દ્દસમાં વિરોધાભાસ લાઝિમ આવશે જે (કુર્આનના) કલામે ઈલાહી હોવાના વિરૂદ્ધ છે. કારણ કે અલ્લાહ عزوجلનું ફર્માન છે :–

وَلَوْ كَانَ مِنْ عِندِ غَيْرِ اللّٰهِ لَوَجَدُوْا فِيْهِ اخْتِلَافًا كَثِيْرًا

"અને જો તે ખુદા સિવાય અન્ય તરફથી હોત, તો જરૂર તેમાં ઘણા વિરોધાભાસ હોતા." *(નિસાઅ્–૮૨)*

માલૂમ થયું કે કુર્આને મુક઼દ્દસની અગણિત ખૂબીઓમાંથી એક ખૂબી એ પણ છે કે કુર્આને મુક઼દ્દસમાં વિરોધાભાસ નથી. એના ઘણા ઉદાહરણો કુર્આને મુક઼દ્દસમાં મૌજૂદ છે જેમ કે لِلّٰهِ مَا فِى السَّمٰوٰتِ وَمَا فِى الْاَرْضِ "અલ્લાહનું જ છે જે કંઈ આસમાનોમાં છે અને જે કંઈ જમીનમાં છે." لِلّٰهِ مُلْكُ السَّمٰوٰتِ وَالْاَرْضِ "અને આકાશો તેમજ જમીનનું રાજ્ય અલ્લાહનું જ છે." *(આલિ ઈમરાન–૧૮૯)*

હવે કોઈ આ આયતો પઢીને એમ કહેવા લાગે કે "હવે કોઈ કોઈ ચીજનો માલિક નથી હોઈ શકતો, કોઈ માણસ કોઈ પણ સલતનતનો બાદશાહ નથી હોઈ શકતો, કારણ કે કુર્આનમાં તો અલ્લાહ તઆલાએ સર્વ મિલકિયતને માત્ર પોતાના માટે ફર્માવી, ગૈરુલ્લાહ (અલ્લાહ સિવાય અન્ય) માટે બાદશાહત, રાજસત્તા, માલિકીપણુ માનવું શિર્ક છે અને જે અલ્લાહ સિવાય કોઈને સલતનતવાળો (સત્તાધારી) કહે તે મુશ્રિક છે." તો એને કહેવામાં આવશે કે નાદાન ! અમુક આયતો પર ઈમાન લાવી અમુક આયતોનો ઈન્કાર કરવો ઈમાનવાળાઓનો તરીક઼ો નથી બલ્કે બેદીન, બે ઈમાનોનો તરીક઼ો છે. જેવી રીતે રબનું ફર્માન છે :–

لِلّٰهِ مَا فِى السَّمٰوٰتِ وَمَا فِى الْاَرْضِ،
لِلّٰهِ مُلْكُ السَّمٰوٰتِ وَالْاَرْضِ

"અલ્લાહનું જ છે જે કંઈ આસ્માનોમાં છે. અને આકાશો તેમજ જમીનનું રાજ્ય અલ્લાહનું જ છે." *(આલિ ઈમરાન–૧૮૯)* તેવી જ રીતે એ અહકમુલ

હાકિમીને આ પણ ફર્માવ્યું છે :–

قُلِ اللّٰهُمَّ مٰلِكَ الْمُلْكِ تُؤْتِي الْمُلْكَ مَنْ تَشَآءُ وَتَنْزِعُ الْمُلْكَ مِمَّنْ تَشَآءُ وَتُعِزُّ مَنْ تَشَآءُ وَتُذِلُّ مَنْ تَشَآءُ بِيَدِكَ الْخَيْرُ إِنَّكَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ

"આવી વિનંતી કર, અય રાજ્યના માલિક ! તું જેને ઈચ્છે તેને રાજપાટ આપે, અને જેના પાસેથી ઈચ્છે સલ્તનત ખૂંચવી લે, અને જેને ઈચ્છે આબરૂ આપે, અને જેને ઈચ્છે તેને ફજેતી આપે, બધી ભલાઈ તારા હાથમાં જ છે, બેશક ! તું સર્વ કંઈ કરી શકે છે." *(આલિ ઈમરાન–૨૬)*

હવે વાત સ્પષ્ટ થઈ ગઈ કે જ્યારે અલ્લાહ બધુ જ કરી શકે છે કે મુલ્ક (દેશ રાજ્ય)નો હકીકી માલિક અલ્લાહ તઆલા જ છે પરંતું અલ્લાહ તઆલાએ બંદાઓને પણ હુકૂમત, સલ્તનત અને નેઅમતો અતા ફર્માવી છે તો જ્યારે માલિકે હકીકીએ પોતાના ફઝ્લો કરમ અને પોતાની અતાથી સૌને મમલિકત, હુકૂમત, સલ્તનત, નેઅમત અતા ફર્માવી તો શું અલ્લાહ પાક પોતાના મુકદ્દસ નબીઓ, વલીઓ, અને ખાસ કરીને સૈયદે આલમ, ફખ્રે આદમ વ બની આદમ મેહબૂબે આ'ઝમ મુસ્તફા કરીમ ﷺ જેમના સદકામાં અલ્લાહ તઆલાએ સૃષ્ટિને સર્જન આપ્યું એ જ ખુલાસએ કાએનાત બાઈષે કુનફિકાં મુસ્તફા જાને રહમત ﷺ પર પોતાની નેઅમતો સંપૂર્ણ ફર્માવી, એમને પોતાના ફઝ્લો કરમથી ઈલ્મે ગૈબ, હાઝિરો નાઝિર, મદદ કરવાની શક્તિ, હયાત, તાજે શફાઅત, નેઅમતો આપનાર વગેરે જેવી ખૂબીઓ અતા ફર્માવે તો એમાં આશ્ચર્ય અને વાંધાજનક કઈ વાત છે ? અને એ પણ કલ્મો પઢીને ઉમ્મતી કહેવડાવીને પોતાના જ પ્યારા નબી ﷺની શાન ઘટાડવાની કોશિશ કરવી એ ક્યાંની અકલમંદી છે ? બલ્કે આપણે તો ખુશ થવું જોઈએ કે અલ્લાહ તઆલાએ આપણને એ રસૂલ અતા ફર્માવ્યા જેમના પર પોતાની સર્વ નેઅમતો પૂર્ણ ફર્માવી દીધી અને સર્વ નબીઓના ઈમામ આપણા મુકદ્દરમાં આવ્યા તથા આપણા નસીબ ચમકાવ્યાં. પરંતું દિલના રોગ અને અને દુર્ભાગ્યનો શો ઈલાજ ?! જ્યારે ઈમાન ન ભાવ્યું તો દિલમાં શકનો રોગ પેદા થયો અને પોતે પોતાની આખેરત બર્બાદ કરી બેઠા.

કુર્આને મુકદ્દસમાં આવા ઘણા ઉદાહરણો છે પરંતું લખાણ ન લંબાવતાં અમે કેવળ બે ઉદાહરણો રજૂ કરીએ છીએ જેથી હક્ક શોધવાવાળાઓને જાતી અને અતાઈ વચ્ચે તફાવત સમજવામાં સરળતા રહે અને ઈમાનની હિફાઝત થઈ શકે.

અલ્લાહ પાક ફર્માવે છે : إِنَّ الْعِزَّةَ لِلّٰهِ جَمِيْعًا "બેશક ! બધી ઈજ્જત અલ્લાહ માટે છે." *(યૂનુસ–૬૫)*

وَلِلّٰهِ الْعِزَّةُ وَلِرَسُوْلِهٖ وَلِلْمُؤْمِنِيْنَ "અને આબરૂ તો અલ્લાહ ﷻ અને તેના રસૂલ ﷺ અને મુસલમાનો માટે જ છે." *(મુનાફિકૂન–૮)*

ન્યાય પ્રિય વાંચકો ! શાંત દિલે વિચારો, બંને આયતો કુર્આને મુકદ્દસની જ છે. પરંતું પહેલી આયતમાં અલ્લાહ તઆલા ફર્માવે છે કે ઈજ્જત અલ્લાહના માટે છે, બીજી આયતમાં અલ્લાહની અતાથી રસૂલ અને મોમિનો માટે પણ ઈજ્જત સાબિત છે. એ જ રીતે કુર્આને કરીમમાં એ પણ છે : إِنِ الْحُكْمُ إِلَّا لِلّٰهِ "હુકમ તો બધો અલ્લાહનો જ છે." *(યૂસુફ–૬૭)*

فَلَا وَرَبِّكَ لَا يُؤْمِنُوْنَ حَتّٰى يُحَكِّمُوْكَ فِيْمَا شَجَرَ بَيْنَهُمْ

"તો અય મહબૂબ ! તમારા રબના સોગંદ, તેઓ મુસલમાન નહીં થાય જ્યાં સુધી તેમના અંદર અંદરના ઝઘડાઓમાં તમને હાકિમ નહીં બનાવે." *(નિસાઅ–૬૫)*

હવે વિચારો ! કે આ બંને આયતો પણ કુર્આને મુકદ્દસની જ છે. એક આયતમાં છે હુકમ કેવળ અલ્લાહનો જ છે અને બીજી આયતે મુબારકામાં મુસ્તફા કરીમ ﷺને પણ હકમ (ફૈસલ) બનાવવાનો હુકમ છે, બલ્કે જો હુઝૂર સૈયદે આલમને હાકિમ ન માને તો એવા લોકોને કુર્આને મુકદ્દસની આ આયતે કરીમામાં અલ્લાહ તઆલાએ પોતાની

ક઼સમ યાદ ફર્માવી કાફિર કહી દીધા ! કુર્આનમાં વિરોધાભાસ નથી જેથી માનવું જ પડશે કે જાતી અને અતાઈ વચ્ચે ફર્ક કર્યા વિના કુર્આનના મૂળ અર્થ સુધી આપણે પહોંચી નથી શકતા અને કુર્આનનો ખરો મતલબ આપણે સમજી નથી શકતા.

પ્રથમ આયતમાં વાસ્તવિક ઈજ્જત અલ્લાહ તઆલા માટે જ છે, હાકિમ અલ્લાહ તઆલા જ છે અને અલ્લાહની અતાથી મુસ્તફા જાને રહમત પણ ઈજ્જતના માલિક છે અને અલ્લાહની અતાથી હાકિમ પણ છે. એ જ રીતે મુસ્તફા કરીમ રઊફો રહીમ માલિકે જન્નત છે, માલિકે કુલ છે, ક઼ાસિમે નેઅમત, હાઝિરો નાઝિર છે, આલિમે મા કાન વમા યકૂન છે, મદદ કરવાની શક્તિવાળા છે, માલો દૌલતથી ગની ફર્માવવાવાળા, સાહિબે શફાઅત અને અલ્લાહ રબ્બુલ ઈઝઝતના નાઈબે આ'ઝમ તથા ખલફિએ આ'ઝમ છે. અલ્લાહ તઆલા પોતાના પ્યારા મહબૂબ મુસ્તફા કરીમ રઊફો રહીમના સદક઼ વ તુફૈલ સૌને કુર્આનની સાચી સમજ અતા ફર્માવે અને ઈમાન તથા અક઼ીદાની હિફાઝત ફર્માવે. (આમીન) ........*(વધુ આવતા અંકે)*

### ★ અલ્લાહનુ ઘર બનાવી આપો ! ★

**ભરૂચ** : ગૌષવાડ ખાતે ''આવલા મસ્જિદ''નું બાંધકામ ચાલી રહ્યું છે મહોલ્લાવાળા એટલા આર્થિક સદ્ધર નથી, ખર્ચ મોટો છે જેથી સખીદાતાઓને વિનંતિ છે કે અલ્લાહના ઘરના તામીરી કામમાં મર્હૂમ માબાપ તથા કુટુંબીજનોના ઈસાલે સવાબ અર્થે, સવાબે જારીઆ માટે શક્ય તેટલી સહાય કરશો.

A/o. No. : **25520100016696 (Bob Branch)** આવલા મસ્જિદ–ભરૂચ, કાર્યકર્તા : અબ્દુલઅહદ અબ્દુલહમીદ, મો. ૯૮૯૮૫૬૮૨૮૩, સાજિદ હુસૈન અ. મજીદ, મો. ૯૯૨૪૬૫૫૫૧૪, અ. અઝીઝ ઝવેરી, મો. ૯૯૦૪૦૪૭૮૫૧, હાજી ગુલામ યાસીન, મો. ૯૧૭૩૬ ૧૯૩૪૨

### ★ જશ્ને સંગે બુનિયાદ ★

**સુથોદરા** : ખાતે નૂરાની મસ્જિદના બાંધકામ માટે તા. ૧૩–૩–૨૦૧૩ બુધવારે અસર બાદ પીરે તરીક઼ત હઝરત સૈયદ મુહમ્મદયૂસુફબાવા (શહઝાદાએ મોહસિને અહલે સુન્નત હઝરત સૈયદ નૂરાનીબાવા–પેટલાદ)ના મુબારક હાથે અન્ય સાદાતે કિરામ તથા ઉલમાએ કિરામ તથા વિવિધ અહલે સુન્નત અવામની હાજરીમાં સંગે બુનિયાદનો પ્રોગ્રામ યોજાયો હતો. ગામની આર્થિક સ્થિતિ બરાબર નથી. બેલેન્સ બેલાખ પચાસ હજાર રૂપિયા જ છે અને બજેટ ૪૦ લાખનું છે જેથી સખીદાતાઓ મર્હૂમોના સવાબ અર્થે ઈંટો, રેતી, કપચી, સિમેન્ટ, સળીયા.... વગેરેની જવાબદારી ઉપાડે અથવા રોકડ સહાય કરે એવી અપીલ છે. સંપર્ક કરો : નૂરાની યંગ કમિટી, મુા. સુથોદરા, પો. ઓચ્છણ, વાયા : ઈખર, તા. આમોદ, જિ. ભરૂચ–૩૯૨ ૨૩૦ (મો. ૯૪૨૭૪ ૫૭૫૯૨, ૯૯૭૯૫ ૬૩૧૮૬)

### ★ રાજસ્થાનમાં મસ્જિદ બાંધી આપો ! ★

**લકડાસર** : (પો. મુલાની, ગ્રા.પ. ઝડપા, તા. ચૌહટન, જિ. બાડમેર) ખાતે દારુલ ઉલૂમ ગુલઝારે ગૌષિયા, દરગાહ શરીફ દર્સ રમઝાન ફકીર અલૈહિર્રહ્‌મહ પાસે ''નૂરી મસ્જિદ''નું બાંધકામ ચાલુ છે. હજી ફલોરિંગ, પ્લાસ્ટર, બારી દરવાજા, મીનારા ગુંબદ વગેરે કામોમાં ૪૦ લાખ જેવો ખર્ચ બાકી છે તો સખીદાતાઓ સહાય કરીને જન્નતમાં મહેલ બુક કરાવે એવી અપીલ છે.

સંપર્ક કરો : સદર ભૂરે શાહ, મો. ૯૭૮૪૭૪૩૯૯૧, ૦૯૭૯૯૪૩૬૬૯૯

# બહરુલ ઉલૂમની બારગાહમાં ખિરાજે અક઼ીદત

**રજૂકર્તા : પટેલ શબ્બીર અલી રઝવી**

*(ખલીફા : હુઝૂર તાજુશ્શરીઅહ, તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

સુન્ની જગતની મહાન હસ્તી જેમને ખાસ તથા આમ સૌએ "બહરુલ ઉલૂમ"ના લક઼બથી પોકારવામાં કોઈ ખચકાટ ન અનુભવ્યો બલ્કે ખુશી અનુભવી, તે મહાન હસ્તી બહરુલ ઉલૂમ હઝરત અલ્લામા મૌલાના મુફતી અબ્દુલમન્નાન સાહબ عَلَيۡهِ الرَّحۡمَةُ وَ الرِّضۡوَانُનો ઈન્તેકાલ તા. ૧૪–મુર્હરમ હિ.સ. ૧૩૩૪ તા. ૨૯–૧૧–૨૦૧૨ના રોજ થયો. આ મહાન હસ્તીની વિદાય પર દુઃખ વ્યક્ત કરતાં હિંદ તથા પાકના ઉલમાએ જે પ્રતિભાવો દર્શાવ્યા તેમાંથી અમુક ઉલમા તથા મશાઈખના ખિરાજે અક઼ીદત પેશ કરતાં લખાણોની ઝલક અત્રે વાંચકો સમક્ષ રજૂ કરીએ છીએ જેનાથી આપની શખ્સિયતની મહાનતા વિશે કાંઈક જ્ઞાન વાંચકોને મળી શકે. સાંભળો ! કોણ શું કહે છે ?! :–

### ★ અમીને મિલ્લત પ્રો. સૈયદ મુહમ્મદ અમીનમિયાં બરકાતી મારહરવી ★

હઝરત બહરુલ ઉલૂમ ખાનવાદએ બરકાતિયાના સાથે સતત સંકળાયેલ તથા સર્વ પ્રસંગોએ હાજર રહેનારા હતા. ઉર્સોની મહેફિલો તથા મજલિસોમાં એક ઘણા જ ઉજ્જવળ હિસ્સાના રૂપમાં હાજર રહ્યા કરતા હતા. સામાન્યતઃ "કુલ"ની અંતિમ તક઼રીર હઝરત બહરુલ ઉલૂમનો જ હિસ્સો રહ્યા કરતી હતી જેની રાહ જોનાર આમ પબ્લિકની સાથોસાથ અમો ખાનદાનની વ્યક્તિઓ પણ રહેતી. મારા નાના ભાઈ સૈયદ મુહમ્મદ અફઝલ સલ્લમહૂ તો બહરુલ ઉલૂમની તક઼રીર તથા તેમના બયાનના અંદાઝના બેહદ પ્રશંસક હતા, બલ્કે ક્યારેક ક્યારેક પોતાની તક઼રીરોમાં બહરુલ ઉલૂમનો ઉલ્લેખ તેમના બયાનના અંદાઝના હવાલાથી કર્યા કરતા.

મુફતી સાહબનો વિસાલ અહલે સુન્નતના માટે મહાન આઘાત છે. અમો ખાનદાને બરકાતના ગુલામોને સખત અફસોસ છે કે આપણી જમાઅતનો આટલો મહાન આલિમે દીન વિદાય થઈ ગયો. તેમના શાગિર્દોના શાગિર્દ પણ શૈખુલ હદીષ છે.

### ★ સૈયદ મુહમ્મદઅશરફ ક઼ાદરી બરકાતી મારહરવી ★

મારો અંગત અનુભવ હતો કે હઝરત બહરુલ ઉલૂમ ખૂબ જ ધીમા લહેજા તથા દલીલબદ્ધ અંદાઝમાં બયાન કરતા હતા અને તે બોલી ઉપયોગ કરતા હતા જે સૌના માટે આમ ફહમ (સર્વને સમજમાં આવે તેવી) હોય. ક્યારેક ક્યારેક પોતાના બયાનમાં પૂર્વી લહેજાનો ઠાઠ પણ ઉમેરી દેતા હતા. તેમનું બયાન સાંભળીને ક્યારેક તો દિલમાં જોશ ઉઠતો મહેસૂસ થતો હતો અને કદીક આંખો આંસૂઓથી ભીગી થઈ જતી હતી.

હઝરત બહરુલ ઉલૂમ رحمۃ اللہ علیہએ લાંબી ઉમર પામી પરંતું એમના ચાહવાવાળાઓ પર એમની વફ઼ાત એક આઘાતજનક બનાવની જેમ છે કેમ કે હવે દૂર નજીકમાં કોઈ એમના જેવો દેખાતો નથી. અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત પોતાના મહબૂબ હઝરત રિસાલત પનાહ ﷺના સદક઼ામાં હઝરત બહરુલ ઉલૂમ رحمۃ اللہ علیہની મગફેરત ફર્માવે અને તેમના દરવાજાઓ અધિક બુલંદ ફર્માવે....

### ★ રફ઼ીક઼ે મિલ્લત સૈયદ નજીબહૈદર બરકાતી મારહરવી ★

"તસવ્વુફ" તેમનો (બહરુલ ઉલૂમનો) એક પ્રિય વિષય હતો. મેં મોટાભાગે અનુભવ્યું કે તસવ્વુફની જુઝઈય્યાત અને અજઝાએ તરકીબી પર ચર્ચા કરતી

વખતે તેમને કદી કોઈ મુશ્કેલીઓનો સામનો નથી કરવો પડયો, કેમ કે તસવ્વુફના જે ભાગોનું બયાન તે ખૂબ સરળ તરીક઼ાથી કર્યા કરતા હતા એમાંની મોટાભાગની ખૂબીઓના પોતે પણ માલિક હતા.

હઝરત બહરુલ ઉલૂમ મારહરાના દિલદાદા (ચાહક) હતા. એકાંતમાં જાહેરમાં, સફરમાં મુક઼ામ પર, મોઢા મોઢ સામે કે પીઠ પાછળ એક જ સરખી વાત, એક જ પ્રશંસા, એક જ સરખી અદબની રીત, એક સરખી અક઼ીદત, એક સરખી નિસ્બત ! એ જ વાત છે કે અમો ખાનદાને બરકાતના ખાદિમો એમને ખૂબ જ ચાહીએ છીએ અને ચાહતા રહીશું.

## ★ હુઝૂર તાજુશ્શરીઅહ્ અખ્તર રઝા અઝહરી–બરેલી શરીફ ★

તે મહાન આલિમ હતા. અહલે સુન્નત વ જમાઅતના ઘણા જ વિશ્વાસપાત્ર અને મસ્લકે આ'લા હઝરતના નક઼ીબ હતા. એમને આ'લા હઝરત ઈમામે અહલે સુન્નત વ જમાઅતથી મહોબ્બત, હાફિઝે મિલ્લતની ઈરાદત તથા બયઅત, વળી હુઝૂર સદરુશ્શરીઅહ્ رِضْوَانُ اللهِ تَعَالٰی عَلَيْهِمْ اَجْمَعِيْنَથી નિસ્બત હતી. ખાસ રૂપે તેમને આ'લા હઝરતથી મહોબ્બત તથા અક઼ીદત હતી.

હુઝૂર મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہની હયાતમાં તે અહીં (બરેલી શરીફ) હાજર થતા રહ્યા. બરેલીના જલસાઓમાં એમની શિર્કત યાદગાર છે.

ગયા વરસનો જ બનાવ છે કે ઘણા જ કમજોર હતા અને હું સંજોગોવસાત પીલીભીત જઈ રહ્યો હતો. મને જણાવવામાં આવ્યું કે મુફતી સાહબ ગલીમાં મૌજૂદ છે. મને મળવા તશરીફ લાવ્યા. આ એમની મહોબ્બત અને મારા પર ઈનાયત હતી કે જ્યારે પણ બરેલી શરીફ આવતા તો મારી સાથે જરૂર મળતા હતા. સંજોગોવસાત હું રોકાઈ ન શક્યો, પીલીભીત જવું પડયું. મેં કાંઈક નઝરાણુ તેમને મોકલાવ્યું તો કહ્યું, આની શું જરૂર હતી ?! જ્યાં સુધી જિંદગી છે ઉર્સે રઝવીમાં હાજર થતો રહીશ. અલ્લાહ તબારક વ તઆલા તેમની ખિદમતો તથા આ'લા હઝરતથી વાબસ્તગીને ક઼બૂલ ફર્માવે.

હઝરત શાહ બરકતુલ્લાહ સાહબ, સાદાતે મારહરા મુતહ્હરા, હુઝૂર આ'લા હઝરત, હુઝૂર હાફિઝે મિલ્લત અને રઝવિય્યત.... આ તમામ સુન્નીઓનો તેમને ફય્ઝ પહોંચાડે, એમની રૂહે પુર ફુતૂહને સુકૂન અતા ફર્માવે અને તેમની ક઼બ્રને અન્વારથી રોશન બનાવે. આમીન બિજાહિ સૈયદિલ મુરસલીન ﷺ.

## ★ મુહદ્દિષે કબીર હઝરત અલ્લામા ઝિયાઉલ મુસ્તફા–ઘોસી ★

મુફતી સાહબ (બહરુલ ઉલૂમ) ઘણા જ દૂરંદેશ હતા. તે જ્યાં ચાહતા ઈલ્મનું શહેર આબાદ થઈ જતું. અલ્લાહ તઆલાએ તેમને ફઝાઈલો કમાલાત પણ અતા ફર્માવ્યા. પોતાની તદરીસ તથા ખિતાબથી પૂરા હિંદુસ્તાનમાં ઈલ્મો અમલનો ડંકો વગાડયો. એક દૌર હતો જ્યારે આપને ફુરસદ ન મળતી હતી, સમય ન આપી શક્તા હતા. તેમની તક઼રીર લોકોના દિલોમાં ઉતરી જતી હતી. તક઼રીર દરમ્યાન કોઈ એક માણસ પણ મજમાથી ઉઠતો ન હતો અને આપે જે વિષય પર તક઼રીર કરતા તેના પર શરૂથી અંત સુધી પોતાના વિષય પર પૂર્ણપણે બોલતા. આપના વિસાલથી ઈલ્મી દુનિયાને જબરદસ્ત ચોટ પહોંચી છે. ખુદાએ પાક તેમની નૂરાની તુર્બત પર રહમતોની વર્ષા કરે. (આમીન)

## ★ શયખુલ ઈસ્લામ હઝરત સૈયદ મુહમ્મદ મદની અશરફી જીલાની ★

હા ! મને જાણ થઈ ચૂકી કે બહરુલ ઉલૂમ હઝરત મુફતી અબ્દુલ મન્નાન સાહબ ક઼િબ્લા આ'ઝમીનો વિસાલ થયો. અલ્લાહ તઆલા એમના દરજાઓ બુલંદ ફર્માવે. અમારા આ જ એક ઉસ્તાદ હતા જે બાહયાત હતા, હવે એ પણ વિદાય થઈ ચૂક્યા ! યક઼ીનન ! એમનું ચાલ્યા જવું અહલે સુન્નત વ જમાઅતના માટે મહાન આઘાત છે. હઝરત મુફતી સાહબ ક઼િબ્લા મહાન ખૂબીઓના માલિક હતા. ઘણા

જ મજબૂત ઈરાદાવાળા, બાહોસલા અને સક્રિય ઉદ્યમી આલિમે દીન હતા. જે ઈલ્મી કામની તરફ ધ્યાન કરતા એને કરી જ નાખતા ! ઈલ્મી તથા ફન્ની વ્યસ્તતામાં ચૂર એમની જિંદગી હતી......

મેં જો કે હઝરત મુફ્તી સાહબથી દરમિયાની એકાદ બે કિતાબો પઢી હતી, પણ હું એ સારી રીતે જાણુ છું કે તેમનામાં જે ખૂબીઓ હતી તે એક સમયે કોઈ એક વ્યક્તિમાં ખૂબ જ ઓછી જોવા મળે છે. તે જેવી રીતે એક ખૂબ સારા માહિરુલ ફન મુદર્રિસ હતા. તેવી જ રીતે તે ખૂબ જ સારા અદીબ (સાહિત્યકાર) પણ હતા. દર્સે નિઝામીના અતિ ગુંચવણભર્યા મસાઈલને ખૂબ જ સારી ખૂબીપૂર્વક તાલિબે ઈલ્મના દિમાગમાં ઉતારી દેવું એ એમની વિશિષ્ટતા હતી. તેહકીકી અંદાઝના લેખક અને ઉમદા મુકર્રિર હતા. અને લગભગ શેઅરો શાઈરીથી પણ કાંઈક લગાવ ધરાવતા હતા. અને વળી એનાથી મહાન ખૂબી એ કે ફતવા લેખનના કાર્યને ઘણી જ જિમ્મેદારીથી નિભાવ્યા કરતા.

એકવાર ખૂદ હઝરત મુફ્તી સાહબ કિબ્લાએ મને વાતો વાતોમાં જ ફર્માવ્યું કે, ''બહરુલ ઉલૂમ''નો આ લકબ તેમને મૌલાના અર્શદુલ કાદરી સાહબ તરફથી મળ્યો. મૌલાના અર્શદુલ કાદરી જો કે ખિતાબ તથા અલ્કાબ આપવામાં ઘણા સખી સાબિત થયા છે, પણ હું સમજુ છું કે તેમણે પોતાની સખાવતનો ઈઝહાર યોગ્ય સ્થાને જ કર્યો છે. હઝરત મુફ્તી સાહબ એના હક્કદાર હતા.

હઝરત મુફ્તી સાહબ પોતાની પાછળ બાકિયાતે સાલિહાતમાંથી કેટલીયે કદરને પાત્ર ચીજો છોડી ગયા જે યકીનન ! તેમના માટે નજાતનો અને દરજાતની બુલંદીનો સબબ છે. અલ્લાહ તઆલા એમના પર પોતાની ખાસ રહમતો ફર્માવે. (આમીન)

### ★ ખૈરુલ અઝકિયા અલ્લામા મુહમ્મદ અહમદ મિસ્બાહી-મુબારકપુર ★

બહરુલ ઉલૂમના જે ગુણોથી હું પ્રભાવિત થયો તેમાં તેમની સાદગી, બેતકલ્લુફી તથા ગંભીરતા પણ છે જેનાથી પ્રારંભિક છાપ મારા દિમાગમાં વિદ્યાર્થીકાળથી પડેલી છે.

ફતાવાના થકી જે ઈલ્મી શરઈ કામ દેશવ્યાપી કક્ષાએ લાભકારક થયું એની વિગતોની જાણકારી માટે ''ફતાવા બહરુલ ઉલૂમ''ની છ મોટી જિલ્દોનો અભ્યાસ પૂરતો છે.

''ફતાવા રઝવિય્યહ્''નો ડંકો આજે પૂરા ઈલ્મી જગતમાં વાગી રહ્યો છે અને ઈલ્મો ફનમાં ડૂબકી મારનારા મરજીવાઓ એમાંથી વિવિધ ઈલ્મો ફનના હજારો હજાર મોતીઓ કાઢીને ગર્વ અનુભવે છે, પરંતુ એ સૈયદી મુફતીએ આ'ઝમના કરમ તથા હાફિઝે મિલ્લત رحمۃ اللہ علیہની તકવિયતનો સદકો છે. ઉસ્તાઝુલ અલ્લામ મૌલાના અબ્દુર્રઉફ બલ્યાવીની હિંમતે મર્દાના તથા સતત કોશિશ અને બહરુલ ઉલૂમની રાત દિવસની કોશિશો મહેનતોનો સદકો છે જેના થકી ૩ થી ૮ સુધીની જિલ્દો અધ્યાહન ખૂણામાંથી ફાયદાના મેદાનમાં જોવા મળી.

### ★ મુફ્તી મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી-મુબારકપુર ★

શયખુલ અસાતેઝા હઝરત બહરુલ ઉલૂમ અબ્દુલ મન્નાન આ'ઝમી અઝીઝી رحمۃ اللہ علیہ હુઝૂર હાફિઝે મિલ્લત મૌલાના શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દિષે મુરાદાબાદી رحمۃ اللہ علیہના તે અમુક નામવર શાગિર્દોમાંથી છે જેમના પર જામિઆ અશ્રફિયહ્ને ફખ્ર હાંસલ છે અને તેઓ પોતાના મહાન કારનામાંઓના કારણે દુનિયાના અસ્તિત્વ સુધી જીવંત રહેશે. હઝરત બહરુલ ઉલૂમ નેક તબીઅત, નેક ખસલત અને સાહિબે મહાસિન બુઝુર્ગ હતા. તફસીર, હદીષ, ઉસૂલે હદીષ, ફિક્હ, ઉસૂલે ફિક્હ, કલામ, તસવ્વુફ, સીરત, અરબી અદબ, સરફ તથા નહ્વ, મઆની તથા બયાન, મન્તિક તથા ફલસફા વગેરે ઈલ્મોથી સમૃદ્ધ હતા, એ સૌની સાથોસાથ ફસીહુલ બયાન, કાદિરુલ કલામ અને પુરમગ્ઝ ખતીબ, ઉર્દૂ સાહિત્યના સારા લેખક અને નઅત તથા મન્કબતના બેહતરીન શાઈર હતા. આ

જ તે ગુણો છે જેના લીધે આપને "બહરુલ ઉલૂમ"નો લકબ શોભા આપે છે. જો કે આપ પોતાનો આ લકબ પસંદ કરતા ન હતા અને આજીજીના રૂપે આ પ્રમાણે કહેતા :–

**બહલા રહે હૈં અપની તબીઅત ખિઝાં નસીબ**
**કાગઝ પે ખિંચ ખિંચકર નક્શા બહરકા**

આપની અજોડ અનેક ખૂબીઓ વર્ણવ્યા બાદ હઝરત મુફતી નિઝામુદ્દીન સાહબ જણાવે છે.....આ રીતે હઝરત બહરુલ ઉલૂમ અબ્દુલમન્નાન આ'ઝમી મિસ્બાહી "અઝીઝી" થયા. ખુદાએ કરીમ આપની નૂરાની કબ્ર પર રહમત તથા ગુફરાનની વર્ષા નાઝિલ ફર્માવે.

આપે સારો ઈલ્મ હાંસલ કર્યો, સારા આલિમ તથા મુફતી બન્યા, સારી જિંદગી ગુજારી, સારાં કામો કર્યા, સારા પીરનો ઈન્તેખાબ કર્યો અને સારા દિવસે દફન થયા જેમાં હઝરત સૈયદે આલમ નૂરે મુજસ્સમ ﷺની ઝિયારતનો શરફ કબ્રમાં જરૂર હાંસલ થાય છે. અને આશિકે રસૂલ આ'લા હઝરત رحمۃ اللہ علیہના કૌલ પ્રમાણે આ બશારતના હક્કદાર બન્યા :

**કબ્રમેં લહરાએંગે તાહશ્ર ચશ્મે નૂરકે**
**જલ્વા ફર્મા હોગી જબ તલ્અત રસૂલુલ્લાહકી (ﷺ).**

## ★ મુફક્કિરે ઈસ્લામ અલ્લામા કમરુઝ્ઝમાંખાં આ'ઝમી ★

બહરુલ ઉલૂમ હઝરત અલ્લામા મુફતી અબ્દલ મન્નાન સાહબ رحمۃ اللہ علیہનો ઈન્તેકાલ ઈલ્મી દુનિયાનો એક એવો દુઃખદ બનાવ છે જે મુદ્દતો સુધી મહેસૂસ થતો રહેશે. એમના વિસાલથી તદરીસ તથા તેહકીક, ઈફતા તથા ખિતાબત તથા કયાદતનો એક સોનેરી યુગ ખતમ થઈ ગયો. તેમની જાત કમાલોનું ઉગમસ્થાન અને એ પ્રમાણે વિવિધ પ્રકારની ખૂબીઓની માલિક હતી કે જેનું એક જાતમાં એકત્ર થવું દુર્લભ છે. એઓ એક મહાન મુદર્રિસ, બાકમાલ મુહક્કિક, ભરચક ઈલ્મવાળા મુફતી, અજોડ ખતીબ, બાવકાર કાઈદ અને મહાન લેખક તથા શાઈર હતા.

આજે એ આપણા વચ્ચે નથી પણ તેમના સળગાવેલા ચિરાગો વડે દુનિયા હમેશાં રોશની હાંસલ કરતી રહેશે. તેમના શાગિર્દ અને શાગિર્દોના શાગિર્દ પૂરા જગતમાં તેમનો ઈલ્મી વારસો વહેંચી રહ્યા છે. આ રીતે એમનો ફયઝ હમેશાં જારી વ સારી રહેશે.

## ★ અઝીઝે મિલ્લત અશ્શાહ અલ્લામા અબ્દુલહફીઝ સાહબ–મુબારકપુર ★

બહરુલ ઉલૂમ હઝરત અલ્લામા મુફતી અબ્દુલ મન્નાન સાહબ કિબ્લા رحمۃ اللہ علیہનો વિસાલ પુર મલાલ પૂરા સુન્ની આલમ માટે એક મહાન આઘાતજનક છે. હઝરત બહરુલ ઉલૂમે જે દીની ઈલ્મી અઝીમુશ્શાન ખિદમતો અંજામ આપી તે હમેશા ચમકતી દમકતી રહેશે અને ખાસ તથા આમ લોકો આપના ઈલ્મી ફયઝાનથી લાભ ઉઠાવતા રહેશે. અલ્લાહ તબારક વ તઆલા પોતાના હબીબ ﷺના સદકામાં હઝરતને ખુલ્દે બરીમાં આ'લા મકામ અતા ફર્માવે. (આમીન)

## ★ મૌલાના ઈકબાલ મિસ્બાહી તથા મૌલાના નિઝામુદ્દીન મિસ્બાહી (ભરૂચ) ★

બહરુલ ઉલૂમ હઝરત મુફતી અબ્દુલમન્નાન આ'ઝમી رحمۃ اللہ علیہની કાબેલિયતો તથા ખિદમતો અખંડ ભારતના ઈલ્મી વર્તુળોમાં પ્રખ્યાત તથા મશહૂર છે. આપની પુરવકાર જાત, સાદી રીતભાત તથા નમ્રતાપૂર્ણ વર્તાવ તથા પોતે આજિઝાના સ્વભાવવાળી હતી. આપ તફસીર તથા હદીષ પઢાવવામાં બયઝાવી તથા બહયકીના જાનશીન, લેખન ક્ષેત્રના શેહસવાર, ખિતાબતના ક્ષેત્રમાં એક શોલાનવા ખતીબ, ઈફતાના મેદાનમાં તીવ્રદષ્ટા મુફતી, તલબાના માટે સરાપા શફકત (પ્રેમાળ) અને સાથીઓની અંજુમનમાં માથાથી પગ સુધી ખુલૂસવાળા હતા. અલ્લાહ عزوجل પોતાના પ્યારા હબીબ ﷺના સદકામાં આપની ખિદમતોને કુબૂલિયતના શરફથી નવાઝે. આમીન બિજાહિન્નબી કરીમ ﷺ.

★ મૌલાના મુહમ્મદશાકિર નૂરી, અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી ★

હું જ્યારથી સમજણો થયો ત્યારથી મારાં વાલિદૈન કરીમૈનને ઉલમાએ કિરામ તથા મશાઈખે એઝામની ખિદમત કરતાં તથા તેમની દુઆઓ લેતાં જોયાં. મારાં વાલિદૈન મોટાભાગે ફર્માવ્યા કરતાં હતાં કે બેટા ! જે કામ મહેનતથી નથી બનતુ તે ઘણીવાર દુઆઓથી બની જાય છે, અને જે કામ દુશ્મનથી નથી બગડતુ તે ઘણી વાર બદ્દુઆથી બગડી જાય છે જેથી હમેશાં દુઆઓ લેવાનો મોકો તલાશ કરો, અને ખાસ કરીને ઉલમા તથા મશાઈખની દુઆઓ લેવામાં કોઈ કસર ન છોડો. મારા વાલિદૈને જે જે બુઝુર્ગોની ઝિયારતનો શરફ હાંસલ કર્યો હતો એમાં ખાસ કરીને એ દૌરમાં સરકાર હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ, હુઝૂર મુજાહિદે મિલ્લત, હઝરત અલ્લામા રિફાકત હુસૈન رحمۃ اللہ علیہم اجمعین પોતાની દીની ખિદમતોના સબબે કેન્દ્ર સ્થાને હતા. આ નુફૂસે કુદ્સિયહ (પવિત્ર હસ્તીઓ) દીન તથા મઝહબના પ્રચારની સાથે આમ તથા ખાસ લોકોની ઈસ્લામ તથા રહનુમાઈનો ફરીઝો ખૂબ સારી પેઠે અંજામ આપતા રહ્યા. એ બુઝુર્ગોના દૌરા અમારા જુનાગઢ તથા આસપાસમાં ખૂબ થતા રહેતા હતા. મુલાકાત થતી તો એ હોસલા અફઝાઈ પણ ફર્માવતા તથા શફક્તભરી નજર પણ ફર્માવતા. તેમના રાત્રિ તથા દિવસોની સાદગી, ઝૌકે બંદગી, ઈસ્લામ તથા સુન્નિયતના પ્રચારનો જઝબો વગેરે જોઈને દિલમાં તેમની અઝમત બેસી જતી અને દિલ આપોઆપ કહેવા લાગતું કે એમની દુઆઓથી યકીનન અમારી બિગડી સંવરી જશે. એ હઝરાતના વિસાલ બાદ એવું લાગ્યું કે સાદગીપસંદ, સાફ દિલ, હોસલા અફઝાઈ કરનારી જાતોનો દુકાળ પડી ગયો હોય. પરંતુ તેમ છતાં પણ આ દુનિયા એવા લોકોથી ખાલી નથી રહી, આજે પણ એવી શખ્સિયતો મૌજૂદ છે જેમના કારણે જ સુન્નિયત તથા સુન્ની મહેફૂઝ છે. તે પવિત્ર હસ્તીઓમાંથી હુઝૂર બહેરુલ ઉલૂમ અલ્લામા મુફતી અબ્દુલમન્નાન સાહબ કિબ્લા આ'ઝમી رحمۃ اللہ علیہ હતા જેઓ યકીનન ! બહેરુલ ઉલૂમ હતા. હજારો મુફ્તિયાને કિરામ તથા ઉલમાએ કિરામ એમના શાગિર્દ છે. મેં હઝરત મૌસૂફને હિંદુસ્તાનથી લઈને મદીના મુનવ્વરા સુધી જોયા અને આપની સોહબતમાં રહીને આપનો ફયઝ હાંસલ કર્યો. સાદા તબીઅત, ઈલ્મનો કોઈ ઘમંડ નહીં, આજિઝ સ્વભાવવાળા, બલ્કે એવું કહું તો ગલત ન ઠરશે કે તે ગોડદીમાં લઅલ હતા. ખૂબ જ શફકત અને એટલા પ્રમાણમાં પ્રોત્સાહન આપતા શબ્દો ફર્માવતાં કે એવું મહેસૂસ થતું કે કાશ ! હઝરત જેવું ફર્માવે છે તેવું થઈ જાય તો કામ બની જાય ! હઝરત બહરુલ ઉલૂમ عَلَیۡهِ الرَّحۡمَةُ وَ الرِّضۡوَانُ મુઝ હકીર પુર તકસીરને દિલથી ખૂબ જ ચાહતા હતા જેના સાક્ષી હઝરતના સાહબઝાદા હઝરત મૌલાના શકીલ અર્સલાન મિસ્બાહી સાહબ છે. કેટલાયે પ્રોગ્રામોમાં હઝરત સાથે શિર્કતનો મૌકો મળ્યો. તેમની મૌજૂદગીમાં લબકુશાઈ (બયાન)ની નેકબખ્તી પણ નસીબ થઈ. તકરીર બાદ હુઝૂર બહરુલ ઉલૂમ જ્યારે એના પર પ્રશંસાના શબ્દો તથા પ્રોત્સાહનના શબ્દો ફર્માવતા તો ખુશીના આવેશમાં આંખો ભીની થઈ જતી. યકીનન ! મોટેરાંઓની હોસલા અફઝાઈથી જ ઝર્રા આફતાબ બની જતા હોય છે.

તેહરીકે ''સુન્ની દા'વતે ઈસ્લામી''નું આજે જે કાંઈ પણ કામ થઈ રહ્યું તે ફઝ્લે મૌલા તઆલા, કરમે મુસ્તફા ﷺ, ગૌષો ખ્વાજા વ રઝા વ નૂરી رحمۃ اللہ علیہم اجمعین અને બુઝુર્ગોની દુઆઓથી જ થઈ રહ્યું છે, એ બુઝુર્ગોમાં હુઝૂર બહરુલ ઉલૂમ પણ હતા. આપનો વિસાલ મિલ્લતે ઈસ્લામિયાનું એક ન પૂરી શકાય એવું નુકસાન છે. અફસોસ ! આજે તેઓ આપણી વચ્ચે નથી પરંતુ એમનો રૂહાની ફયૂઝ અને દુઆઓ આપણી સાથે હમેશાં રહેશે. દુઆ છે કે અલ્લાહ ﷻ તેમની નૂરાની કબ્ર પર અન્વારો તજલ્લિયાતની વર્ષા વરસાવે અને તેમને કરવટ કરવટ જન્નતના જલ્વા નસીબ ફર્માવે અને એમના જેવો કોઈ પેદા ફર્માવે. (આમીન)

**★ અલ્લામા શાહ તુરાબુલ હક્ક઼ ક઼ાદરી–પાક. ★**

હઝરત ક઼િબ્લા મુફતી અબ્દુલમન્નાન સાહબની હસ્તી આ દૌરે ક઼હતુર્રિજાલમાં સમયની અજોડ અને ઈલ્મ તથા ફયૂઝના તલબગારો માટે ચમનિસ્તાને આલમનું તે ફૂલ હતી, એક એવું ફૂલ જે પોતાની મહક, ખૂબસૂરતી અને જાહેરી તથા મઆનવી હુસ્નના લેહાઝથી પૂરા ચમનને નિખારે છે. આપ એક અતિશય દીનદાર ઈન્સાન, એક મહાન ઉસ્તાદ અને મિલ્લતની રહનુમાઈના માટે નૂરનો મીનારો (દીવાદાંડી) હતા જેની રોશનીથી એક આલમ ફયઝયાબ થતો રહ્યો. ક઼િબ્લા મુફતી સાહબ પોતાના ઈલ્મો ફઝ્લ, તદબ્બુર તથા તફક્કુર (આયોજન તથા ચિંતન), સમજ તથા દીર્ઘ દષ્ટિ, ઈમાન તથા તક઼વાના લેહાઝથી વિશિષ્ટ તથા અનોખી શખ્સિયત હતા. તેમજ અત્યંત પુખ્તા ક઼લમના ધણી હતા, ફતાવા લેખન તથા અન્ય લેખન કાર્યોમાં આપનું એક અનોખુ સ્થાન છે. આપ આપના વિદ્યાર્થીકાળના અગ્રગણ્ય ઉલમા તથા મશાઈખ થકી તા'લીમ તથા તર્બિયત પામેલ હતા. અગ્રેસર ઉલમાથી ખૂબ સોહબત પામ્યા. એમના ઈન્તેક઼ાલ પછી જાહેર છે, એક એમનો જ શું ?! એમનાની નાના ઉલમા પણ દુનિયાથી ચાલ્યા જાય તો તેના સમાન તેમના બદલામાં કોઈ નથી થતું ! તો ભલા બહરુલ ઉલૂમનો નેઅમલ બદલ (સમકક્ષ) ક્યાંથી મળશે ?!

**★ મૌલાના મુબારક હુસૈન મિસ્બાહી, તંત્રી : અશરફિયહ–મુબારકપુર ★**

હઝરત બહરુલ ઉલૂમ عَلَيۡهِ الرَّحۡمَةُ وَ الرِّضۡوَانُ ઈલ્મો તથા વિદ્યાઓમાં સમયના અજોડ હોવાની સાથોસાથ મજલિસી કાબેલિયતો તથા અવામી દિલચસ્પીઓ પણ ધરાવનારા હતા. અલ્લાહ તઆલાએ એમને બા કમાલ મુદર્રિસ, શાનદાર ખતીબ અને ફતવાનવેશીના નિષ્ણાત મુફતી બનાવ્યા હતા. શાઈરાના રંગવાળા તથા સાહિત્યકારની ખૂબીઓ આપનામાં ભરેલી હતી. વ્યવસ્થાપક આયોજક તરીકે કાબેલિયતો પણ અલ્લાહએ તેમને ખૂબ અતા ફર્માવી હતી. હઝરત બહરુલ ઉલૂમ એક વ્યક્તિમાં પૂરી અંજુમન હતા. એમની હાજરી કોઈ પણ ઈદારા માટે એક પૂરેપૂરી જમાઅતની હૈસિયત ધરાવતી હતી. કોઈ પણ કોન્ફ્રન્સમાં આપની હાજરી એની કામયાબીની ઝમાનત બની જતી હતી. સામાન્યતઃ આપનો ફત્વો કોઈપણ વિષયમાં હર્ફે આખિરની હૈસિયત ધરાવતો હતો. આ સર્વ ઉપરાંત આપનાં લખાણોમાં સાહિત્યિક પુખ્તાપણુ તથા શાઈરાના ચિંતન સ્પષ્ટપણે જોવા મળે છે.

અત્યારે અનેક મુલ્કોમાં આપના શાગિર્દો દીની, ઈલ્મી, તહક઼ીક઼ી તથા તબ્લીગી ખિદમતો અંજામ આપી રહ્યા છે. ૨૯ વરસો સુધી આપે હિંદુસ્તાનની સૌથી મહાન દર્સગાહમાં તદરીસી ખિદમતો અંજામ આપી. આપની ખિદમતો બારગાહે રબ્બુલ ઈઝ્ઝતમાં મક઼બૂલ પણ થઈ, આજે *"કાન જિધર લગાઈએ–તેરી હી દાસ્તાન હૈ !"* વાળો મામલો છે. આપના શાગિર્દોમાં એકને ચઢે એવા એક શયખ તથા મુફક્કિર છે. ખિતાબતની દુનિયાથી સિહાફત (પત્રકારત્વ)ના મેદાન સુધી, તદરીસ તથા તેહક઼ીક઼ના મેદાનથી લેખન તથા ક઼લમકારીના ક્ષેત્ર સુધી દરેક મેદાનમાં આપના શાગિર્દો બાકમાલ શાગિર્દો છવાયેલા છે.

આપની ઈલ્મી તથા લેખન ક્ષેત્રની સેવાઓનો સ્વીકાર હિંદુસ્તાનની પ્રખ્યાત ખાનકાહો તથા વિશ્વવિખ્યાત ઈદારાઓએ કર્યો છે. (૧) સુલ્તાનુલ મુનાઝિર અજોડ ક઼લમકાર હઝરત અલ્લામા અર્શદુલ ક઼ાદરી સાહબ عَلَيۡهِ الرَّحۡمَةُ وَ الرِّضۡوَانُએ આપને સૌ પ્રથમ 'બહરુલ ઉલૂમ'નો લક઼બ આપ્યો. (૨) ઈમામ અહમદ રઝા એવોર્ડ (૩) નૂરી એવોર્ડ (૪) ક઼િબ્લએ આલિમ એવોર્ડ (૫) ક઼ાઈદે અહલે સુન્નત એવોર્ડ (૬) ખાનકાહે બરકાતિયા મારહરાએ આપને ચાંદીથી તોલ્યા (૭) મદ્રસા સિરાજુલ ઉલૂમ નવાદા મુબારકપુરે આપનો ઈસ્તક઼બાલ કર્યો અને આપને ૫૦,૦૦૦ હિંદુસ્તાની સિક્કાઓ વડે તોલ્યા.

*(વધુ માટે વાંચો : "બહરુલ ઉલૂમ નંબર" ઈમામ અહમદ રઝા એકેડમી, બરેલી શરીફ–યુ.પી.)*

# હાફિઝે મિલ્લત અને ચિંતન તથા અમલની સુધારણા

સંપાદક : **મુહમ્મદ અબૂ હુરૈરહ્ રઝવી** *(મુતઅલ્લિમ : જામિઆ અશ્રફિયા–મુબારકપુર)*
અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી** *(તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

"મિલ્લતના હાફિઝ જેમની જિંદગીની એક એક પળ મિલ્લતની હિફાઝતમાં પસાર થઈ. જેણે મિલ્લતની રક્ષા કરી તક્રીર વડે, તહરીર (લખાણ) વડે, તદરીસ (દર્સ) વડે, મુનાઝરાના થકી, હક્કને સાબિત કરીને અને બાતિલને રદ કરીને, પોતાની જિંદગીને ઉસ્વએ નબી ﷺ (નબી ﷺના તરીકા)માં ઢાળીને, પોતાની દર્સગાહે અમલ તથા અદબેથી જલીલુલ કદર ઉલમા, ઉસ્તાદો, ખતીબો, લેખકો, મુનાઝિરો, મુતકલ્લિમો, મુફસ્સિરો, મુહદ્દિષો તથા મુફતીઓનો એક ખુદાઈ ગિરોહ બનાવીને, ખાનકાહોમાં બેસીને, જામિઆ અશ્રફિયા માટે જિંદગી વકફ કરીને......સારાંશ કે મિલ્લતના હાફિઝે, મિલ્લતની હિફાઝત કરવામાં દરેક તે અસરકારક ઝરીયાનો ઉપયોગ કર્યો જે મિલ્લતની હિફાઝતના માટે જરૂરી માધ્યમ હતો." *(કન્ઝુલ ઈમાન મંથલી, જુલાઈ–૨૦૦૫, પેજ : ૪૬)*

હાફિઝે મિલ્લત હઝરત અલ્લામા અબ્દુલઅઝીઝ મુહદ્દિષે મુરાદાબાદી رحمۃ اللہ علیہ બાની અશ્રફિયા–મુબારકપુરના વિશે આ શબ્દો કોઈ અન્યના નહીં બલ્કે વર્તમાનકાળની પ્રખ્યાત શખ્સિયત જેમને દુનિયા શૈખુલ ઈસ્લામ હઝરત સૈયદ મુહમ્મદ મદનીમિયાં અશરફીયુલજીલાનીના નામથી ઓળખે છે, જેમણે હાફિઝે મિલ્લત رحمۃ اللہ علیہની તા'લીમ તથા તર્બિયતની આગોશમાં એ'દાદિયહથી લઈને દૌરએ હદીષ સુધીની તા'લીમ સંપૂર્ણ કરી, જેમણે હાફિઝે મિલ્લતની સવાર સાંજનો અભ્યાસ કર્યો. હવે એમની જ વર્ણવેલ વાતોમાંથી અમુક વાતો પર કેટલાક અંશે પ્રકાશ વેરીએ છીએ.

## ★ ચિંતન તથા અમલની સુધારણા તક્રીર થકી ★

હાફિઝે મિલ્લત رحمۃ اللہ علیہ દર્સ તથા તદરીસ સાથે સંપૂર્ણપણે સંકળાયેલા હતા પરંતુ તક્રીર તથા ખિતાબતમાં પણ કમાલ ધરાવતા હતા. તેમની તક્રીર હિકમત તથા નસીહતથી ભરપુર રહેતી હતી. સાંભળનારા તેમની તક્રીરથી ચોક્કસ પ્રભાવિત થતા હતા. તેનું સૌથી મોટુ કારણ એ હતું કે આપની વાત દિલથી નીકળતી હતી ન કે કેવળ જીભથી. આપની તક્રીરની અસરકારક્તાનો એક બનાવ મૌલાના મુહમ્મદ અલી ફારૂકીની ઝબાની વાંચકો સમક્ષ રજૂ કરું છું : ઈ.સ. ૧૯૭૩માં રાયપુર (છત્તીસગઢ)માં ઈદે મીલાદુન્નબી ﷺના જલસામાં આપ તશરીફ લઈ ગયા. જલસામાં એજ્યુકેટેડ લોકોનો ખાસ્સો મજમો હતો. કેટલાયે ગૈર મુસ્લિમ સ્કોલર્સ પણ હતા. આપે "ઈસ્લામી સચ્ચાઈ, કુર્આનની હક્કાનિયત અને પૂરાણા તથા અર્વાચીન ઈલ્મોના નફા નુકસાન" પર ખૂબ જ વજનદાર તક્રીર કરી. તક્રીર પછી પૂરો મજમો આપની દસ્તબોસીના માટે ઉમટી પડયો. એ વખતે કેટલાક ગૈર મુસ્લિમ પણ સાઈડમાં ઉભા ઉભા હઝરતનો દીદાર કરી રહ્યા હતા. એમનામાં શ્રીવાસ્તવજી નામના એક શખ્સ પણ હતા તે લગભગ કોઈ કોલેજના પ્રોફેસર હતા. તેમણે એકાંતમાં મને (મૌલાના મુહમ્મદઅલી ફારૂકીને) પૂછયું, આ જે આપના ગુરૂજી છે એમને અમો મળવા માગીએ છીએ, એ તો અમને વિદ્યાસાગર જણાય છે ! શું અમને એમને મળવા માટે સમય મળી શકે છે ? મેં સમય તથા પૂરું સરનામુ બતાવી આપ્યું. શ્રીવાસ્તવજીએ પહોંચીને

હુઝૂર હાફિઝે મિલ્લત رحمۃ اللہ علیہથી ઘણા બધા પ્રશ્નો કર્યા જેને આપે ખૂબ જ સરળતાથી ગંભીરતાપૂર્વક ઉકેલી આપ્યા. શ્રીવાસ્તવજી એનાથી પ્રભાવિત થયા અને તુરત જ આપના હાથો પર તૌબા કરીને ઈમાનની દૌલતથી માલામાલ થઈ ગયા. તેમના સાથે ગણેશજીએ પણ પોતાના ઘરના સર્વ મેમ્બરો સાથે ઈસ્લામ કૂબૂલ કરી લીધો. હાફિઝે મિલ્લતે એમનું નામ બિલાલ અને શ્રીવાસ્વજીનું નૂર મુહમ્મદ રાખ્યું. *(હાફિઝે મિલ્લત કા ફયઝાને નઝર)*

મોટાભાગના લોકોની ફજરની નમાઝ કૂઝા થઈ જાય છે એના બારામાં હાફિઝે મિલ્લત رحمۃ اللہ علیہએ કેટલા સરસ અંદાઝમાં એક આમ જલસામાં ખિતાબ કર્યો !: ''એક માણસ જે કેટલાયે દિવસોનો થાકેલો પાકેલો હોય અને તેને કોઈ સારા ઓરડામાં સૂવડાવીને એટલો પયગામ સંભળાવી દે કે અહીં એક સાપ પણ રહે છે તો યકીની તૌર પર તેને સાપના ભયથી ઊંઘ નહીં આવે ! જ્યારે સાપના ડરથી ઊંઘ ઉડી શકે છે તો દિલમાં ખૌફે ખુદા હોય અને નમાઝના સમયે ઊંઘ આવી જાય ?! એ બુદ્ધિ સાથે મેળ ખાતી વાત નથી.'' *(હયાતે હાફિઝે મિલ્લત, પેજ : ૨૩૧)*

### ★ સૂરએ લહબમાં તારીફે રસૂલ ﷺ ★

એકવાર મુબારકપુરમાં દેવબંદીઓનો એક જલસો થયો જેમાં તેમના એક મુકર્રિરે સૂરએ લહબની તિલાવત કરીને એના પર તક઼રીર કરી અને કહ્યું કે, આખુ કુર્આન હુઝૂર (ﷺ)ની તારીફથી ભરેલું છે, એ વાત ગલત છે. ભલા ! બતાવો કે આ સૂરતમાં ક્યા હુઝૂર (ﷺ)નું નામ છે ?! અને એમાં કઈ હુઝૂર (ﷺ)ની તારીફ છે ?!

એના પર અહલે સુન્નત વ જમાઅતના લોકોને ઘણો જ ગુસ્સો આવ્યો. તેમણે એ જ જગાએ બીજા દિવસે પોતાનો જલસો રાખ્યો જેમાં હુઝૂર હાફિઝે મિલ્લતને ખતીબની હેસિયતથી બોલાવવામાં આવ્યા. હાફિઝે મિલ્લતે ભર્યા મજમામાં દેવબંદીઓ અને વહાબીઓને ચેલેંજ કરતાં એલાન ફર્માવ્યું કે આખા મજમામાંથી કોઈપણ દેવબંદી વહાબી ઉભો થઈને કુર્આનની કોઈપણ આયતની તિલાવત કરે જેમાં એને મારા આકા ﷺની તૌહીન નજર આવતી હોય, અબ્દુલ અઝીઝ એ જ આયતની રોશનીમાં બે કલાક મારા આક઼ા તથા મૌલાની તારીફ તથા વખાણ બયાન કરશે ! વારંવાર આ એલાન કરતા રહ્યા પણ પૂરા મજમામાંથી કોઈ ઉભો ન થયો. તો ખુત્બએ મસ્નૂના પછી સૂરએ લહબની રોશનીમાં હુઝૂર ﷺની તારીફ તથા પ્રશંસાના હીરા મોતી લૂટાવતા રહ્યા. આ રીતે સુન્નિયતની બોલબાલા તથા વહાબિયતનું મોં કાળુ થયું. *(હવાલો ઉપર મુજબ, પેજ : ૪૧૯, બહવાલા મઆરિફે હાફિઝે મિલ્લત, પેજ : ૩૨, ૩૩)*

### ★ ગલતીઓ પર ટકોર કરવું ★

કોઈને તેની શરઈ ચૂક પર ઈસ્લાહની નિય્યતે ચેતવવો એ ''અમ્ર બિલ મઅરૂફ'' (સારી વાતોનો હુકમ આપવા)નો એક હિસ્સો છે. આવા મોકા પર પબ્લિક તો સુધારણા સ્વીકારી લે છે પણ ખાસ લોકોને ઈસ્લાહની નિય્યતે કાંઈક કહેવું ઘણુ મુશ્કેલ કામ હોય છે ! જ્યારે કે ખાસને તો એનો અધિક હક્ક પહોંચે છે કે ઈસ્લાહને ચૂંચા કર્યા વિના સ્વીકારી લે જેથી અવામ એનું અનુસરણ કરીને સીધા માર્ગે આવી શકે.

હાફિઝે મિલ્લતની મૌજૂદગીમાં એક મુકર્રિરથી અકીદાના કોઈ મસ્અલામાં બયાનમાં ગલતી થઈ ગઈ હતી. હઝરત હાફિઝે મિલ્લત رحمۃ اللہ علیہ પોતાના સમયે જયારે ખુરશી પર બિરાજમાન થયા તો ખુત્બાએ મસ્નૂના પછી તિલાવત કરેલ આયતના ખુલાસા પછી ફર્માવ્યું : ''માણસથી ભૂલ જો ગુપ્ત રીતે કે એકાંતમાં થઈ જાય તો તેની તૌબા પણ છુપી રીતે થશે, અને જો માણસથી જાહેરમાં ગલતી થઈ જાય તો તેની તૌબા એલાન સાથે જરૂરી છે.'' જેથી એલાનિયા ગલતીથી જે લોકો ગલતીના શિકાર થઈ ગયા તેમની સુધારણા થઈ જાય. ત્યાર બાદ મુકર્રિર સાહબના વર્ણવેલ મસ્અલાની ગલતીની સ્પષ્ટતા કરીને મસ્અલાની સહીહ સ્થિતિથી માહિતગાર કર્યા અને કેટલીયે કિતાબોના હવાલાથી મસ્અલાને સ્પષ્ટ કરીને મુકર્રિર સાહબને માઈક પર આવીને પોતાના વર્ણવેલ મસ્અલાથી રુજૂઅ કરવાનો હુકમ આપ્યો. *(મઆરિફે હાફિઝે મિલ્લત, પેજ : ૪૪)*

### ★ કામિલ મો'મિન ★

બહરુલ ઉલૂમ મુફતી અબ્દુલમન્નાન આ'ઝમી رحمۃاللہعلیہના દૌલતકદા પર મીલાદ શરીફની મહેફિલમાં મૌલાના અસ્લમ અઝીઝીની પ્રારંભિક તક્રીર થઈ. તક્રીર દરમ્યાન "મો'મિને કામિલ" બોલી ગયા. એના પર હાફિઝે મિલ્લતે પોતાની તક્રીરમાં ઈમાનનો ખુલાસો કરતાં ફર્માવ્યું કે ઈમાન કામિલ (સંપૂર્ણ) તથા નાકિસ (અધુરુ) નથી હોતુ બલ્કે પૂર્ણતા અપૂર્ણતા મો'મિનની સિફત છે. *(મઆરિફે હાફિઝે મિલ્લત, પેજ : ૪૨)*

ઈલ્મના ક્ષેત્રમાં ભૂલ થઈ જવી ન કોઈ મોટી વાત છે ન તો કોઈ અચબની વાત છે, પણ ગલતી પર અડી રહેવું અને સુધારણાને ન સ્વીકારવી એ મહાન ગલતી છે. નામના તથા ખ્યાતિના ઈચ્છુક લોકો તરફથી એવા પ્રસંગોએ જે પ્રતિક્રિયા જોવામાં આવે છે તેને જોતાં ઈસ્લાહથી આંખ આડા કાન કરવામાં ભલાઈ મહેસૂસ કરવામાં આવે છે. આ વિષયમાં હાફિઝે મિલ્લત رحمۃاللہعلیہને જોવામાં આવે તો આપની જાત એક દષ્ટાંતરૂપ શખ્સિયતની હેસિયતથી આપણી સમક્ષ છે.

આપ ઈસ્લાહ કરવાના પરિણામથી (કે કોઈ નારાજ થઈ જશે વગેરે)થી બેપરવા થઈને વિના સંકોચે કશાય ડર વિના જે હોય તે મસ્અલો વર્ણવી દેતા, તૌબા માટે પણ કહેતા, છુપી ગલતી હોય તો છુપી રીતે અને એલાનિયા ગલતી હોય તો જાહેરમાં તૌબા કરવા કહેતા.

### ★ વાયદાનું પાલન ★

એકવાર ગોરખપુરના કોઈ જલસામાં નિમંત્ર્યા હતા પણ બરાબર તારીખના સમયે તબીઅત એટલી ખરાબ થઈ ગઈ કે સફર કરવી મુશ્કેલ થઈ ગયું, પણ વાયદાને સાચો પાડવાના જઝબાનું પ્રદર્શન એ વખતે જોવા મળ્યું કે જ્યારે આપ તાવથી તપી રહેલા શરીરની સાથે ઈજલાસમાં શરીક થયા, જ્યારે કે લોકોએ મના કર્યું પરંતુ તો પણ હાફિઝે મિલ્લત ન માન્યા. આ હાફિઝે મિલ્લતની કૌમી હમદર્દી હતી. આપે ઈર્શાદ ફર્માવ્યો, હા ! રોકાઈ જવું જોઈએ પણ મેં વાયદો કરી લીધો છે, નહીં પહોંચુ તો ગરીબોનું દિલ તૂટી જશે ! મઝહબનું નુકસાન થશે. *(હાફિઝે મિલ્લત ઈફકારો કારનામે-૧૦૧)*

### ★ સતરે ઔરત જરૂરી છે ★

આપ જ્યારે કોઈને કોઈ શરીઅત વિરુદ્ધ કામ કરતાં જોતા તો તુરત જ તેની સુધારણાની કોશિશ કરતા. જેમ કે એકવારનો પ્રસંગ છે : જુમ્આનો દિવસ હતો અને જામેઅ મસ્જિદ "રાજા મુબારકશાહ"માં જુમ્આની નમાઝના માટે આવનારાઓનો ક્રમ ચાલુ હતો, ઈસ્તિન્જાની જગા તંગ અને હાજતમંદોની સંખ્યા વધુ હતી જેના પરિણામે એવું થયું કે બે માણસો ઈસ્તિન્જાના માટે બેઠેલા હતા અને કેટલાય લોકો લોટો લઈને ઈન્તેઝારમાં ઉભા હતા. તહારત માટે બેસનારાઓની જાંગો ઉઘાડી હતી. હાફિઝે મિલ્લત જેમના માટે જામેઅ મસ્જિદ રાજા મુબારકશાહનો ભવ્ય મંઝર હતો તે મુખ્ય દરવાજાથી પ્રવેશ્યા અને અચાનક નજર ઘૂંટણો ખોલીને ઈસ્તિન્જો કરતા શખ્સ પર પડી ગઈ. મસ્જિદમાં પહોંચીને મિમ્બર પર ટેકો લગાડીને ઉભા રહ્યા અને અડધા કલાક સુધી ગુસ્સા તથા ગઝબથી ભરપુર તક્રીર કરી. સતરપોશી (છુપાવવાના અંગો છુપાવવા) સંબંધે રસૂલે કરીમ ﷺની તા'લીમાતથી વિરુદ્ધ બેહયાઈ પર ચેતવણીઓ તથા પાકી હાંસલ કરવાના અહકામ તથા આદાબ આપની તક્રીરનો વિષય હતો." *(હયાતે હાફિઝે મિલ્લત, પેજ : ૫૩૦)*

### ★ ચિંતન તથા અમલની સુધારણા લેખન થકી ★

આપે ઉમ્મતની ઈસ્લાહના ખાતર કિતાબો પણ લખી. ભલે એ કિતાબોની સંખ્યા ખૂબ જ ઓછી છે. આપને પણ એનો રંજ હમેશાં રહ્યો. આપે આખરી જમાનામાં અફસોસ પ્રદર્શિત કરતાં ફર્માવ્યું :-

"મને લોકોએ કોઈ કામનો ન રાખ્યો. ગૈર અહમ તથા ગૈર જરૂરી કામોમાં મને એવો ઉલઝાવી દીધો કે લખવાનુ જોઈએ તેવું કામ ન થઈ શક્યું જેનો મને

અફસોસ છે. જ્યારે પ્રારંભિક ઉમરમાં મારો કલમ વીજળીક ગતિવાળો હતો અને હવે ન એ શક્તિ દિમાગમાં છે અને ન તો ફુરસદ છે, એટલા માટે હવે મારો ટાર્ગેટ અને મારો જીવન ધ્યેય કેવળ અને કેવળ જામિઆ અશ્રફિયહની પરિપૂર્ણતા છે. *(હાફિઝે મિલ્લત નંબર, અશ્રફિયહ, પેજ : ૪૧૨)*

અમુક કિતાબોની ઓળખ તથા તેના નમૂના નીચે મુજબ છે :–

**ઈર્શાદુલ કુર્આન** : આપે આ રિસાલો ઈ.સ. ૧૯૪૭ના વતન ત્યાગના હંગામાના સમયે લખ્યો જ્યારે હિંદુસ્તાનના મુસલમાનો વગર વિચાર્યે વણસમજ્યે વતન ત્યાગીને નવા રચાયેલા પડોશી દેશ પાકિસ્તાન જઈ રહ્યા હતા. યોગ્ય સંજોગોમાં આપે આ કિતાબ પ્રસિદ્ધ કરી અને મફત વહેંચણી કરાવીને મુસલમાનોનું માર્ગદર્શન કર્યું હતું જેનો નઝારો આપ પણ જોતા ચાલો :–

''મુસલમાનો ! તમારી હવાની દિશા એ જ ગુંબદે ખિદરા છે, તમારો ધ્યેય એ જ તાજદારે મદીના ﷺ છે, તમારી મુશ્કેલીઓનો હલ તેમની જ નઝરે કરમ અને આંખોના ઈશારા પર અવલંબિત છે, તમારા મકસદોની પ્રાપ્તિ તેમની જ તા'લીમ પર અમલમાં છે જેને મુસલમાનો પોતાની બદ્‌નસીબીથી ભૂલાવી ચૂક્યા છે.'' *(ઈર્શાદુલ કુર્આન, પેજ : ૫)*

આપ મુસ્લિમ કૌમની બદ્‌હાલી તથા તેમની બદ્‌અમલીને જોઈને તડપી ઉઠતા હતા અને શક્ય તે રીતે તેમની સુધારણાની કોશિશ કરતા. જેમ કે આપના દર્દે દિલ અને અંતરના રંજનો અંદાઝો આ લખાણથી સારી પેઠે લગાડી શકાય છે :–

''મુસલમાનો ! જાગો અને ગફલતની નિદ્રાથી બેદાર થઈ જાવ ! તમારી ભલાઈ એમાં સમાયેલી છે કે સાચા તથા પાકા મુસલમાન બની જાવ, તમારી કામયાબી એના પર આધારિત છે કે તમારી જિંદગી ઈસ્લામી તથા મૌત ઈસ્લામી મૌત હોય. તમારી સૂરત (દેખાવ) ઈસ્લામી સૂરત અને સીરત (જીવન પદ્ધતિ) હોય, તમારું જાહેર પણ ઈસ્લામી હોય અને બાતિન (અંતર) પણ ઈસ્લામી હોય, તમારા અકીદા પણ ઈસ્લામી હોય અને અમલો પણ ઈસ્લામી હોય, તમારા જઝબાત ઈસ્લામી જઝબાત હોય અને તમારા ખયાલો ઈસ્લામી ખયાલો હોય, તમારો સીનો ઈસ્લામી હોય, ઈમાની અન્વારથી મુનવ્વર હોય અને તમારું શરીર નેક અમલોથી સજ્જ હોય, મુસીબત પર સબ્ર અને નેઅમત પર શુક્ર તમારી આદત હોય, અલ્લાહ ﷻ પર તવક્કુલ તથા ભરોસો તમારી પ્રકૃતિમાં હોય, કુર્આની તા'લીમ પર અમલ તમારી બીજી પ્રકૃતિ બની જાય.'' *(ઈર્શાદુલ કુર્આન, પેજ : ૯)*

ઈર્શાદુલ કુર્આન''ની આમ મુસલમાનો પર જે અસર થઈ તેના વિશે અલ્લામા બહરુલ કાદરી ફર્માવે છે : ૧૯૪૭ના વતન ત્યાગના હંગામામાં મુબારકપુરમા ''ઈર્શાદુલ કુર્આન'' મફત વહેંચવામાં આવી અને પરિણામ એ આવ્યું કે એક પણ મુસલમાને વતનનો ત્યાગ ન કર્યો. આ હતી ખુલૂસ અને દીની મિલ્લી દર્દમા ડૂબેલા લખાણની અસર !'' *(હયાતે હાફિઝે મિલ્લત, પેજ : ૪૩૩)*

**મઆરિફે હદીષ** : આ અસલમાં ક્રમસર વિષયોની લેખમાળાનો હદીષોનો સંગ્રહ છે જે મંથલી ''પાસબાન'' ઈલાહાબાદમાં છપાતો રહ્યો જેમાં હદીષોની રોશનીમાં નેક અમલો તથા હક્ક અકીદાઓની તલ્કીન કરવામાં આવી છે. ખતીબે મશ્રિક અલ્લામા મુશ્તાક અહમદ નિઝામી رحمۃ اللہ علیہ આ કિતાબના બારામાં ફર્માવે છે કે સમુદ્ર કૂજામાં ભરવાની કહેવત સાંભળતા હતા પણ ''મઆરિફે હદીષ'' એનો જીવતો જાગતો નમૂનો છે. હદીષના તર્જુમાની સાથે એના પર આ આલિમાના તથા આરિફાના ટીપ્પણી એ કેવળ ઉસ્તાઝુલ ઉલમા જેવી બુલંદ શખ્સિયતનું કામ છે.'' *(હયાતે હાફિઝે મિલ્લત, પેજ : ૪૩૪)*

આ કિતાબના કેટલાક નમૂના જોઈએ : ઈખ્તિયારે મુસ્તફા ﷺના અકીદાના સંબંધે હદીષે રબીઅહ رضی اللہ عنہની સ્પષ્ટ કરતાં ફર્માવે છે : ''એનો અર્થ એ છે કે જે ઈચ્છો માગો ! દુનિયાની ખૂબીઓ માગો કે આખેરતની ભલાઈઓ માગો, ચાહે બંને જહાનની નેઅમતો માગો, જે માગશો પામશો !

આવું કોણ કહી શકે છે ? આવું તે જ કહી શકે છે જે દુનિયા તથા આખેરતનો માલિક હોય. હુઝૂર ﷺના ઈર્શાદથી આપનું માલિકો મુખ્તાર હોવું સાબિત થયું અને એ કમાલની કક્ષાએ કે દુનિયા તથા આખેરતની સર્વ નેઅમતો, સર્વ દૌલતો હુઝૂર ﷺના નિયંત્રણ તથા ફર્માન હેઠળ છે." *(મઆરિફે હદીષ, પેજ : ૨૯)*

આગળ લખે છે : "હઝરત રબીઆ رضی اللہ عنہના આ સવાલથી તેમનો અકીદો પણ માલૂમ થયો કે હઝરત રબીઆ હુઝૂરે અક્દસ ﷺને આખી કાઈનાતના માલિક જાણતા હતા." *(ઉપર મુજબ, પેજ : ૩૦)*

તે ઉપરાંત આપે અંબાઉલ ગયબ, ફિર્કાએ નાજિયહ, અલ્‌મિસ્બાહુલ હદીદ, અલ અઝાઈબુશ્શદીદ લિ સાહિબે મકામિઈલ હદીદ, અર્લ્ઈર્શાદ, ફતાવા હાફિઝે મિલ્લત જેવી મહત્વની કિતાબો લખીને લોકોના અકીદા તથા અમલોની ઈસ્લાહ ફર્માવી.

**★ તદરીસ (દર્સ) થકી ચિંતન તથા અમલની સુધારણા ! ★**

હઝરત હાફિઝે મિલ્લતે પોતાની પૂરી જિંદગી દીનની ખિદમતમાં વકફ કરી દીધી, ખાસ કરીને દર્સો તદરીસ સાથે હમેશાં સંબંધ સ્થાપિત રહ્યો. જામિઆમાં હોય કે ક્યાંક સફરથી આવી રહ્યા હોય હર હાલમાં એકધારો દર્સો તદરીસનો ફરીઝો અંજામ આપતા રહ્યા. બીમારીની હાલતમાં પણ તદરીસી ક્રમ બંધ નથી કર્યો અને નબવી ઈલ્મોના તાલિબોને તૃપ્ત કરતા રહ્યા. ત્યાં સુધી કે જે દિવસે આપનો વિસાલ થયો તે દિવસે પણ તલબાને બુખારી શરીફનો દર્સ આપ્યો. આ રીતે જિંદગીના અંતિમ દિવસ સુધી આપ તલબાની અમલી તથા ફિક્રી તૌર દિમાગી સિંચાઈ કરતા રહ્યા.

**★ દરેક હાલતમાં એક સરખી રીતે દર્સ તદરીસ થતી ★**

સફરથી પરત થતા હોય કે મુકામ પર હોય, પરેશાનીઓ તથા ઉલઝનોનો સામનો હોય કે રાહત તથા સુકૂનની સ્થિતિ, કોઈપણ હાલતમાં હાફિઝે મિલ્લતના તદરીસના અંદાઝમાં કોઈ ફરક પડતો ન હતો. કોઈપણ સફરથી પરત થતી વખતે તા'લીમનો કોઈ પણ સમય બાકી રહેતો તો દારુલ ઉલૂમ તશરીફ લાવતા. દર્સગાહમાં પહોંચતાં પહેલાં જ કોઈ તાલિબે ઈલ્મને ફર્માવી આપતા કે ફલાણી જમાઅતને મોકલી આપો. તે જમાઅત પહોંચતી, ઈબારત પઢાવતા, પાછલા સબકથી હાલના સબક સુધીનું કેનક્શન વર્ણવીને ઈબારતની સમજૂતી અને તેના હેતુને એ રીતે વર્ણવતા કે કયામતના દિવસોની સ્પષ્ટતાના અંદાઝથી રજમાત્ર ફરક ન પડતો, જ્યારે કે સફરના થાકથી લુઝ થવું એક અનિવાર્ય બબાબત છે.

**★ તલબાને નસીહતો ★**

આપ દર્સગાહી નસીહતોના ઉપરાંત આયોજનપૂર્વક વરસમાં બે ત્રણવાર અશ્રફિયાના ઉસ્તાદોની મૌજૂદગીમાં સર્વ તલબાને લાભદાયી નસીહતોથી નવાઝતા. *(મઆરિફે હાફિઝે મિલ્લત, પેજ : ૪૬)*

**★ હક્કોની અદાયગી ★**

દુનિયામાં માનવીની સાથે જે હક્કો સંબંધિત છે તેને બે ભાગોમાં વહેંચી શકાય છે : (૧) હુકૂકુલ્લાહ (૨) હુકૂકુલ ઈબાદ (બંદાઓના હક્કો)

હુકૂકુલ એબાદમાં માબાપના હક્કો, પત્નીના હક્કો, ઉસ્તાદ તથા શાગિર્દના હક્કો, પડોશીના તથા સંબંધીઓના હક્કો, મોટેરાંઓ તથા નાનાઓના હક્કો.

**હુકૂકુલ્લાહ (અલ્લાહના હક્કો)** : જેણે રાત દિવસ માણસોને પોતાના ઘેરાવમાં લીધેલ છે તેની અદાયગીની સાથે બંદાઓના હક્કોની અદાયગી ઘણી જ મુશ્કેલ છે. જોવામાં એવું આવે છે કે એક સૂફી માણસ દુનિયાવી સર્વ હક્કોને અભરાઈએ ચઢાવીને કેવળ યાદે ખુદામાં મશગૂલ થઈ જાય છે. દુનિયાદારોની તો વાત જ શું જેઓ અલ્લાહના હક્કોની સાથે બંદાઓના હક્કોને પણ પાયમાલ કરતા રહે છે. પણ હાફિઝે મિલ્લત رحمۃ اللہ علیہની મુકદ્દસ જાત અલ્લાહના હક્કોની કામિલ અદાયગીની સાથોસાથ બંદાઓના હક્કોની અદાયગીમાં અજોડ

તથા અનોખી હતી. પોતે પણ બંદાઓના હક્કો અદા કરતા અને અન્યોને પણ તેના માટે પ્રોત્સાહિત કરતા.

### ★ હક્કોની અદાયગીની તાકીદ ★

કારી અબ્દુલ હકીમ ગૌંડવીનું બયાન છે : એકવાર મુહર્રમની રજાઓમાં ઘરે જવાનો ઈરાદો ન હતો. હઝરતની ખિદમતમાં હાજર થયો તો ફર્માવ્યું, કારી સાહબ ! આપ ઘરે જશો કે નહીં ?! અર્ઝ કરી, હુઝૂર ! ઈરાદો નથી. હાફિઝે મિલ્લતે ફર્માવ્યું, પાચ છ દિવસોની છૂટ્ટી થઈ રહી છે, તમો ઘર ચાલ્યા જાવ, બાળકોના પણ હક્કો છે ! *(મઆરિફે હાફિઝે મિલ્લત, પેજ : ૧૧૬)*

### ★ ખ્વાબમાં દીનની તબ્લીગ ★

એક શખ્સનો બનાવ છે કે હું નાની ઉમરમાં નમાઝની સાથે કેટલાક વઝીફાઓનો પણ પાબંદ હતો. દોસ્તોના આગ્રહ પર એકવાર તરાવીહ પછી સીનેમા જોવા ચાલ્યો ગયો. પરત થયા બાદ સૂતો તો ખ્વાબમાં બે માણસો મારી પાસે આવ્યા અને કહ્યું, તમને ફલાણી જગાએ બોલાવવામાં આવ્યો છે. બંનેવ મને લઈને એવી જગાએ પહોંચ્યા કે ત્યાંથી નજર પહોંચે ત્યાં સુધી કાંટાળુ જંગલ હતું. ઈશારો કરતાં તે બંનેવ બોલ્યા કે આ મકાનમાં જાવ ! આવું કહીને એટલા જોરથી ધક્કો માર્યો કે હું અથડાતો પછડાતો તે મકાનની અંદર પહોંચી ગયો. રૂમમાં એક બુઝુર્ગ બેઠેલા હતા. માથુ નીચે કરીને હાથમાંની લાકડી વડે દીવાલની તરફ ઈશારો કરતાં ફર્માવ્યું, "વઝીફાનો આ જ અસર છે !" મેં દીવાલની તરફ જોયું તો સીનેમાની તસ્વીરો જોવા મળી. હવે તે લાકડી વડે મને મારવા લાગ્યા. હું માર ખાનારાઓની જેમ આમતેમ ભાગતો રહ્યો. ઊંઘ ઉડી તો જોયું કે બિસ્તર એ જ પ્રમાણે સમેટાયેલું છે જે રીતે હું મારા ખ્વાબમાં આમતેમ ભાગતો રહ્યો હતો. એક મુદ્દત પછી એક જલસામાં પહોંચ્યો અને હાફિઝે મિલ્લત પર નજર પડી તો ખ્વાબનો આખો મન્ઝર મારી નજરો સમક્ષ આવી ગયો. જલસા પછી એકાંતમાં મારો ખ્વાબ વર્ણવીને સિલસિલામાં દાખલ થવાની દરખાસ્ત કરી અને આપનો મુરીદ તથા તાબેદાર થઈ ગયો. *(મઆરિફે હાફિઝે મિલ્લત, પેજ : ૧૦૯)*

### ★ નમાઝમાં એકાગ્રતા ★

મુબારકપુરના રહેવાસી એક હાજી સાહબ હઝરતની ખિદમતમાં હાજર થઈને અર્ઝ કરવા લાગ્યા, હુઝૂર ! નમાઝમાં વિચારો આવ્યા કરે છે. ખૂબ જ કોશિશ કરું છું કે નમાઝમાં એકાગ્રતા રહે પણ નથી થઈ શકતું. ઈર્શાદ ફર્માવ્યું, હાજી સાહબ! "જે કાંઈ નમાઝમાં પઢો તે તમારા કાનથી પઢવાનો અવાજ સાંભળતા રહો." હાજી સાહબ ફરી કોઈ બીજા પ્રસંગે હાજર થયા અને અર્ઝ કરી, હુઝૂરના બતાવ્યા પ્રમાણે અમલ કર્યો તો હવે નમાઝમાં એકાગ્રતા રહે છે અને વિચારો દખલ નથી કરતા. *(ઉપર મુજબ, પેજ : ૧૧૫)*

### ★ ચિંતન તથા અમલની સુધારણા મલ્ફૂઝાતે હાફિઝે મિલ્લતની રોશનીમાં ★

જેમણે હાફિઝે મિલ્લત رحمۃ اللہ علیہની સોહબત અપનાવી છે તેમને સારી પેઠે માલૂમ છે કે તે કેટલા પ્રમાણમાં ખામોશ તબીઅતવાળા હતા. જ્યારે કદીક બોલતા તો માપેલી તોલેલી વાત બોલતા. આપનાં કેટલાક સોનેરી કથનો રજૂ કરવામાં આવે છે જે ખૂબ જ અર્થસભર અને જિંદગીમાં ક્રાંતિ ખડી કરનારાં છે : (૧) જિંદગી નામ છે કામનું અને બેકારી મૌત છે. (૨) જમીનીનુ ઉપર કામ જમીનની નીચે આરામ. (૩) મારી નજીક દરેક વિરોધનો જવાબ કામ છે. (૪) સમયનો વ્યય સૌથી મોટી મહેરૂમી છે. (૫) જિમ્મેદારીનો અહેસાસ સૌથી મહામૂલ્ય મૂડી છે. (૬) કામના માણસ બનો, કામ જ માણસને ઈજ્જતદાર બનાવે છે. (૭) ખુદાથી ડરનારો કોઈનાથી નથી ડરતો. (૮) ઈત્તેફાક (એક્તા) જિંદગી છે, ઈખ્તેલાફ (મતભેદ) મૌત છે. (૯) કામ દુનિયાનું હોય કે દીનનું સોહબત પર આધારિત છે. (૧૦) કામયાબ તાલિબે ઈલ્મ તે છે જે ઉસ્તાદથી ઈલ્મની સાથોસાથ અમલ પણ શીખે છે. (૧૧) જિંદગી તે છે જે કોઈ બીજાના કામ આવી શકે. (૧૨) તવક્કુલ જ તવક્કુલ છે. *(હયાતે હાફિઝે મિલ્લત, પેજ : ૭૬૬ થી ૭૬૮) –(કન્ઝુલ ઈમાન મંથલી, એપ્રિલ–૨૦૧૩)*

## બરકાતે ખ્વાજાની ટપાલ... કાર્યાલય

### ★ બાદશાહી મસ્જિદમાં સંદલ શરીફ ★

**ભરૂચ** : દર વર્ષની જેમ આ વરસે પણ શહેરની મશ્હૂર બાદશાહી મસ્જિદ જે ચાર રસ્તા ફુરજા રોડ ઉપર આવેલી છે તેમાં આરામ ફર્માવી રહેલ હઝરત સૈયદ શૈખ સાલાર સાલેહ رحمۃ اللہ علیہનો તા. ૪–૩–૨૦૧૩ બરોજ સોમવાર બાદ નમાઝે ઈશા સંદલ શરીફનો જશ્ન મનાવવામાં આવ્યો. કુર્આનખ્વાની અને નઅત શરીફનો શાનદાર પ્રોગ્રામ રાખવામાં આવ્યો. ત્યાર બાદ આસ્તાનાએ શૈખ સાલાર સાલેહ رحمۃ اللہ علیہ પર સંદલ શરીફ અને ચાદરપોશી બાદ સલાતો સલામ તથા દુઆએ ખૈર કરવામાં આવી. ત્યારબાદ નઝરો ન્યાઝ પેશ કરવામાં આવી. આ આયોજન બાદશાહી મસ્જિદના ટ્રસ્ટી હઝરાત દ્વારા કરવામાં આવ્યું. આ સંદલ શરીફમાં મોટી સંખ્યામાં સુન્ની બિરાદરોએ હાજરી આપી. *રજૂકર્તા : શૈખ મુહમ્મદ નકીબ–ભરૂચ*

**જુનાગઢ** : સુન્ની બોરવાડ યંગ ગ્રુપ દ્વારા સુન્ની બોરવાડ મસ્જિદ પાસે હુઝૂર પીરાને પીર رحمۃ اللہ علیہની યાદમાં તા. ૨૭–૨–૨૦૧૩, બુધવારે રાત્રે જુનાગઢ ખાનકાહે રઝવિય્યાના ગાદીનશીન પીરે તરીકત, ગુલઝાર અહમદ સાહબ નૂરી રઝવીની સદારતમાં શાનદાર જલ્સાનું આયોજન કરવામાં આવેલ જેમાં રાત્રે ઈશાની નમાઝ બાદ ગુજરાતના મશ્હૂર આલિમ હઝરત મૌલાના અલ્હાજ કારી હબીબુલ્લાહ સાહબ–નડીયાદ તથા જુનાગઢ દારુલ ઉલૂમ અન્વારે મુસ્તફાના મુફ્તી હઝરત હસીબુર્રહમાન સાહબે શાનદાર તકરીર ફર્માવી હતી તેમજ બુલબુલે બાગે મદીના કારી અંજુમ રઝા સાહબ તથા કારી વસીમ રઝા સાહબ–જુનાગઢ તેમના મધુર કંઠે નઅતે રસૂલ તથા મન્કબત પેશ કરેલ. આ જલ્સામાં જુનાગઢના ઉલમાએ કિરામે ખાસ હાજરી આપી હતી. *–આરીફ રઝવી (જુનાગઢ)*

### ★ બરકાતે ખ્વાજા ગમ્યું ! ★

**અલીઆબાડા** : (જિ. જામનગર)થી "બરકાતે ખ્વાજા" (માસિક)ના ચાહક વડીલ જનાબ દાઊદભાઈ નૂર મુહમ્મદ રઝવી લખે છે, આપનું બરકાતે ખ્વાજા ફેબ્રુ. ૨૦૧૩નું મળ્યુ, વાંચી બહુ જ ખુશી થઈ. આવુ નીડર માસિક મળવું મુશ્કેલ છે તે બદલ આપને મુબારકબાદી આપુ છું. તંત્રી લેખ ખૂબ જ પસંદ પડેલ છે જેમાં મનુબરી તથા ભડકોદ્રવી દેવબંદીઓને જે જડબાતોડ જવાબ આપેલ છે, તેમની પોલ ખોલેલ છે કે જેઓ સુન્ની મસ્જિદોમાં પત્રિકાઓ મોકલીને સુન્નઓના ઈમાન લૂટવા ચાહે છે... *–(દાઊદ નૂર મામદ રઝવી–અલીઆબાડા)*

**ઢસા જંકશન** : (તા. લાઠી, જિ. અમરેલી)થી ગનીભાઈ લતીફભાઈ લખે છે : જનાબ તંત્રી સાહેબ બરકાતે ખ્વાજા ! સલામ મસ્નૂન બાદ, ડિસેમ્બર–૧૨નો અંક મળી ગયો છે. આવતાં જ વંચાય પણ ગયો છે. જે હદીષો વાંચી તથા મુસલમાનોને જે સ્પષ્ટ ખુલ્લા શબ્દોમાં સૂચનો આપ્યાં છે તેનાથી ખૂબ જ જાણવા મળ્યું છે. ઘણા દીની માસિક અંકો આવે છે પણ હજુ સુધી આટલી છૂટથી નીડરતાપૂર્વક કોઈ અંકમાં લખાણ નથી આવતું. મો'મિનની ઓળખ સંબંધે કુર્આન હદીષના હવાલાથી લખાણ આપ્યું છે. *–(ગનીભાઈ લતીફભાઈ : ઢસા, પ્રમુખ : મોઢુકા મેમન જમાત)*

**દયાદરા** : મુકામે જનાબ રૂસ્તમભાઈ દેસાઈનાં વાલિદા આયશા ગુલામ દેસાઈનો ૧૦ રબીઉલ આખર હિ.સ. ૧૪૩૪, તા. ૨૧–૨–૨૦૧૩ જુમેરાતે ઈન્તેકાલ થયો. રબ્બેકરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકામાં મહૂર્માની કરવટ કરવટ મગફિરત ફર્માવે. જન્નતમાં આ'લા મકામ અતા કરે. કુટુંબીજનોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ ખાતે કુર્આન ખ્વાની કરાવી મર્હૂમા માટે મગફેરતની દુઆ કરવામાં આવી હતી.

## ★ "બરકાતે ખ્વાજા"ના ગ્રાહકો વધારો ! ★

પ્યારા દીની સુન્ની ભાઈઓ ! બહેનો ! બરકાતે ખ્વાજા (માસિક) અહલે સુન્નત વ જમાઅતના મઝહબે હક્કનુ મસ્લકે આ'લા હઝરતનું ડંકાની ચોટ પર એલાન કરે છે તથા બાતિલ ફિર્કાઓની સચોટ રદ કુર્આન હદીષથી કરે છે તથા ગુનાહોથી પ્રદૂષિત થઈ રહેલી દુનિયામાં ગુનાહોથી પાક સાફ રહેવાની ઈસ્લાહ સંબંધે અસરકારક લેખો પીરસીને નવયુવાનોને ઈસ્લામ પ્રતિ આકર્ષી રહેલ છે. જે દરેક ઘર કુટુંબમાં વંચાવુ આપને જરૂરી જણાતું હોય તો દીનો સુન્નિયતની રક્ષા કાજે અલ્લાહને રાજી કરવાની નિય્યતે તમારા સર્કલ, સગાં, મિત્રોમાં તેના ફેલાવા માટે ગ્રાહકો કરીને મોકલાવો. **આશ્ચર્યની તથા અફસોસની વાત છે કે ગુજરાતમાં લાખો સુન્નીઓ છે જેમાંથી અમુક હજાર જ કોપી "બરકાતે ખ્વાજા (માસિક)ની તથા અન્ય સુન્ની માસિકોની પ્રસિધ્ધ થાય છે !** તો દીન તથા સુન્નિયતના ઈલ્મથી દૂર રહેનારાઓને સમજાવીને ગંભીરતાપણે આ બરકતવંતી બરકાતે ખ્વાજા (માસિક)ની બરકતોને વહેંચવા તનતોડ કોશિશ કરો ! **દરેક ગ્રાહક કેવળ બે બે કે ત્રણ ત્રણ ગ્રાહકો કરીને મોકલે તો પણ ડબલ કે ત્રણ ગણા ગ્રાહકો થઈ શકે છે અને આ કામ મુશ્કેલ પણ નથી !** તો આજીજીભરી અપીલ છે કે થોડીક તકલીફ સુન્નિયતની રક્ષા કાજે ઉઠાવશો. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*


**સુન્ની મુસ્લિમ ઓન લાઈન મેરેજ બ્યુરો**

**શું આપ લગ્ન અંગે વિચારી રહ્યા છો ?**

રજીસ્ટ્રેશન ફ્રી !

તો સરળ અને બહોળી પસંદગી ફક્ત આંગળીની ક્લીક ઉપર તો લોગ ઈન કરો :–

**www.sunnimuslimshaadi.com**

***ચેતવણી** : મેરેજ બ્યૂરોની જાહેરાતોમાં સામાપક્ષે સુન્ની હોવાની ખાત્રી તાકીદે જાતે કરી લેવી. –તંત્રી*

# કાયનાત ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ

**સ્પેશ્યલ કાશ્મીર પ્રવાસ**

આયોજિત જમવા રહેવા સાથે

**બસ ઉપડવાની તારીખ : ૨૩/૫/૨૦૧૩, રાત્રે : ૧૦.૦૦ વાગ્યે.**

**પ્રવાસના સ્થળો : સાથે ઉદેપૂર (મસ્તાનબાવા), કપાસણ, અજમેર, નાગોર, અમૃતસર, શ્રીનગર, સોનમર્ગ, ગુલમર્ગ, પહેલગાંવ, સરહીંદ શરીફ, કલિયર શરીફ, હરિદ્વાર, મસૂરી, દિલ્હી, આગ્રા, ફતેપુર–સીક્રી, જયપુર, મીરાદાતર પરત ધોળકા**

| આખી ટીકીટ | અડધી ટીકીટ | પ્રવાસ દિવસ |
|---|---|---|
| રૂા. ૯,૫૦૧/– | રૂા. ૫,૦૦૧/– | ૧૮ |

**બસ ઉપડવાનું સ્થળ :** તાલુકા પંચાયત સ્ટાફ ક્વાટર્સ પાસે, બેગા ટેકરી, ધોળકા

**આયોજક : શરીફખાન પઠાણ મો. ૯૮૨૪૪૭૮૧૧૬, ૯૭૨૪૬૫૯૮૫૩, ૯૪૦૯૨૪૫૧૨૨**

**નોંધ :** **૧.** ગાઈડ ખર્ચ, યાત્રી વેરો કે અન્ય ભરવાની થતી ફી રૂા. ૧૫૦ પેસેન્જરના શીરે રહેશે. **૨.** તા. ૨૯/૫/૧૩ અને ૩/૬/૧૩ના રોજ સ્વખર્ચે સવારે ચા પીવાની રહેશે. **૩.** તા. ૧૦/૬/૨૦૧૩ના રોજ સવારની ચા તેમજ એક ટાઈમ જમવાનું સ્વખર્ચે રહેશે. **૪.** રૂા. ૨૫૦૧ એડવાન્સ ભરી આપની મનપસંદ શીટ બુક કરાવો. **૫.** બેંક/એલ. આઈ.સી. અને જી.આઈ.સી.ના કર્મચારીશ્રીઓને એલ.ટી.સ. મળશે. **૬.** એલ.ટી.સી. મેળવનારે રૂા. ૧૦૦૦/– અલગથી ભરવાના રહેશે. **૭.** હરિદ્વારથી મસૂરી સ્વખર્ચે જવાનું રહેશે. મસૂરી પ્રવાસ દરમિયાન એક ટાઈમ સ્વખર્ચે જમવાનું રહેશે.

## ★ ધોરાજીમાં સુન્ની ઈજતેમા ★

**ધોરાજી** : ખાતે મેરેજ હોલમાં તા. ૧૦–૩–૨૦૧૩ના રોજ સુન્ની દાવતે ઈસ્લામીનો શાનદાર સુન્ની ઈજતેમા યોજાયો જેમાં ઝહોરથી મગરિબ સુધી બહેનો માટે ઈજતેમા થયો જેમાં પર્દાની વ્યવસ્થા સાથે નઅતે પાક તથા ઔરતોની ઈસ્લાહ સંબંધે બુલબલે બાગે મદીના અલ્હાજ ક઼ારી રિઝવાનખાન સાહબે અસરકારક બયાન તથા તર્બિયત કરી હતી. મગરિબથી ૧૧ વાગ્યા સુધી મર્દોનો ઈજતેમા યોજાયો જેમાં પણ ક઼ારી રિઝવાન સાહબે નિઝામતની સાથે નઅતે પાક તથા તર્બિયત, નમાઝના મસાઈલ, તરીક઼ો તથા સુન્નતો વિશે અખ્લાક઼ના સંબંધી અન્ય મસાઈલ શીખવાડયા હતા. ઈશા બાદ હઝરત મૌલાના ગુલામ ગૌષ અલ્વી (ધોરાજી) સાહબે તાઝીમે આલે રસૂલ પર અસરકારક મુદલ્લલ બયાન કર્યું હતું છેવટમાં અમીરે સુન્ની દાવતે ઈસ્લામી હઝરત મૌલાના મુહમ્મદ શાકિર નૂરી રઝવીએ પોતાના અનોખા અંદાઝમાં દિલ પીગળાવનાર બયાન કર્યું હતું. ઝિક્ર, દુઆ, સલાતો સલાત સાથે ઈજતેમા સંપન્ન થયો હતો.

## ★ ચાલો થામ ! મેહફિલે સમાએ નઅત ! ★

**થામ** : તા. ૫–૪–૨૦૧૩ જુમ્આની રાત્રે ઈશાની નમાઝ બાદ જનાબ મુફ્તી મોહસિન ઈબ્રાહીમ પટેલની શાદીના પ્રસંગે "મેહફિલે નઅત"નો શાનદાર જશ્ન થશે જેમાં બુલબુલે બાગે મદીના અલ્હાજ ક઼ારી રિઝવાન સાહબ મુંબઈ (મુબલ્લિગે સુન્ની દાવતે ઈસ્લામી) તશરીફ લાવી નઅતોના ગુલદસ્તા પેશ કરશે તો હાજરી આપી મહબ્બતે રસૂલની ખુશ્બુથી દિલોને મહેકાવવા તશરીફ લાવશે.

## અલ્લાહ જઝાએ ખૈર અતા કરે !

### દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા-આમોદ ઠે. જંબુસર રોડ, (જિ. ભરૂચ) ખાતે

★ **જનાબ હાજી ઈસ્માઈલ માસ્તર હવેલીવાલા** તથા **જનાબ ફારૂક઼ભાણા (દયાદરા)** તરફથી વોટર કુલર ૧૨૦ લિટર દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજાના તલબા, ઉલ્મા, ઉસ્તાદો તથા મસ્જિદે રઝાના મુક્તદીઓ વગેરે માટે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા (આમોદ)**માં વોટર કુલર (૧૨૦ લિટર) લિલ્લાહ અર્પણ કર્યું છે. જઝાકલ્લાહ ! અલ્લાહ તઆલા તેઓના આ સવાબે જારીઆ કામને તેના પ્યારા હબીબ ﷺના સદક઼ામાં ક઼બૂલ ફર્માવે અને બંને જહાનની નેઅમતોથી નવાઝે. (આમીન)

★ **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા (આમોદ)** ખાતે **જનાબ હાજી ઈબ્રાહીમભાઈ જીવા દયાદરાવાલા (બોલ્ટન)** તરફથી પાણીની સગવડ માટે બોરીંગ કરી આપવામાં આવ્યું છે. તેમજ **મૌલાના ઈકબાલ મિસ્બાહી વોરાસમનીવાલા** તરફથી એક અન્ય સ્થળે બોરીંગ કામ માટે રૂા. ૧૨,૦૦૦/– રોકડા મળ્યા છે. જઝાકલ્લાહ ! અલ્લાહ તઆલા તેઓના આ સવાબે જારીઆ કામને તેના પ્યારા હબીબ ﷺના સદક઼ામાં ક઼બૂલ ફર્માવે અને બંને જહાનની નેઅમતોથી નવાઝે. (આમીન)

## સુન્ની મેરેજ બ્યૂરો કોર્નર

૧. **મેમણ આલિમ યુવાન** : જ.તા. ૧૨–૯–૧૯૮૬, એજ્યુ. ૧૨ પાસ તથા અશ્રફિયાથી આલિમ ફાઝિલ માટે નેક બાઅખ્લાક઼ આલિમા પસંદી પાત્ર. (ખંભાત તરફ) સંપર્ક મો. નં. : ૯૮૯૮૫૦૩૧૮૩

**નોંધ : વધુ માટે 'બરકાતે ખ્વાજા' (માસિક)–કાર્યાલય**નો સંપર્ક કરો, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧